SMT. HANSA MEHTA LIBRARY
The M... University
Ca 7 CB
63
.C5D8 G. 12239

કવિ ખુશાલીરામ ચ... ગ્રંથ.

# દુનિયાની બાલ્યાવસ્થા

પ્રાચીન કાળની

## મનુષ્ય જાતિનું સાદું વર્ણન.

રચનાર

એડવર્ડ ક્લોડ, એફ. આર. એ. એસ.

ભાષાન્તર કરનાર

મણિલાલ દલપતરામ પરેખ,

પ્રસ્તાવિક બોધ તથા છુપી પોલિસના કર્તા.

પ્રસિદ્ધ કર્તા.

ગુજરાત વર્નાક્યુલર સોસાઈટી.

અમદાવાદ.

સર્વ હક્ક ગુજરાત વર્નાક્યુલર સોસાઈટીએ સ્વાધીન રાખ્યા છે.

અમદાવાદ—"સરસ્વતી પ્રિન્ટિંગ પ્રેસ."

સંવત ૧૯૫૨. સન ૧૮૯૬.

કિમ્મત ૩ આના.

PURCHASED
Date 23-10-59.
Initial
G122391
Rs. 0-2-9
122819
R 0-2-9
7CB
63
.C5D8
SMT. HANSA MEHTA LIBRARY. BARODA.
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY.


## ભાષાન્તર વિષયક પ્રસ્તાવના.

જે મૂળ ગ્રંથ ઉપરથી મેં ભાષાન્તર કર્યું છે તેના ગુણ દોષ સંબંધી તુલના કરવાની ફરજ મારી નથી; પણ મૂળ ગ્રંથનો અભિપ્રાય બનતે પ્રયત્ને જાળવીને તે ગુર્જર વાચક વર્ગ આગળ તુલના થવા નિવેદન કરવો એજ મારૂં કર્તવ્ય છે.

ભાષાન્તર કર્ત્તા તરીકેની મારી ફરજ અદા કરવામાં હું સંપૂર્ણ રીતે ફતેહ મેળવી શક્યો હોઇશ એમ તો હું પણ માની શકતો નથી; કેમકે જે સ્વતંત્રતા મૂળ ગ્રંથકારને વિચાર અને ભાષાનું સંયોજન કરવામાં હોય છે તે સ્વતંત્રતા મને ભાષાન્તર કરનારને હોવી સંભવતીજ નથી; તેમજ સ્વાભાવિક રીતે મૂલ-કર્ત્તા જેવોજ બુદ્ધિ પ્રભાવ નહીં છતાં ભાષાન્તર કર્ત્તાને તદ્વત્ માનસિક વેશ ધારણ કરીને મૂળ આશય પ્રદર્શિત કરવાની વિષમ સ્થિતિમાં રહી કામ કરવાની પ્રતિજ્ઞા પ્રમાણે વર્ત્તવું પડે છે. દેશ અને કાલ વગેરેને અનુસરી હમેશાં ભાષા અને વિચાર વચ્ચે પરસ્પર યોગ્યતામાં પ્રત્યેક ભાષા પરત્વે ભિન્નતા નૈસર્ગિક રીતે રહેલી હોય છે. તેથી સહૃદય

ભાષાન્તર કર્ત્તાનુ કામ સામાન્ય વિદ્વાન અથવા સાધારણ દુભાશીઆ કરતાં ઘણેજ અંશે દુર્ઘટ છે; તેથી ત્વવકી વાચક વર્ગ તરફથી કેવળ દોષ શોધક બુદ્ધ કરતાં કાંઈક કરૂણાની આશા રાખું તો તે અયોગ્ય ગણાશે નહીં.

છેલ્લે આ ભાષાંતર જેમ બને તેમ સરળ, શુદ્ધ અને રસમય કરવામાં સાક્ષર રા. રા. રમણભાઈ મહીપતરામ નીલકંઠ અમદાવાદની ડિસ્ટ્રિક્ટ કોર્ટના સિરસ્તેદાર સાહેબે જે કીમતી સહાય મને આપી છે તે માટે તેઉ સાહેબનો ઉપકાર માનવનું મારે વિસરવું નહીં જોઇએ.

અમદાવાદ.
તા. ૫-૧-૯૬

અ. દ. પટેલ.
ભાષાન્તર કર્તા.

---

## ઉપોદ્ઘાત.

—*—

કવિ બુલાખીરામ ચકુભાઇ ગુજરી ગયા તેમના સ્મારક માટે તેમના મિત્રોએ રૂ. ૧૭૫ એકઠા કર્યા હતા. તે સ્મારકફંડના સેક્રેટરી રાજશ્રી પુરૂશોત્તમ કહાનજી ગાંધીએ લીમડીથી તા. ૮ મી ડીસેંબર સન ૧૮૯૨ ને રોજ રૂ. ૧૭૫ સોસાઇટીને એવી શરતથી આપ્યા છે કે “સદરહુ રકમમાંથી રૂ ૧૦૦ અને રૂ ૭૫ ઇનામ આપી સોસાઇટીને પસંદ પડે તે વિષય ઉપર બે પુસ્તકો રચાવવાં તે પુસ્તકો ઉપર સર્વ પ્રકારનો હક સોસાઇટીએ સ્વાધીન રાખવો અને પુસ્તક ઉપર મરહુમ કવિ બુલાખીરામ ચકુભાઇ સ્મારકમાંથી ઇનામ આપી રચાવવામાં આવ્યું છે એમ પ્રસિદ્ધ કરવું.” તેમાંથી આ પુસ્તક રૂ ૭૫ ઇનામ આપી રચાવ્યું છે.

તા. ૭-૧-૯૬.

# ભાગ પહેલો.


વિષય. પૃષ્ટ.

૧ ઉપોદ્ઘાત. ... ... ... ... ... ... ...૫

૨ માણસની પહેલી તંગીઓ.... ... ... ...૧૫

૩ માણસના પ્રથમનાં હથીઆરો ... ... ...૧૯

૪ અગ્નિ ... ... ... ... ... ... ... ...૨૬

૫ પાક અને પાકનાં પાત્ર ... ... ... ...૨૭

૬ રહેવાનાં ઘર.... ... ... ... ... ... ...૨૮

૭ ધાતુઓનો ઉપયોગ ... ... ... ... ...૩૧

૮ પૃથ્વી ઉપર માણસોના લાંબા કાળનું અસ્તિત્વ ... ... ... ... ... ... ...૩૮

૯ માણસો ભરવાડ ખેડુત અને વ્હેપારી તરીકે કામ કરવા લાગ્યા તે જમાનો ... ... ...૪૩

૧૦ ભાષા ... ... ... ... ... ... ... ...૪૮

૧૧ લેખન ... ... ... ... ... ... ... ...૫૫

૧૨ ગણત્રી... ... ... ... ... ... ... ...૫૭

૧૩ પોતાનું અસલ રહેઠાણ છોડીને માણસ જાતનું બીજી જગોએ ભ્રમણ... ... ... ...૬૦

૧૪ દરેક બાબતમાં માણસની ઉન્નતિ ... ...૬૪

૧૫ પ્રજાઓનો ક્ષય ... ... ... ... ... ...૬૬




# ભાગ બીજો.


૧૬ ઉપોદ્ઘાત ... ... ... ... ... ...૭૧

૧૭ માણસના પ્રથમ પ્રશ્નો... ... ... ...૭૪

૧૮ પુરાણ કથાઓ...... ... ... ... ...૭૮

૧૯ સૂર્ય તથા ચંદ્ર વિષે પુરાણ કથાઓ... ...૮૦

૨૦ ગ્રહણ વિષેની પુરાણ કથાઓ......... ...૮૨

૨૧ તારા વિષે પુરાણ કથાઓ........... ...૮૪

૨૨ પૃથ્વી તથા માણસ વિષે પુરાણ કથાઓ...૮૮

૨૩ આત્મા વિષે માણસના વિચાર ...........૯૦

૨૪ જાદુ તથા પિશાચ વિદ્યામાં લોકોની શ્રદ્ધા...૯૪

૨૫ અદ્રશ્ય વિષે માણસનો ડર...............૯૭

૨૬ નિર્જીવ પદાર્થની ઉપાસના..............૧૦૦

૨૭ મૂર્તિ પૂજા..........................૧૦૩

૨૮ સૃષ્ટિ પૂજા..........................૧૦૪

૧ જળ પૂજા.........................૧૦૫

૨ વૃક્ષ પૂજા.........................૧૦૬

(૩) પ્રાણી પૂજા.

૨૯ અનેક દેવોમાં માણસની આસ્થા ........૧૦૯

૩૦ દ્વૈતમત અથવા બે દેવોપર શ્રદ્ધા.........૧૧૪

૩૧ પ્રાર્થના... ... ... ... ... ... ૧૧૮

૩૨ યજ્ઞ હોમ... ... ... ... ... ૧૨૦

૩૩ એકેશ્વર વાદ અથવા ફક્ત એક ઇશ્વિરપર માણસની શ્રદ્ધા... ... ... ... ૧૨૨

૩૪ અબ્રામ વિષે ત્રણ વાર્તાઓ ... ... ૧૩૦

૩૫ ભવિષ્ય સ્થિતિ (પર કાળ) વિષે મનુષ્યની શ્રદ્ધા............ ... ... ૧૩૬

૩૬ ધર્મપુસ્તકો... ... ... ... ... ...૧૪૦

૩૭ સમાપ્તિ.... ... ... ... ... ...૧૪૬


# ગ્રંથકર્તાની પ્રસ્તાવના.

જે માબાપો અને બીજાઓના હાથમાં આ પુસ્તક આવે તેમને જાણ થવા માટે અહીં ટુંકામાં કહુંછું કે પૃથ્વી ઉપર માણસ પ્રથમ ઉત્પન્ન થયો તે અજ્ઞાન સમયથી તેની ઉન્નતિ ધીમે ધીમે કેવી રીતે થઈ તે હેવાલ ઇતિહાસ્કોએ ઇતિહાસ લખવાનો આરંભ કર્યો તે કાળ સુધીનો આ પુસ્તકમાં બને તેટલી સહેલી ભાષામાં આપ્યો છે. આવા વિષયમાં શરૂઆત કરવા માટે આવું પુસ્તક ન હોવાથી આ પ્રયાસ કર્યો છે. પછીના કાળના માણસનો ઇતિહાસ કેવો થયો છે તે વિષયની કોઈ પણ શાખાનો અભ્યાસ શરૂકરતા પહેલાં માણસની પુરાતનકાલમાં કેવી અવસ્થા હતી એ જાણવું જરૂરનું છે એ વાતતો સ્પષ્ટ છે. પણ આપણા ધ્યાનમાં રાખવું જોઈએ કે પુરાતનકાલના આ જ્ઞાનનાં સાધન થોડા વર્ષ થયાં મળ્યાં છે, અને નિશાળોમાં આ બાબતમાં નહીં જેટલુંજ શીખવાય છે. જુદી જુદી પ્રજાઓ જંગલી અવસ્થામાંથી જુદી જુદી ઝડપવાળી ગતિથી

નિકળી સુધારવામાં આવી તે ઉન્નતિનો માર્ગ સ્પષ્ટ રીતે સોધી કાઢવામાં આવે છે, અને પદાર્થવિજ્ઞા-નશાસ્ત્રીઓની ધીરજ અને સંભાળવાળી શોધોથી-જ આ સારૂ પરિણામ થયું છે. પૂર્વકાળનો મનઃ ક-લ્પિત ઇતિહાસ પહેલાં જે આપવામાં આવતો હતો તેમાં એવી કલ્પિત ધારણાઓ હતી કે ઈતિહાસનો વિષય અધુરોજ રહે, પણ ઉપર કહેલા વિદ્વાનોના શુભ પ્રયાસથી ઇતિહાસમાં હવે પૂર્ણતા આવવા માંડી છે.

અનુક્રમણિકાપરથી જણાશે કે આ પુસ્તકના પ્રથમ ભાગમાં જડ પદાર્થો સંબંધે માણસે કેવો સુધારો કર્યો તે વર્ણવેલું છે, અને બીજા ભાગમાં ધાર્મિક મતની અધમ અવસ્થામાંથી નિકળી ઉંચી અવસ્થામાં તે શીરીતે આવ્યો તે સમજાવવાનો પ્રયત્ન કરેલો છે.

આ પુસ્તક લખેલું છે તો બાળકોને માટે, પણ મને આશા છે કે પ્રૌઢજનોને પણ જો આ પુસ્તકની સાદી શૈલીમાં કાંઈ વાંધો નહીં જણાયતો તેમાંથી પુરાતન મનુષ્ય વિષે જાણવા જોગ અને રસિક માહિતી મળશે.

આવી જાતના પુસ્તકમાં પાનેપાને ફુટ નોટો આ



આધાર દર્શાવવા એ ઠીક નથી, તેથી તેમ કર્યું નથી. પણ મૂળગ્રંથોમાંથી ખાતરી કર્યા પછીજ તેમને આધારે લખેલી વાતો અહીં દાખલ કરેલી છે. ટાઈલિર લબક, નીલ્સન, વોલ્ટઝ અને બીજા મનુષ્ય જાતિ શાસ્ત્ર લેખકોના પુસ્તકોમાં ઘણી ખરી આવી બાબતો જડશે અને તેમનો હું ઘણો આભારી છું.

મનુષ્યની ઉન્નતિના અનેક વિષયોમાંથી દરેકનુ મેં બહુજ જુજ વર્ણન આ પુસ્તકમાં કર્યું છે તે વાત મારા લક્ષમાંથી ખસી ગઈ નથી, પરંતુ થોડામાં મોટા વિષયનો સમાવેશ કરવાનો પ્રયત્ન કરતાં મે એટલી સંભાળતો રાખીજ છે કે વૃતાંતનુ સંધાણ બનતા સુધી તુટે નહીં.

લંડન.

ડીસેંબર ૧૮૭૩.

# દુનિયાની બાલ્યાવસ્થા.

## ભાગ પહેલો.

### ઉપોદ્ઘાત.

આ વિશાળ દુનિયામાં દરેક વસ્તુનો ઇતિહાસ હોય છે. એટલે દરેક વસ્તુ કેવી હતી અને હાલ જે સ્થિતિમાં છે તે સ્થિતિમાં કેવી રીતે આવી તે બાબત શોધી કાઢવાનું અગર વિવેચન કરવાનું કાંઈ કાંઈ પણ હોય છે ખરૂં.

તમને જે બધી મનોરંજક અદ્ભુત વાતો કહેવામાં આવી છે ને તે તમને જેવી વિચિત્ર લાગે છે તે કરતાં પણ વિચિત્ર ઇતિહાસ રસ્તામાં અગર વાડીની આજુ બાજુએ પડેલા નાનામાં નાના પથરા વિષે પણ ચતુર માણસોએ અણહદ મહેનત લેઈ ખોળી કાઢયો છે.

નિર્જીવ પથરા અને બીજી ઘણી ચીજો જે બોલી શકતી નથી, તે વીષે જો આ વાત ખરી હોય તો

તમારે એમ માનવું કે કેટલીક સજીવ વસ્તુ વિષે વધારે અજાયબી ભરેલો ઇતિહાસ લખી શકાય.

અને જે સજીવ વસ્તુ આ દુનિયામાં સહુથી વધારે આશ્ચર્યકારક થઈ છે તેનો ઇતિહાસ મારે તમને કેહેવો છે. તમે કદાચ એમ ધારશો કે હજારો વર્ષ ઉપર થઇ ગએલા કોઈ વાંકડા વાળ વાળા અને મોટા દંતુશળ વાળા વિકાળ રાક્ષસનું હું વર્ણન આપવાનો હઈશ, કેમકે છોકરાંઓ અને મોટા માણસો પણ એમજ ધારે છે કે કાંઈ પણ વસ્તુ મોટી હોય ત્યારેજ તે આશ્ચર્યકારક હોય છે, પણ આ વાત ખરી નથી. મારૂં કહેવું શું છે તે હું તમને ઉદાહરણથી બતાવું છું. આફ્રિકાનું ચિમ્પાન્ઝી નામે વાંદરૂં ડાળીયો ખડકી ખડકીને જેવું તેવું ઝુંપડું બનાવે છે, તે જેવું વિચિત્ર લાગે છે તેના કરતાં મધપુડામાં છ બાજુ વાદળાં જે સુંદર મધ માંખીઓ બનાવે છે, તે વધારે વિચિત્ર લાગે છે, આપણે દુધને સારૂ ગાયો રાખીએ છીએ તેમ નાની કીડીઓ છોડવાનાં જીવડાં રાખે છે, અનેતેમને દોહે છે અને બીજી કીડીઓના બચ્ચાંને પકડીગુલામ તરીકે રાખે છે, અને તે મોટા અને સુસ્ત ગેંડા કરતાં વધારે વિચિત્ર છે. વારૂં ત્યારે, હું તમારેજ

વિષે વાત કહેવાનો છું. તમે હાલ જેવા છો અને જ્યાં છો તેવી સ્થિતિમાં તમે શી રીતે આવ્યા, તે જેટલું આપણાથી શોધી કઢાય તેટલું તમે શીખો એવી મારી ઇચ્છા છે. યાદ રાખજો, હું એમ કહેતો નથી કે તમે કેવી રીતે થયા છો અને શામાટે થયા છો તે વિષે વાત કરીએ. કારણ કે તેતો ફક્ત ઇશ્વરજ જાણે છે, અને તે ગુપ્ત ભેદ તેણે હજુ અહીંઆં કોઇને કહ્યો નથી. પણ કદાચ કોઇ સમયે આપણને બીજે સ્થળે તે એ ભેદ કહેશે.

કદાચ તમે એમ ધારતા હશો કે તમે ક્યાં છો તે બાબત અગર જે સારી વસ્તુનો તમે ઉપભોગ કરો છો તે મેળવવામાં કાંઈ વધારે નવાઈ જેવું નથી. વળી તમારા મનમાં એમ હશે કે લોકો પાસે હમેશ તે વસ્તુઓ હતીજ, અને ન હોયતો તે ફક્ત દુકાનોમાંથી ખરીદ કરવા જવું પડે છે, અને હમણાંની માફકજ આ પૃથ્વીપર માણસ જન્મ્યો ત્યારથીજ તે પોતાનું ભોજન બનાવતો આવ્યો છે, તથા તેને બરફ અને જમી રહયા પછી ફળ ફળાદિ મળતાં આવ્યાં છે, તે સારી રીતે પોશાક પહેરતો આવ્યો છે, સારા અક્ષર લખી શકતો આવ્યો છે, તેને

સુંદર ઘરમાં રહેવાનું મળી આવેલું છે, તથા તે ચિત્રિત કાચની બારીઓવાળાં ભવ્ય દેવળો બાંધતો આવ્યો છે. જો તમે આમ ધારતા હોતો તેમાં તમારી ભુલ છે. અને ખરે રસ્તે દોરી તમને એમ બતાવવાની મારી મરજી છે કે માણસ જાત એકવાર જંગલી રૂક્ષ અને પશુવત હતી, તે પોતાનો પડછાયો જોઈ બ્હી મરતી, અને વીજળીનો ચમકારો ( ભભુકો ) તથા વાદળની ગર્જના સાંભળી થરથર ધ્રુજી પડતી. તે વખતે મનુષ્યો એમ ધારતા હતા કે તે અવાજ સૂર્ય પાસેથી પલાયન કરી આવતા કોઈ ગુસ્સે થએલા ભૂતની પાંખના અથડાવાથી થાયછે, તથા ચમકાટ તેની આંખના ઝબકારાથી થાયછે. માણસને હાલ જેવા ડાહ્યા અને ચતુર જોઇએ છે તેવા થતાં હજારો વર્ષ વહી ગયાં છે.

કેમકે કાંઈ પણ વાંચતાં શિખવાને તમારે જેમ કક્કો શિખવો પડે છે તથા દિન પ્રતિ દિન વસ્તુનું જ્ઞાન મેળવ્યાથી તે, તમે મોટા થાઓ છો ત્યારે આ દુનિયામાં તમારૂં કામ કરવામાં પ્રસંગોપાત ઉપયોગી થઇ પડે છે, તેમ માણસને શિખવાની શરૂઆત કરવી પડતી હતી; અને પછી ક્રમે ક્રમે દરેક વસ્તુ શા



કામમાં આવે છે તેની માહિતગારી મેળવવી પડતી હતી.

અને અમુક ચીજ શા માટે કરવામાં આવેછે અને તે કરવાને સારામાં સારો રસ્તો કીયો છે, એ કહેનારા આપણને હાલ મળી આવે છે, તેમ તેમને કોઇ કહેનાર નહોતું. ઇશ્વરે તેને જે અકલ બક્ષેલી તે વડે આ બધી વસ્તુઓ પોતાને માટે તેને જાતે ખોળી કાઢવી પડતી હતી. અને જેમ તમને કોઇ ભારે શબ્દની જોડણી આવડતી ન હોય, તે વખત તમારે વારંવાર ગોખણપટ્ટી કરવી પડે છે, તેમ માણસને તે ચીજ જ્યાં સુધી સારી થાય નહીં ત્યાં સુધી તે ફરી ફરીને તેને બનાવવી પડતી હતી.

માણસ એકવાર જંગલી અને નગ્ન હતો, તે ધીમે ધીમે લૂગડાં પહેરતાં શિખ્યો, અને સુધર્યો, એવું માનવાને ઘણા કારણો છે. દાખલા તરીકે યૂરોપ, એશિયા, આફ્રિકા, અને અમેરિકામાં તેમાં મુખ્યત્વે કરીને યૂરોપમાં યુગના યુગ વર્ષ ઉપર માણસોને હજારો હથિયાર તથા શસ્ત્રો વાપરતાં તે મળી આવ્યાં છે, અને તે હાલમાં પૃથ્વીના જુદા જુદા ભાગમાં વસનારા જંગલી મનુષ્યો વાપરે છે તેવાં છે, ને તે જંગલી મનુષ્યોમાં પ્રથમ કોઈ પણ સુધારો થયો હોય

એવું જરા પણ ચિહ્ન જણાતું નથી.

તોફાની દરિયાની પેલીપાર તથા ઓસ્ટ્રેલિયા, બો-
ર્નિઓ, અને સિલોનના ટાપુઓની પેલી પાર ઘણે દૂર
આજ પણ એવાં જંગલી પ્રાણીઓ વસે છે, કે તે
જોતાં તે મનુષ્ય જાત છે, એવું તમારા મનમાં ભાગ્યે-
જ આવે. તે પ્રાણીઓ કાદવ કીચડથી પોતાનુ શ-
રીર ઢાંકે છે, કંદમૂળ ખાઇને રહેછે, અને નઠારાં ઝું-
પડાંમાં અગર જંગલમાં ઝાડ તળે પડી રહે છે, તેથી
તે મનુષ્યના આકારમાં જંગલી પ્રાણીઓ હશે એમ
તમારા મનમાં નક્કી ખાતરી થાય. "જંગલી" માણ-
સ એટલે જે માણસ જંગલમાં રહેતા હોય તે. પ્ર-
થમના માણસો શી રીતે રહેતાં તે કહેવાને, જુદા
જુદા દેશના ઇતિહાસ શરૂ થાય છે તે પહેલાં પણ
ઘણા વર્ષ ઉપરની વાત તરફ તમારૂં ધ્યાન મારે ખેં-
ચવું પડશે; કેમકે પોતાની મેળે ઇતિહાસ લખવામાં
તથા આપણી પેઠે હળીમળીને પ્રજા થઈ એકઠાં ર-
હેતાં શિખવામાં કુશળ થતાં પહેલાં માણસને શિખવું
પડતું હતું. ઘણા સૈકા સુધી, તેઓ પોતે આ દુનિ-
યામાં હતા તે જણાવવાને હથીઆરો, ભાગ્યાં તૂટયાં
વાસણો અથવા હાડકાનું કોતર કામ જેનુ હું હમ-



ણાં ધ્યાન આપવાનો છું, તે સિવાય બીજાં કાંઈ
પણ ચિહ્ન તેઓ મૂકી ગયા નથી.

વળી નોર્મન કોંકવેસ્ટ થઈ તે વખતની પહેલાં
અને આ ઇંગ્લાંડ જે વખતે બ્રીટનના નામથી ઓળ-
ખાતું, અને તેમાં જંગલી લોકો કાદવ કીચડનાં ઝું-
પડામાં રહેતાં, ફળ ફળાદી તથા જંગલી પ્રાણીઓનું
ભક્ષ કરી દિવસ નિર્ગમન કરતા, તથા એક જાતના
છોડવાના આસમાની રંગના રસથી પોતાનું શરીર રં-
ગતા, તથા ઝાડ સૂર્ય અને ચંદ્રની પૂજા કરતા તે
વખતની પણ પહેલાં, એટલે જે વખતે ઇંગ્લાંડ, અ-
ને ફ્રાન્સ વચ્ચે સમુદ્ર વ્હેતો નહોતો, તથા જે વ-
ખતે જર્મન મહાસાગર તથા ઇંગ્લિશ ચાનલ પણ
નહોતી, તે અરસામાં હું તમને લઈ જઈશ.

કારણ કે હમણા તો તમારે માનીજ લેવું જોઇ-
એ કે આ દુનીઆ પણ તેની સાથે તારા મંડળમાં
ફરતી બીજી દુનીઆની માફક ઘણી જુની છે, અને
તેમાં હમેશાં ફેરફાર થયા કરે છે. તે એટલી બધી
જુની છે કે તેના જન્મ વિષે માણસો ભિન્ન ભિન્ન
જાતના તર્ક બાંધે છે, અને જો કે આપણે વૃદ્ધ થઈ
જઈએ છીએ, અને આપણા શરીરપર કરચોળીઓ

પડી જાય છે, તોપણ આ સૃષ્ટિ તો હમેશાં તાજીને તાજી સુંદર (સૌંદર્યથી ભરપૂર) રહે છે અને સર્વ શક્તિમાન પરમેશ્વરના સ્મિતથી પૂર્ણ સૂર્ય–તેજ હમેશાં તેનાપર રમ્યાં કરે છે.

આ વાત હમણા તો તમારે માનીજ લેવાની છે, તોપણ એ વાત ખરી છે એમ તમે જ્યારે ચોપડીઓમાંથી નહીં પણ ટેકરીઓ અને ખડકો જોઇને શિખશો ત્યારે ધીમે ધીમે તમારી મેળેજ તમને ખાતરી થતી જશે.

હવે બીજી અટકળ કરવાની એ છે કે માણસ આ દુનયામાં કેટલા વર્ષથી છે? અને આપણી અટકળ ખરી છે કે કેમ તે **જાણવાનું** સાધન નથી, તો અટકળ શામાટે કરવી? આટલું આપણે જાણીએ છીએ તે બસ છે કે ભલા પરમેશ્વરે દુનિયા રચી તે પર ઘણા સારામાં સારા ને યોગ્ય વખતે માણસને મૂક્યો, અને તે કશું પણ નકામું બનાવતો નથી, પછી તે ગમેતો ખડક હો, કિંવા ઝાડ, ફૂલ, પક્ષી, અથવા માણસ કે ગમે તે હો.

પરંતુ જો કે પરમેશ્વરે માણસને પોતાની મેળે ઘણું ખોળી કાઢવાનું રાખ્યું છે, તો પણ એ કામ



કરવાને તેને હથીઆર આપવામાં આવેલાં છે. જોવાને આંખો, સાંભળવાને કાન, ચાલવાને પગ, કાંઇ પણ વસ્તુ પકડવાને હાથ–આ બધા વાંનાં માણસ ને તેના પોતાના ઉપયોગને સારૂ આપવામાં આવ્યાં છે. મન, આત્મા અથવા ચેતન એટલે જે વિચાર કરવાની શક્તિ છે તેને હું માણસ કહું છું.

આપણે તેને વિચાર કરનારો ભાગ કહીએ તો ચાલે કારણ કે મનુષ્ય શબ્દમાં બહુ જૂનો મૂળ ધાતુ મન છે તેનો અર્થ વિચાર કરવો એવો થાય છે, તેથી માણસ એટલે વિચાર કરે તે. જ્યારે વસ્તુઓ ને નામ આપવામાં આવ્યાં ત્યારે વસ્તુઓને જેથી સૌથી સારી રીતે ઓળખી શકાય તે નામ તેને માટે ઠેરવવામાં આવ્યું. પશુઓ માણસને ઘણી રીતે મળતા આવે છે, અને શ્વાસો શ્વાસ લેવાની બાબતમાં વૃક્ષો અને વનસ્પતિઓ પણ માણસને મળતાં આવે છે તે માટે તેમનાથી ભેદ બતાવવા માણસને વિચાર કરનારો પ્રાણી એવું નામ આપવામાં આવ્યું.

કેટલીક વખતે મૂળવાત મૂકીને હું શબ્દોના અર્થ સમજાવીશ. અને કોઇ દિવસ તેમને એથી ફાયદો થશે. કારણ કે વસ્તુઓના જે નામ છે તેમાં કાં-

ઈકિ કારણ રહેલું હોય છે, અને કેટલીક વખતે તે કારણ ઘણું રમણીય હોય છે, અને જે પ્રજાઓ હવે હયાત રહી નથી, તેમની ભાષાના શબ્દોથી તેમની રીત ભાત અને કૃતિઓ વિષે કેટલીકવાર ઘણું જ્ઞાન મળે છે, અને તેઓ જે નિશાનીઓ મૂકી ગયા છે તેથી એટલું જ્ઞાન કેટલીકવાર મળતું નથી.

એક બાબતમાં તો જે આગળના મનુષ્યો યૂરોપના લોકોના પૂર્વજ હતા, તે એક કાળે એશીઆમાં રહેતા હતા, તેમ એ વાત જાણવાને માટે તેમની ભાષાના શબ્દો સિવાય બીજું કાંઈ સાધન રહ્યુંજ નથી. તેઓ જે ઓજારો વાપરતા, જે ઘરોમાં રહેતા, અથવા ખડકો અથવા ઈંટોપર લખતા તેનાં કાંઇ પણ નિશાન હાથ લાગ્યાં નથી, અને તોપણ આપણે જાણીએ છીએ કે તેઓ થઈ ગયા હશે. કારણ કે જે શબ્દો તેઓ બોલતા હતા તે ઉતરતા ઉતરતા આપણી ભાષામાં આવ્યા છે, અને જુદા જુદા રૂપમાં અને જુદા જુદા અર્થમાં તે હજી આપણે વાપરીએ છીએ. તેનું હું એક તમને ઉદાહરણ આપું.

તમે જાણો છો કે કુટુંબમાં છોકરીને અંગ્રેજી



ભાષામાં ડૉટર કહે છે. ઉપર જે લોકો વિષે વાત કરી તેઓ આર્યન નામે ઓળખાય છે, અને તેમની ભાષામાં આના જેવોજ "દુહિતૃ" શબ્દ છે. અને તેનો અર્થ દોહોનારી કન્યા થાય છે, અને તે પરથી આ "ડૉટર" શબ્દ થયો છે. હવે આર્યો પોતાની છોકરીને દુહિતૃ કહેતા તે પરથી સમજાય છે કે તેઓ જંગલી અવસ્થામાંથી નિકળી વધારે સારી અવસ્થામાં આવ્યા હશે, અને દૂધ માટે બકરાં અને ગાયો રાખતા હશે. એક નાના શબ્દથી આટલું બધું જણાય છે. એજ પ્રમાણે અંગ્રેજ લોકોની આખી પ્રજા પૃથ્વીમાંથી નાબુદ થઇ ગઈ હોત, અને તેમની ભાષા સિવાય બીજાં કાંઇ નિશાન રહ્યાં ન હોત, તોપણ તે ભાષા પરથી આપણે જાણત કે અંગ્રેજની છોકરીઓ કાંતતાં શિખતી હતી, કેમકે કાળક્રમે કુંવારી સ્ત્રીઓને "સ્પિન્સ્ટર" એટલે કાંતનારી એ નામ આપવામાં આવ્યું છે.

## (૨) માણસની પહેલી તંગીઓ.

હવે મારે તમને એમ કહેવું છે કે પૃથ્વીપરના પ્રથમ માણસો જંગલી અને નગ્ન રહેતાં હતાં, આ પૃથ્વીમાં તેમના પગ તળે ઘણી દોલત દાટેલી હતી,

તેની તેમને ખબર નોહોતી અને અનાજ વાવવાનું તથા પૃથ્વીમાંથી લોઢું અને બીજી ધાતુઓ માણસ જાતના ઉપયોગમાં આવે એવી ખોદી કાઢવાનું ઘણો કાળ વિત્યા પછી તેઓ શિખ્યા.

પોતાના શરીરને સારૂ શું શું ચીજો જોઇશે તે બાબતનો વિચાર માણસને પહેલો આવ્યો. ખાવાનો ખોરાક, ગરમી ઉપજાવવાનો દેવતા, અને જ્યારે રાત પડે જંગલી પશુઓ તેની આસપાસ ગર્જના તથા હોબકોર કરી મૂકે તે વખતે વિશ્રામસ્થાન મેળવવાની તેને પ્રથમ ઇચ્છા થઈ. તેને પોતાને માટે જે પ્રથમ યોજના કરવી પડી તે ઉપરથીજ મનુષ્યજાતિ પશુજાતિ કરતાં કેવી જુદી છે તે જણાઈ આવે છે.

જ્યાં જ્યાં પરમેશ્વરે પશુ બનાવ્યાં છે ત્યાં ત્યાં જેવી જગામાં તેમને રહેવાનું હોય છે તેવી જગાને લાયક તેમને સારૂ ગરમ અથવા થંડાવાળરૂપી વસ્ત્રનું ઢાંકણ પુરૂં પાડેલું છે; એટલે થંડા મુલકમાં વસનારા પશુને આખે શરીરે વાળને ઠેકાણે ઉન આપેલું છે, વળી તેને ખાવાને સારૂં જોઈએ તેવો ખોરાક તેના નજીક ઉત્પન્ન કરેલો છે. પરંતુ પરમેશ્વરે



માણસને નગ્ન બનાવ્યો છે, અને દુનિઆના જે ભાગમાં તે રહેતો હોય તેને અનુસરતો ખોરાક તથા વસ્ત્ર તેની મેળે સોધી કાઢવાનું તેને સોંપ્યુ છે. જો ઇશ્વરે માણસની ચામડી જાડા વાળ વાળી કરી હોત તો તે એક જગોથી બીજી જગોએ સુખેથી હરી ફરી શકત નહીં અને તેથી કરીને તેને નગ્ન બનાવવામાં આવેલો છે. પણ પરમેશ્વરે વસ્તુ વિષે વિચાર કરવાની અને વિચાર પ્રમાણે વર્તવાની શક્તિ તેને આપેલી છે. પશુ તો જેવું હોય તેવુંને તેવુંજ રહે છે, ને માણસતો કદી અટકતો નથી. પણ તેના પહેલાં થઇ ગએલા માણસોએ જે કામ કરેલાં તેમાં તે સુધારો કરતો જાય છે. માણસની આંખ ગરૂડ પક્ષી જેવી તીક્ષ્ણ( એટલે ઘણે દૂર સુધી તે જોઈ શકે એવી) હોતી નથી. પણ હથીઆર બનાવવાની તેનામાં એવી શકિત છે કે તે વડે, જે તારાઓના પ્રકાશને આપૃથ્વીપર આવતાં હજારો વર્ષ લાગે છે, તે તારાને તે નજર આગલ લાવે છે એટલુંજ નહીં, પણ સૂર્ય અને બીજા તારામાં શી શી ધાતુઓ છે તે, તે હથીઆર બતાવે છે, માણસમાં હરણના જેવી ત્વરા હોતી નથી, પણ તેનામાં એ-

વી શક્તિ છે કે તે વરાળ યંત્રબનાવી એક કલાકમાં ૬૦ માઇલની મુસાફરી કરી શકે છે. માણસમાં ઘોડા જેટલું બળ હોતું નથી પણ તે પોતાની અક્કલથી એવી રીતે યંત્ર ગોઠવે છે કે તે સામટા ૧૦૦ ઘોડાનું કામ કરી શકે છે.

માણસમાં ગમે તેવી શક્તિ હોય, કાંતો તે મનની હો કે તનની હો. પણ તે વાપરવાથી સુધરે છે. પોતાની માનસિક શક્તિ વાપરી ને સુધરેલો માણસ અજ્ઞાન માણસ કરતાં જ્ઞાન સંપાદન કરવામાં અને તે જ્ઞાનનો સારો યા નરસો ઉપયોગ કરવામાં ચઢીયાતો હોય છે તેવા સુધરેલા માણસ કરતાં એક જંગલી માણસ જેને અન્ન મેળવવાને પોતાની શારીરિક શક્તિઓનો નિરંતર ઉપયોગ કરવો પડે છે તે મહાવરાથી ચાલવામાં વધારે જલદ અને દૃષ્ટિમાં વધારે તીક્ષ્ણ થાય છે.

માણસ જન્મ્યો તે પહેલાં હજારો વર્ષ ઉપર પાહાડોને પડખેથી નિર્મળ પાણીના પ્રવાહ વહેતા હતા, અને તે પ્રવાહવડેજ થએલી ખીણોમાં પણ પાણી અહર્નિશ વહે જતું હતું. તેથી કરીને માણસને પોતાની તૃષા છીપવવામાં જરા પણ તસ્દી પડતી ન-



હીં, અને બનતા સુધી તે પાણીના ઝરા પાસેજ રહેતો. પણ ખોરાક, કાંઈ તેને આવી સહેલાઇથી મળી શકે તેમ નહોતું. પ્રથમ તે ફળફળાદિ, તથા ઝાડના ટેટા ખાઈ નિભાવ કરતો, અને ઝાડ તળે, અગાડી પડતા પર્વત તળે કે ગુફામાં તે નિવાસ કરતો. નદીમાં તેની પાસે થઇને જતાં માછલાં તથા હરણીઆં તેના મોં આગળ થઇને ફરતાં ફરતાં ગાઢા જંગલમાં ચાલ્યાં જાય તે ખાવાનું તેને મન થાય પણ હથીઆર વગર તે શું કરે? શી રીતે કાપે ને ખાય?

આ દુનિયામાં એવી ચીજો તો થોડીકજ હશે કે જે માણસના અજાયબ હાથથી બની શકે નહીં. પણ તે કરવાને હથીઆર જોઇએ. માણસ માંસ અગર લાકડું વગેરે ચપ્પા જેવા હથીઆર વગર શી રીતે કાપી શકે? કલમ વગર શી રીતે લખી શકે? તથા હથોડા વગર ખીલો શી રીતે ઠોકી શકે.?

## (૩) માણસના પ્રથમનાં હથીઆરો.

આ પ્રમાણે બીજી કેટલીક વસ્તુઓ સાથે માણસને પહેલવહેલી ધારવાળાં હથીઆરની જરૂર પડી, હવે જે વસ્તુ કાપવાની હોય તેનાં કરતાં હથીઆર અલબત વધારે સખત હોવું જોઇએ. કેટ-

લીક ધાતુઓ ધરતીની સપાટીના છેક પાસે દટાઈ રહેલી હતી, પણ તે જાણવામાં આવેલી નહોતી, તેથી આજુબાજુ પડેલા પથરાનો તેને ઉપયોગ કરવો પડ્યો. જે વખતે પથ્થર અને એવી બીજી ચીજો જેવી કે હાડકાં, લાકડાં તથા શિંગડાંનાં જાતજાતનાં હથીઆર બનાવવામાં આવતાં હતાં, તે વખતના જમાનાને વિદ્વાનો પાષાણયુગ કહે છે. તે અરસામાં ચકમકના પથરા બહુ વપરાતા હતા, કારણ કે તેને જોરથી ટચકો મારવાથી તેમાંથી ચપુની ધાર જેવા ઝીણા પણના કડકા ખરી પડતા હતા. બીજા ચકમકના પથરાને અણીઆળા કરવામાં આવતા, અથવા તેને ગોળ અથવા બીજી જાતના પથરાવતી ઘડીને તેના જેવા તેવા હથોડા કરવામાં આવતા તેમાંના કેટલાક પથરા બદામ જેવા ફરતી તીક્ષ્ણ ધારવાળા હોય છે, ને તેના કદ જુદા જુદા હોય છે. એટલે કેટલાક છ ઈંચ લાંબા ને ત્રણ ઈંચ પહોળા અને કેટલાક તે કરતાં વધારે મોટા હોયછે.

ઘશીને ધાર કાઢયા વગરના તથા ચળકાટ ચઢાવ્યા વગરના આ બહુ અસલી પથરાનાં હથીઆરો નદીઓના હમેશ ચાલ્યા જતા પ્રવાહમાં તણાઈ આ-



વેલી પથરી (કરકર) માટી અને પથરા તળેથી મુખ્યત્વે કરીને દટાએલા મળી આવે છે. માણસની તવારિખના આ જુના જમાનામાં યુરોપમાં જંગલી પ્રાણીઓ અને માણસો પાસે પાસે રહેતાં હતાં, તે વખતે મેમથ એટલે ઉનવાળા હાથીઓ, ગેંડા દરીઆઈ ઘોડા તેમજ ગુફામાં રહેનારા સિંહ, રીંછ, તરસ, અને દુનિયામાં હાલ જોવામાં આવે છે તે કરતાં મોટા કદવાળા પશુઓ હતાં તે પશુઓ માણસોની વસ્તીની વેળા એજ પૃથ્વીપર રહેતાં હતાં, એમ નકીજ જણાય છે. કેમકે બંનેનાં હાડકાં અને માણસે બનાવેલાં હથીઆર પૃથ્વીના પડ તળેથી પાસે પાસે મળી આવ્યાં છે. માણસ દહાડે દહાડે વધારે સારાં હથીઆર કરતાં શિખ્યો, અને આખરે સારા આકારના ભાલા, કટારીઓ, કુહાડા, હથોડા તથા બીજાં ઓજારો તે બનાવી શક્યો, ને વળી તે પછી ઘણા કાળે તેમને ચકચકતાં કરતાં શિખ્યો. તમારે આટલું તો લક્ષમાં રાખવું કે જુના પાષાણયુગ નામથી ઓળખાતા જમાનામાં માણસ પહેલાં તો પથરના કડકા પાડતાં શિખ્યો, અને પછીથી નવા પાષાણયુગ નામે કહેવાતા જમાનામાં તે તેમને ઘસતાં ચળકતાં ને સાફ

કરતાં શિખ્યો.

સારા આકારનાં ઓજારો અને હથીઆરો મુ-
ખ્યત્વે કરીને ગુફાઓમાંથી મળી આવેલાં છે. ભુ-
સ્તરવિદ્યાનાં પુસ્તકો પરથી જણાય છે કે પૃથ્વીપર
કોઇપણ પ્રાણીઓએ રહેવા માંડયુ તે અવલ સેંકડો
વર્ષ ઉપર આ ગુફાઓ પાણીના ઘસારાથી થએલી
હતી. આ ગુફાઓમાં માણસો રહેતા એટલુંજ નહીં,
પણ તેમાં તેમના શબ પણ તેઓ દાટતા. એ ગુ-
ફાઓમાંથી અને તેમની આસપાસથી હાથ લાગેલી
ભિન્ન ભિન્ન જાતની વસ્તુઓ પરથી એમ ધારવામાં
આવે છે કે દાટતી વખતે જમણવાર કરતા હતા.
અને વળી લાશની સાથે ખાવાનુ તથા શસ્ત્ર મૂકવા-
માં આવતાં હતાં. કેમકે તેમના મિત્રો એમ સમ-
જતા હતા કે બીજી દુનિયામાં જતાં લાંબી મુસાફ-
રીમાં તેમનુ કામ પડશે.

અત્રે જણાવવાની જરૂર છે કે એ અસલના જ-
માનાના માણસોનાં હાડકાં બહુ થોડાં મળી આવેછે
પણ તેમાં કાંઈ આશ્ચર્ય જેવું નથી. કારણ કે આ-
પણે યાદ રાખવું જોઇએ કે માણસના હાડકા કરતાં
તેમની કૃતિઓ વધારે ટકે છે અને વળી અસલથી



મડદાં બાળવાનો રિવાજ ચાલતો આવ્યો છે.

જે શસ્ત્રોનુ મેં વર્ણન આપ્યુછે તે જંગલી પ્રા-
ણીઓના હુમલા વખતે માણસને કેટલાં બધાં કામ-
નાં થઇ પડતાં હશે તે સહેજ સમજાશે.કેમકે મા-
ણસ શસ્ત્ર વડે પોતાનું તથા પોતાના કુટુંબનું રક્ષણ
કરી શકતો એટલુંજ નહીં, પણ તેથી મોટા પ્રાણી-
ઓને તે મારી શકતો, અને તેમ કરીને દિન પ્રતિ
દિન વૃદ્ધી પામતી વસ્તીને માટે ખોરાક મેળવી શ-
કતો એ નક્કી છે કે માણસો એ પ્રાણીઓને મારીને
ખાતાં, તેમનાં ચામડાં પહેરતાં, અને તેમના હાડ-
કાંનાં મજબુત હથીઆર બનાવતા.

પ્રથમના માણસો આવા જેવા તેવા આકારના
બનાવેલા પથરા વતી કેટલાં બધાં કામ કરતા તે વિ-
ષે વિચાર કરતાં આપણને તાજુબી લાગે છે. તે વ-
તી તેઓ ઝાડ કાપતા, અને કદાચ અગ્નિની મદદ-
થી તેમાં પોલાણ કરી તેના કોટીઆં કરતા. કેમકે
લાકડું પાણીમાં તરે છે એતો તેમના જાણવામાંજ
હતું. ખોરાકને સારૂ તે વડે જનાવરો મારતા, કાપ-
તા અને હાડકામાંથી મેદ ચુસવાને હાડકાં ભાગતા,
તથા દરીઆઇ સીપો ભાગી તેમાંથી માંછલાં કાઢતા.

આ સિવાય જે હથીઆરો હાલ આપણને બુઠાં તેકઢંગાં લાગે છે તે વડે તેઓ બીજાં ઘણાં કામ કરતા.

આ પથ્થરના જમાનાની વાત કરતી વખતે વળી તમને કહેવું જોઇએ કે દુનિઆના જુદા જુદા ભાગમાં કાંઇક કાળના અને ભિન્ન ભિન્ન આકારના પથરનાં ખંડેરો જોવામાં આવે છે. તેમાં કેટલાંક તો પથ્થરના થાંભલા ગોઠવી તેપર છાપરાને ઠેકાણે મોટા સપાટ પથરા ગોઠવી બાંધવામાં આવેલાં છે, અને બીજાં કેટલાંક શંકુ આકૃતિના ઇજીપ્તની મોટી પિરેમીડ જેવાં ચણવામાં આવેલાંછે

મડદાં દાટવાને ગુફાઓ વપરાતી તેમ આ ખંડેરો પણ તેવાંજ કામમાં આવતાં, ને કેટલીક વાર તો જે જગોએ કોઈ મહાન કૃત્ય કરવામાં આવ્યું હોય, અગર કોઈ પણ બહુ નવાઈ જેવો બનાવ બન્યો હોય તો તેની એંધાણી રાખવા સારૂ આવા પથરનાં બાંધ કામ ઉભાં કરવામાં આવતાં હતાં. જેમ આપણે આપણા વીર પુરૂષના માનની ખાતર બાવલાં બેસાડીએ છીએ, અથવા તેમની બહાદુરી, ઉદારતા તથા લોક પ્રિય કામની યાદગિરીસારૂ કીર્તિસ્થંભ ઉભા કરીએ છીએ તેમ તે વખતમાં માણ-



સના મનમાં આવા કામની યાદગિરી લાંબી વાર સુધી તાજી રાખવા સારૂ આવી રીતે પથરા ગોઠવવાનુ સહેલું પડતું હતું. માણસના માન મર્તબા પ્રમાણે તેમની કબરો નાની મોટી બાંધવામાં આવતી. ઉભા પથરાના કેટલાંક ગોળાકાર ચણતર કામ છે તે કોઈ પણ જાતની પૂજાને માટે બંધાયલાંહોય એમ લાગેછે.

ત્યારે હવે તમે જાણ્યું કે જે વખતે પથરના ઓજારો તથા શસ્ત્રો વપરાતાં તે જમાનામાં માણસો જંગલી હાલતમાં રહેતા, ભટકી ભટકીને જીંદગી પુરી કરતા, ને કંદમૂળ, ઝાડના ટેટા ફળ ફળાદિ, તથા પોતે મારેલાં પ્રાણીઓનું કાચું માંસ ખાતા. કહેવાને દીલગીરી ઉપજે છે કે તેમાંના કેટલાક તો પોતાના જાત ભાઇઓના માંસનુ પણ ભક્ષણ કરતા; વળી તેઓ આછાં વસ્ત્ર પહેરતા, અગર જરૂર પડે તો વધારે પહેરતા; તે વસ્ત્ર જનાવરની ચામડીને હાડકાની બનાવેલી સોયો વતી દોરાને ઠેકાણે સ્નાયુ વતી સીવીને બનાવતા.

હવે તેઓ પ્રથમ દેવતા ક્યાંથી લાવ્યા તે વિષે બે બોલ બોલીએ.

## (૪) અગ્નિ

પ્રથમ દેવતા શી રીતે પ્રાપ્ત થયો તે બાબત ઘણી ઘણી વિચિત્ર વાર્તાઓ કહેવામાં આવે છે–પરંતુ જેમ દરેક વસ્તુ વિષે આપણે હમેશાં અટકળ બાંધીએ છીએ તેમ આ પણ એકજ જાતની અટકળ છે, અને તેથી એમાં ખરૂં (સત્ય) શું છે તે કાંઈ હાથ લાગતું નથી. માણસ જાત પોતાની સ્વાભાવિક બુદ્ધિ અગર સાધારણ સમજનો ઉપયોગ કરવામાં હમેશાં ઘણી ચાલાક હોય છે, અને એ સાધારણ સમજથી તેમના જાણવામાં આવ્યું કે લાકડાના બે કડકાને એક બીજા સાથે ઘસવાથી અગ્નિ પેદા થાય છે જો કે ચકમકના ઓજાર કરતી વખતે અંદરથી તણખા નિકળતા તોપણ તેઓએ જોઈ લીધું કે કાંઈ ચકમકના પથરા સળગાવી શકાતા નથી. જ્યારે તેમને ટાઢ વાતી ત્યારે તેઓ હાથ સાથે હાથ ઘસતા, અને તેથી ગરમી પેદા થતી. લાકડાના એક કડકાની અંદર એક બુકી અણીઆળી લાકડીથી છેદ પાડી તેની અંદર એક લાકડી ઉભી મૂકી શારડીની માફક મથન કરતાં શું થાયછે તે તપાસતાં તેમને માલમ પડ્યું કે દરેક કડકો પહેલાં ગરમ થયો પછી



તેમાંથી તણખા નિકળ્યાને આખરે તેમાંથી ભડકો થયો.

આપણને મુસાફરોની વાતો ઉપરથી એમ માલમ પડે છે કે આ પ્રમાણે જંગલી લોક થોડીક પળમાં દેવતા પાડી શકે છે, અને યુરોપના ઉત્તર વિભાગના સમુદ્રોના દ્વીપોમાં વસનારા લોકો ને એક જાતનું જાડું ચરબી વાળું પક્ષી મળી આવે છે, તેના શરીરમાં સુંસરી આરપાર દીવી પરોવી સળગાવેછે એટલે તે મીણબત્તીની માફક બળે જાય છે.

જંગલી પશુઓ રાત્રે હેરાન કરે નહીં એટલા માટે હાલ જેમ મુસાફરો તાપણી સળગાવી દેવતાનો ઉપયોગ કરે છે, તેમ અસલના વખતમાં પણ હતું; અને એટલા માટે પોતાની પાસે પુષ્કળ પડેલાં લાકડાં દેવતામાં સીંચીને અગ્નિ પ્રકટયો ને પ્રકટયો રાખવાનાં ઘણાં કારણ હતાં.

## (૫) પાક અને પાકનાં પાત્ર.

હાલની કેટલીક ઉત્તર વિભાગની જાતોની પેઠે પહેલાં માણસો કાચું માંસ ખાતા. પણ પછીથી તે ઓ લાગલુ દેવતાપરજ માંસ મૂકી પકવતા શિખ્યા. પછી ખાડો ખોદી તેમાં કાપેલા જાનવરનું સખત ચામડું પાથરી, માંહી પાણી રેડી, માંસનાખી, તેમાં

લાલચોળ તપાવેલા પથરા નાંખતા, એટલે પાણી ગરમ થતું અને એમ વારંવાર કરવાથી માંસ રંધાઇ રહેતું. પછીથી વાસણ બળી જાય નહીં તેટલા માટે તેને માટીથી કંટેવાળો કરી તે માંહે ગરમ પાણીમાં ખોરાક પકવતાં શિખ્યા. આ પ્રમાણે વાસણને લગાડેલી માટી દેવતાથી કેવી કઠણ થાય છે તે જોવાથી માટીનો ઉપયોગ કરતાં શિખ્યા. ને તેનાં જેવાંતેવાં વાસણ બનાવી તડકામાં અગર દેવતાની મદદથી સુકવવા લાગ્યા, અને પછી આવી રીતે માટીનાં વાસણ બનાવવાનો સુંદર હુન્નર શરૂ થયો.

## (૬) રહેવાનાં ઘર.

રહેવાને માટે ગુફાઓ સિવાય માણસો જમીનમાં ખાડા ખોદી તેમાંથી નિકળેલી માટીની ભીંત બનાવી તેપર ઝાડની ડાળીઓ નાંખી ઢાંકણકરી તેમાં રહેતા. કેટલીકવાર છુટા પડેલા મોટા પથરા મળે ત્યાં આગળ એક પર એક ગોઠવી કઢંગુ મજબુત ઝુપડું બનાવતા.

તળાવની સપાટી અંદર પથરનો પાયો નાંખી તે પર બાંધેલા ઘરોનાં ખંડેરો હજુ પણ કેટલાંક સરોવરોમાં તેમાં ખસુસ કરીને સ્વીટ્ઝરલાંડનાં સરોવરોમાં મળી આવે છે. આમાંના ઘણા ખરા પથરાનો આકાર પથરાની કોહાડીઓથી કાપેલો લાગે છે, અને તે પરથી એમ સાબીત થાય છે કે માણસો ઘણા પ્રાચીન કાળમાં આવી અજબ રીતે રહેતા દુશ્મન અને જંગલી પશુઓના હુમલાથી વધારે સલામતી માટે તેઓ આવી રીતે રહેતા એમ ધારવામાં આવે છે.



આ સરોવરવાસીઓ એકલા પાષાણયુગમાં અને તે પછીના જમાનામાં આવી રીતે રહેતા એમ નથી, પણ ઇસ્ટ ઇંડીઝમાંના ટાપુમાં મધ્ય આફ્રિકા અને બીજી જગોએ એજ મીસાલે રહેનારા હજી પણ કેટલાક લોક છે. સદરહુ સરોવરવાસીઓ પથરાની બનાવેલી કોહાડીઓ વતી ઝાડ કાપતા એટલુંજ નહીં, પણ તે વતી રીંછ, વરૂ વગેરે વિક્રાળ પ્રાણીઓનો વધ કરતા. શણની જાળ બનાવી માંછલાં પકડતાં શિખ્યા. છાલનાં બોહયાં કરી તે જાળ તેઓ તરાવતા અને પથરનો ભાર બાંધી તે જાળ ડુબાવતા.

અસલી જમાનાના લોકના ઘર વિષે આપણને જે માહીતી છે તે સિવાય, ડેન્માર્ક સ્કોટલાંડ અને બીજે ઠેકાણે દરીઆ કીનારે રસોડાના એઠવાડના મોટા

ગંજાવર ઢગલા મળી આવ્યા છે. આજુ બાજુ એ વસનારા લોકોની ભોજન કરવાની એ જગાઓ હતી. જાત જાતની માછલીઓ પર પોતાનો નિર્વાહ તેઓ કરતા, તેની સીપો યા કાચલાના આ ઢગલા થએલાછે; આની સાથે વળી સાબર, બીજાં પ્રાણીઓ તથા પક્ષીનાં પણ હાડકાં તેમજ ચકમકના ચપ્પાં અને બીજી ચીજો હાથ લાગી છે.

આરંભમાં મેં તમને એમ કહ્યું હતું કે માણસને ખોરાક, દેવતા અને બચાવ માટે રેહાણ એ ત્રણની પહેલી જરૂર પડી હતી. તે તેમણે શી રીતે મેળવ્યાં તે બાબત પણ વિવેચન કરવામાં આવ્યું છે, તો હવે તમારા મનમાં એમ નવાઈજેવું લાગતું હશે કે તે જમાનામાં લોકો એકબીજાની સાથે શી રીતે બોલતા હશે તથા સંજ્ઞાને માટે કેવા શબ્દો વાપરતા હશે. આ વાતતો આપણા જાણવામાં કદી આવશે નહીં, પણ આપણને એટલી તો ખાતરી થાય છે કે એક બીજાને પોતાના મનોભાવ દર્શાવવાને કાંઇક રીત હતી ખરી, અને જેમ દરેક વસ્તુ તેઓ બનાવતા શિખ્યા તેજ પ્રમાણે ક્રમે ક્રમે બોલતાં લખતાં તથા ગણતાં શિખ્યા હતા. તેઓને ચીતરામણ



પણ થોડું ઘણું કાઢતાં આવડતું હતું કેમકે મેમથ, સાબર અને બીજાં પશુઓનાં ચીતરામણ વાળી પથરપાટીઓ તથા હાડકાં મળી આવ્યાં છે. આ જૂના ચિત્ર પરથી સત્ય નીકળી આવે છે કે માણસ હેવાન કરતાં વધારે ચઢીઆતું પ્રાણી છે એમાં કાંઇ શક નથી કેમકે અદ્યાપિ સુધી એવું એક પણ હેવાન જાણવામાં આવ્યું નથી કે જે ચિત્રામણ કાઢી શકે અક્ષર પાડી શકે અથવા અગ્નિ પ્રકટ કરતાં શીખે.

પરંતુ લખવા બોલવા વિષે થોડું ઘણું વિવેચન હવે પછી કરીશું.

## (૭) ધાતુઓનો ઉપયોગ

વખત જતો ગયો તેમ પોતાના જાતિભાઈ કરતાં કોઇ બારિક નજરનો તથા વધારે અક્કલ વાળો નિકળ્યો, તેણે પૃથ્વીમાંથી ધાતુઓ સોધી કાઢી, અને આથી એટલો બધો ફાયદો થયો કે તેને માટે આપણે જેટલો આભાર માનીએ તેટલો ઓછોછે. દરીઆ ઓળંગવાને જોઈએ તેટલું મોટું અને મજબુત વહાણ તથા જલદીથી જવાને વરાળ યંત્ર ધાતુ વગર શી રીતે બંધાયાં અને ધાતુઓ કેટલા જુદાં જુદાં હજારો કામમાં ઉપયોગી થઇ પડે છે, એનો જ્યા-

રે આપણે વિચાર કરીએ છીએ ત્યારેજ આપણને તેની કીંમત માલમ પડે છે. એતો નક્કી છે કે જો માણસે ધાતુઓ શોધી કાઢી ન હોતતો તેને પશુ જેવી અથવા તો જંગલી સ્થિતિમાં રહેવું પડ્યું હોત.

માણસની સુધારાની તવારીખમાં આપણે જોઈએ છીએ તો આપણને માલમ પડે છે કે પૃથ્વીની અંદરની ચીજો સોધી કાઢવાને તેણે જે જે શ્રમ લીધો છે તે કાંઈ ફોકટ ગયો નથી. કામમાં લેવાને પથર ઘણો નરમ અને બૂઠો પડ્યો ત્યારે તેને પૃથ્વીમાંથી ધાતુઓ મળી આવી, તથા અગ્નિ સારૂ જ્યારે લાકડાં ખુટી પડવા માંડ્યાં ત્યારે તેમાંથી પુષ્કળ કોલસા મળી આવ્યા.

ધાતુઓમાં સોનાની પીળી ચળકતી ધાતુ ઘણું કરીને માણસે પહેલ વહેલી વાપરવા માંડી હશે. તેનો ચળકાટ એવો છે કે તેપર માણસની નજર ગયા વગર રહે નહીં. અને તે નદીઓમાં તથા પૃથ્વીની સપાટીપર જુદા જુદા ખડકોમાંથી મળી આવે છે. બીજી ધાતુઓ એ પ્રમાણે મળી આવતી નથી. સાધારણ ઉપયોગમાં લેવાને તેને જરા સખત કરવા બી-



જી ધાતુ સાથે મિશ્ર કરવી પડે છે, અને તેથી કરીને અસલ સ્થિતિમાં હોય છે ત્યારે તેનાં ઘરેણાં સહેલાઈથી બની શકે છે. જંગલી તેમજ સુધરેલા લોકોને સરખી રીતે ઘરેણાં પહેરવાં ગમે છે. પાષાણ યુગમાં પહેરાતી સીપો અને અંબર જાતના સુગંધમય પદાર્થની કંઠીઓ મળી આવી છે. અને આજ પણ જંગલી લોકોને લૂગડાં કરતાં શણગારનું વધારે મન થાય છે. દેખાવડા થવાને શરીરના જુદા જુદા અવયવો તથા ચહેરા ઉપર રંગીત છુંદણાંની વાંકી વાંકી હારો કરાવવાની એક ઘણી સાધારણ રીત છે. આ ઉપરથી જણાય છે કે આરીતે કરવાથી તેમને દુઃખ થતું અથવા અગવડ પડતી, તોપણ બધા દેશમાં અને સર્વ કાલમાં લોકોને રૂપાળા દેખાવું પસંદ પડતું; અને તે ઉપરથી એમ પણ અનુમાન થાય છે કે જે ખુબસુરત હોય છે અથવા ખુબસુરત ગણવામાં આવે છે તે તેમને અસલથી ગમતું આવ્યું છે. જનાવરમાં નથી અને માણસમાં છે એવી બીજી વાતે તે આ સૌન્દર્ય પ્રીતિ છે. અસ્ત પામતા સૂર્યની ખુબી જોઈ રહેવા સારૂ ગાયોનાં ટોળાં કદી ચરવું બંધ રાખતાં નથી, તેમજ રંગબેરંગી મેઘધ-

નુષ્યબાણુ દેખીને ઘોડા અગર વાંદરાનો ચહેરો ખુશાલીથી ઉભરાઇ જતો તમારા જોવામાં કદી આવ્યો નહીં હોય.

જે ધાતુઓ પહેલી વાપરવા માંડી તેમાંની એક ધાતુ તાંબુ છે. કારણ કે તે સોનાની પેઠે બીજી ધાતુની સાથે મિશ્રિત થયા વગરની ઘણીવાર છુટી માલમ પડે છે. તે નરમ હોવાથી તેના જાત જાતના આકાર બની શકે છે. જ્યાં તાંબાની અછત હોય છે, અને કલાઇની છત હોય છે, ત્યાં દેવતાથી તે બંનેને ગાળીને ભેગી કરી તેનું મજબુત ઉપયોગી અને સુંદર બ્રાન્ઝ( કાળા રંગનુ કાંસુ )કરવામાં આવે છે. પથર અગર રેતીનાં બીબાંમાં તે રસ રેડવાથી જેવાં જોઇએ તેવાં આકારનાં ઓજાર બનાવી શકાય તેમ હતું.

જે જમાનામાં સદરહુ ધાતુઓ વપરાતી તે કાંસાનો યુગ કહેવાય છે.

લોઢુ—એ ધાતુ તેની સ્વાભાવિક સ્થિતિમાંથી ગાળીને શુદ્ધ કરવામાં આવ્યું તે પહેલાં ઘણો વખત જતો રહ્યો. કેમ કે આ કામ ઘણું સખત છે, ને તે કરવા જેટલી અક્કલ તે વખતના માણસોમાં નહોતી. લોઢુ ગાળવામાં અને તેના આકાર પાડવામાં તેઓ કુશળ



થયા, એટલે કાંસાને બદલે લોઢાના તેઓએ ભાલા, તરવારો, કુહાડા વગેરે બનાવ્યાં, અને કાંસુ, હાથા તથા ઘરેણાં બનાવવામાં વાપરવા લાગ્યા. જેમાંના બાજુબંધ વાળમાં ઘાલવાની ટાંકણીઓ તથા કાને પહેરવાની વાળીઓ સ્વીટ્ઝર્લાંડના સરોવરોનાં બંદરોમાંથી હાથ લાગ્યાં છે.

રૂપું અને સીસું એ પછી મોડાં વાપરવામાં આવ્યાં હતાં ત્યારે હવે તમે એટલું શિખ્યા કે નદીઓની તલેટી, ગુફાઓ, અને બીજે ઠેકાણેથી, જાતજાતનાં ઓજારો શસ્ત્રો, ઘરેણાં તથા બીજી ચીજો હાથ લાગે છે, તેમાંથી કેટલીક ઘણા ઉંડાણમાંથી નિકળે છે, અને બધી બેશક માણસની બનાવેલી છે, તેથી જણાય છે કે તમાલપત્ર પરની તવારિખ તથા કબરો ઉપરના લેખ ઉપરથી માણસનો જે ઇતિહાસ મળી આવ્યો છે તે સમયની પહેલાં ઘણાં વરસ ઉપર માણસો પૃથ્વીપર વસતાં હોવાં જોઇએ.

માણસના સુધારાના જુદા જુદા વિભાગ બતાવવાને જે વિભાગમાં જે જે વસ્તુઓ વપરાતી તે ઉપરથી તેનાં (વિભાગનાં ) નામ આપવામાં આવતાં તેના પ્રથમના ઇતિહાસના નિચે મુજબ ત્રણ ભાગ

પાડવામાં આવ્યા છે.

૧ પાષાણયુગ તેના બે પેટાભાગ "ઓલ્ડ સ્ટોન એજ" પ્રાચીન પાષાણયુગ ને અર્વાચીન પાષાણયુગ.

૨ કાંસાનોયુગ.

૩ લોહયુગ.

બ્રીટીશ મ્યુઝીયમ નામના ( સંગ્રહસ્થાન ) માં તમારે જવાનુ થાય ત્યારે જે ઓરડીમાં "બ્રીટીશ એન્ટીક્વીટીઝ" (જુની અસલી ચીજો) રાખવામાં આવી છે તેમાં જઇને જોશો તો તમને જાતજાતના ચકમક અને ધાતુનાં હથીઆર તથા શસ્ત્રો જેનુ મેં તમને ધ્યાન આપ્યું તે માલમ પડશે. ચકમકના પથરાને પહેલાં ઘડવામાં આવ્યો અને કાંસાનું પહેલું ઓજાર બનાવ્યું તે બે સમય વચ્ચે કેટલાં બધાં વરસ વીતી ગયાં તે જણાતું નથી. આપણને ખાતરી છે કે માણસોએ કાંસું અને લોઢું વાપરવા માંડયું તે પહેલાં પથરા વાપરતા, અને કેટલીક જાતો પાષાણયુગમાં ફાંફાં મારતી હતી, ત્યારે બીજાઓએ એ ધાતુનો ઉપયોગ ક્યારનોએ શોધી કાઢયો હતો. મેઘધનુષ્યના ત્રણ મુખ્ય રંગ જેમ એક બીજામાં



છેક મળી જાય છે તેમ આ યુગ સ્પષ્ટ જુદા નથી. પણ એક બીજામાં કાંઇક કાંઇક મળી ગએલા છે.

દાખલા તરીકે સરોવરોનાં કેટલાંક ઘર જેના વિષે હું તમને ધ્યાન આપી ચુક્યો છું તે પાષાણયુગમાં બંધાયેલાં હતાં, તોપણ તેમાંનાં ઘણાંખરાં કાંસાના જમાનાનાં છે અને હાથ લાગેલા ખંડેરોપરથીજ માલમ પડે છે કે માણસો બેશક કેટલા બધા આગળ વધ્યા ગયા છે. સરોવરવાશીઓ ઘઉં વાવતા, શિઆળાને માટે ખોરાક સંઘરી રાખતા, શણનાં વસ્ત્ર વણતા અને ઘોડા, ઘેટાં અને બકરાં જેવા ઘણાજ ઉપયોગી પ્રાણીયોને પાળતાં શિખ્યા હતા. કુતરો એ કેટલું બધું અગત્યનું અને કીમતી પ્રાણી છે તેવું તેઓ આ પહેલાં ઘણા કાળથી જાણતા હતા. કેમકે આ વાતની સાબીતીમાં ઉત્તર વિભાગના દરિયા કાંઠે વસનારી ઘણીજ હલકી કોમના લોકોએ કરેલા કાચલાના ઢગલામાંથી કુતરાનાં હાડકાં મળી આવ્યાં છે.

એ લોહયુગથી ઓળખાતા જમાનામાં ઘણો જલદીથી સુધારો થયો છે. જાતજાતના માટીનાં વાસણો, કાંસાના સિક્કા; કાચની શોધ અને એવી બીજી ઘણી નવી શોધો પરથી એક તરફ એમ માલમ પડે

છે કે માણસે પોતાની વાપરવાની ચીજોમાં કેટલો બધો સુધારો કરી દીધો છે, અને બીજી તરફ જોઇએ છીએ તો એમ માલમ પડે છે કે માણસ અધમ સ્થિતિમાંથી કેટલી ત્વરાથી ઉંચી પંક્તિએ ચઢ્યો છે.

## (૮) પૃથ્વી ઉપર માણસોના લાંબા કાળનું અસ્તિત્વ

આ વૃતાન્તની અંદર આ ઠેકાણે કદાચ તમને એક સવાલ પૂછવાનું મન થાય એવું છે, અને તે માટે હું તમને હાલ મળી શકે એવો સારામાં સારો ઉત્તર આપું છું.

અસલના માણસોની જે ચીજો મળી આવી છે, તે આટલી બધી જુની છે તે શાપરથી તમે કહો છો એમ સવાલ પૂછવાને તમારી વૃત્તિ થશે.

મારા જવાબનું ખૂલ્લું સ્પષ્ટીકરણ કરવાને જે જગાએથી જુનાં હાડકાં તથા શસ્ત્રો મળી આવ્યાં છે તેમાંની એક જગાનું હું તમને બ્યાન આપું છું તે સાંભળો.

દેવનશાયરના દખણાદા કીનારે બ્રીગઝામ આગળ એક મોટી ગુફા છે. તે ૧૪ વરસ ઉપર એક



છાપરાનો થોડો ઘણો ભાગ તુટી પડવાથી હાથ લાગી હતી. છાપરાપરથી પાણીના ઘસારાથી ચુનાનાં ઝીણાં ઝીણાં રજકણ હેઠળ પડેલાં ગંઠાઇ જવાથી જમીન પથરવાળી થઈ હતી. તે આશરે એક ફૂટ થરની હતી. તેમાંથી હરણ અને ગુફામાં વસતાં રીંછનાં હાડકાં મળી આવ્યાં હતાં. ને તે થરની નીચે કેટલેક ઠેકાણે તેર ફુટ થરની રાતી મરડ હતી. તેમાં ચકમકના કડકા અગર ચપ્પુઓ તથા મેમથ જાતના જનાવરનાં હાડકાં દાટેલાં હતાં. આની નીચે કાંકરીવાળી જમીન હતી. તે વીસ ફુટ કરતાં જાદે જાડાઈની હતી. તેમાંથી પણ ચકમકના કડકા તથા કેટલાક નાનાં હાડકાં મળી આવ્યાં હતાં. રીંછ તથા ઉનવાળા હાથીના હાડકાં સાથે બધા મળીને ૩૦ કરતાં વધારે ચકમકના પથરા જડ્યા હતા. તે હાડકાં મનુષ્યના હાથથી ઘડાએલાં માલમ પડવાથી જે વખતે સદરહુ પ્રાણીઓ તેપર ભટકતાં તે વખતે માણસ હયાતીમાં હતાં એવું સાબીત કરવું સહેલું પડેછે.

આ પ્રાણીનાં હાડકાં આટલાં બધાં જૂનાં છે તેની તમારી પાસે શી સાબીતી છે એવું પૂછવાને તમને મન થશે.

આટલું તો નક્કી છે કે ઘણા સૈકાં થયાં જીવતું મેમથ પ્રાણી કોઈ ઠેકાણે જોવામાં આવ્યું નથી. અને વળી તે ઉપરાંત તેના હાડકાં ઘણી ઉંડાણમાંથી મળી આવ્યાં છે. અને વળી આ પણ નક્કી છે કે કોઇ પણ તે હાડકાં આટલો બધો ઉંડા ખાડા ખોદીને મૂકવાની માથાફોડ કરે નહીં, તો પછી જે જગોએથી તે મળી આવ્યાં છે તે ઉપર આટલો બધો થર ચડી જવાનું કોઇપણ કારણ હોવું જોઇએ.

જાતજાતના હાડકાં આ ગુફામાં આવી પડવાને ઘણા ઘણા રસ્તા છે. જે જાનવરોનાં તે હાડકાં છે તે પાહાડી જગોમાં મરી ગયેલાં હોવાથી તેઓનાં હાડકાં ગુફામાં પાણીથી ઘસડાઈ ગયાં હોય, અથવા તો તેઓએ ત્યાં વિશ્રામ કર્યો હોય, અગર ઘણું કરીને તેઓ ત્યાં વસ્તા હોય. ગમે તેમ હોય તોપણ જે થર તથા કાંકરી નીચે તે હાડકાં દટાએલાં છે તે ૩૫ ફીટ શી રીતે ચડી ગયાં તે આપણે નક્કી કરવાનું છે.

આટલાં બધાં વરસનાં વરસ વીતી ગયાં ત્યાં સુધી તે હાડકાં દેખાયાં નહીં તેનુ કારણ જળ છે, કે જે પૃથ્વીપર કોઈ જીવતું પ્રાણી હતું નહીં તે પ-



હેલાં અને ત્યારથી ખડકોની અંદર સુંસડું રસ્તો કરી પુરપાટ ચાલ્યે જાય છે. મોટા પર્વતોના પર્વતો આકારવાળા બનાવી ઉંડી ખીણો ઉઘાડી, ઘણીજ નીચાણમાં આવેલી ગુફામાં પ્રવેશ કરી પોલાણ કરે છે, તથા જ્યાં ઉંડા દરીઆની હાલ છોળો વાગે છે ત્યાં નવી જમીન બનાવવા એક ઠેકાણેથી બીજે ઠેકાણે માટી ઘસડી લઈ જાય છે. એ કુદરતનુ જળરૂપી ઓજાર હમેશ ચાલતુંજ છે. તે બ્રીગઝામ ગુફામાં એ થર ઘસડી ગયું અને તેણે હાડકાં દાટી નાંખ્યાં અને તે જગોએ ડેવનશાયરમાં મેમથ રીંછ તથા હરણ રહેતાં ત્યારથી આજુબાજુની ખીણો સો સો ફીટ ઉંડી ખોદી નાખી છે. ઉંડી નહેર ખોદવાને અથવા ગુફા ખોદી કાઢવાને પાણીને કેટલો વખત લાગતો હશે તે નક્કી કરવાનો આધાર પાણીના વ્હેણની ઝડપ ઉપર છે, તો પછી હાલના જોસ પ્રમાણે વહેનારી ટેમ્સ નદીને પોતાની તલેટીમાં એક ફૂટ ઉંડાણ કરવાને ૧૧૭૪૦ વરસ થાય છે, તો ઉપલાં ૧૦૦ ફૂટ ખોદતાં કેટલાં વરસ થતાં હશે, તેનો વિચાર કરો. જે બારિકીથી જુવે તેને તો બહુ ઝડપથી વહેતી નદી પણ આ પ્રમાણે ધીમી લાગે છે, તેથી

હજારો વરસ ઉપર રહેનારા માણસોએ ચકમકના શસ્ત્રો બનાવ્યાં હતાં, એવું માનવ.ને પદાર્થશાસ્ત્રવેત્તાઓને કાંઇકિ કાંઇકિ કારણ છે ખરૂં.

હે પ્રભુ? ગએલાં ૧૦૦૦ વર્ષ એ તારી નજરમાં તો ગઈ કાલ બરોબર છે, અને રાતના એક પહોર બરોબર છે!

પૃથ્વી ઘણી જૂની છે એવું પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર આપણનેબતાવે છે, ત્યારે અનાદિ કાલના ઇશ્વરનું અનંત પણું પણ તે બતાવે છે, તેમજ જૂના વખતના લોકો પૃથ્વીને સપાટ ધારતા ને પૃથ્વીને માટેજ દિવસે સૂર્ય પ્રકાસે છે, અને રાત્રે ચંદ્ર તથા તારાઓ દેખાય છે, એમ માનતા. એ સાંકડા વિચાર કરતાં, ખગોળ વેત્તાઓ, તારાઓ વચ્ચેના જે વિશાળ અંતરો વિષે કહે છે, તે હકીકત વિશ્વના ભવ્ય મંદિરમાં વસતા ઇશ્વરનો મહિમા વધારે યોગ્ય રીતે દેખાડે છે. આકાશ તરફ જોનાર એક જુના કવિના મહા વિચારને પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર એક પ્રકારનું કાંઇ નવુંજ સૌંદર્ય આપે છે તે કવિએ એમ ગાયું છે કે હે પ્રભુ હું ઉપર આકાશમાં જાઉતો ત્યાં પણ તારો વાસ માલમ પડે છે ને અદૃષ્ય દુનિઆમાં પ-



ધારી કરૂં તો ત્યાં પણ તું ખરો, એવોતું સર્વ વ્યાપક છે.

## (૯) માણસો, ભરવાડ, ખેડુત અને વ્હેપારી તરીકે કામ કરવા લાગ્યા તે જમાનો.

માણસ પશુ જેવો, લાંબા વાળવાળો, ભટકતો, અને જંગલી હતો. કંદ મૂળ કરડતો અથવા શિકાર ઉપર તલપ મારવાને ઝાડ અગર ખડકની પાછળ છાનોમાનો લપાઇને બેસી રહેતો; સવારમાં ઉઠે ત્યારથી વિચાર કરવામાંડે કે આજ દિવસ આથમતા પહેલાં મને ખાવાતું મળશે કે નહીં, એવી સ્થિતિમાંથી નિકળી માણસ ભરવાડ અગર ખેડુત થયો. જે ભૂમિપર તેનો જન્મ થયો હતો તેની મહત્તા તેને જણાવા લાગી એટલુંજ નહી, પણ હવામાં ઉડતાં પક્ષી અને ખેતરમાં રહેનારાં પશુઓ કરતાં પોતે કાંઇક વધારે મહત્તાનું પ્રાણી છે એમ તેને લાગવા માંડયું.

કેટલાક પ્રાણીઓનું દૂધ ને કેટલાંકનું માંસ ખાવામાં વપરાય છે તથા તેમનાં બચ્ચાંની ચામડી સુંવાળાં લૂગડાં બનાવવાના કાંમમાં આવે છે એવું માણસ જાતનાં કેટલાક ભાગને માલમ પડયું, ત્યારે તેઓ તેમને પાળી તેમાંનાં ટોળાં એકઠાં કરવા લાગ્યાં, અને જે મુલકમાં પુષ્કળ ચારો મળે એવામાં મુકામ

કરતા કરતા તેમને સાથે લેઇને ફરતાં, પૃથ્વી પરના સૌથી પ્રથમ ભરવાડ આ હતાં. તે રખડી જીંદગી ગાળતાં, ને તંબુમાં રહેતા. તંબુ પાસે રાખવાનું કારણ એ હતું કે તે સેહેલાઇથી લેઈ જઈ શકાતાં હતાં.

હજારો વર્ષ ઉપર ઇબ્રાહીમ આવી જીંદગી ગુજારતો અને આરબ લોકો તેમજ એવી બીજી ભટકતી કોમો હજુ પણ એમજ રહે છે.

આ પ્રમાણે કેટલાંકને ભરવાડ અગર ગોવાળની જીંદગી પસંદ પડી; બીજા કેટલાકને ખેડુત તરીકેની સ્થાઈ જીંદગી પસંદ પડી. ખેતી વાડીનું કામ કરવાને તેમના પૂર્વજોના કઢંગાં હથીઆરો નકામાં લાગવાથી તેઓને ઘણી સારી અને કઠણ ધાતુના હથીઆરોની હવે જરૂર જણાઈ. પછી તેઓ એક જગામાં રહેવા લાગ્યા, તેથી પાષાણ યુગની પેઠે કકડા ગોઠવીને કરેલાં ઝુંપડાંમાં અથવા ઢોર સાથે ભટકતી ટોળીઓની પેઠે તંબુમાં રહેવું તેમને ગમ્યું નહીં, પણ સારાં બાંધેલાં ઘરો તેની સાથે વળી ઢોર બાંધવાનાં તબેલા અને અનાજ ભરી રાખવાના કોઠાર બાંધવાનું તેમને મન થયું

ખેતરનું કામ બધા ઉઘાડ વાળા દહાડામાં કરતા,



માટે જેઓને ઘર બાંધતાં અને હથીઆર બનાવતાં આવડતું હોય એવાને તેઓ ખુશીથી કામે લગાડતા. આ પ્રમાણે એક પછી એક ભિન્ન ભિન્ન જાતના ધંધા રોજગાર નિકળ્યા. જેથી માણસો અરસપરસ મદદ તથા નફાને માટે એક બીજાના સમાગમમાં આવવા લાગ્યા. તે એમ કરતાં કરતાં તેમના ઘરો વધવા માંડયાં, ઘરો વધીને ગામડાં થયાં; ને ગામડામાંથી કસ્બા થયા, ને કસ્બા વધી પડીને મોટાં નગરો થઇ પડયાં. દુશ્મનના હુમલા વખતે રક્ષણ સારૂ જુદા. જુદા વર્ગના લોકો એકઠા થઈ સઘળા લડાઇનો હુન્નર શિખતા. અગર તેમનામાં જે ઘણાજ બહાદુર અને મજબુત હોય તેમને ચુંટી કાઢી ભૂમિનુ રક્ષણ કરવા સૈન્ય બનાવતા. તથા ઘણોજ ઉત્તમ અને બલિષ્ટ જણાય તેને દેશના કલ્યાણને અર્થે સર્વાનુમતે મંજુર કરેલા કાયદાનો અમલ કરવાને પસંદ કરતા. કારણકે આગલા તેમજ પાછલા જમાનામાં અદેખાઈ તથા ખરાબ મનોવિકારનું પ્રબળ થઈ આવ્યાને લીધે સત્યાનાશ વાળી નાંખે એવી તેઓએ લઢાઇઓ કરી હતી. એવી લઢાઇઓથી આ જગતની ઘણી પ્રકાશિત જગોમાં કલંક રહ્યાં છે. ભટકતી ટોળીઓ

અગર તેમનો નાયક પોતાની સાથે માણસો, ઘેટાં, બકરાં તથા ગાયો ભેંશોનાં ટોળાં લેઈ રસ્તામાં જતા નજરમાં આવે તે માલ પડાવી લેતો. આમ કરવા કરતાં ખેડુત તથા કસ્બામાં રહેનારને સલાહ શાંતિવાળી જીંદગી વધારે પસંદ પડતી.

આમાં હમેશાં કાંઈ એ લોકોનો દોષ કાઢવા જેવું નહોતું, પણ આ બેમાંથી તેમને રસ્તે જતાં લઢી પડવાનો વધારે સંભવ હતો. કેમકે જમીનની માલકી માટે તેમની વચ્ચે તકરારો ઉઠતી- રઝળતા લોકોને હથીઆર બનાવવાનું તથા ઘર બાંધવાનું સખત કામ કરવા કરતાં ભટકવું ને ખાઇને પડી રહેવું બહુ ગમતું હતું. વળી ખેડુતોએ મહામહેનતે પકવેલાં સારાં ફળફળાદિ તથા કારીગરોએ શ્રમ લેઈ બનાવેલાં ચળકતાં તીક્ષ્ણ ઓજારોમાં તેઓ જબરજસ્તીથી ભાગ પડાવતા હતા તેથી તેમની વચ્ચે લાકડીઓને પથરા ઉડતા, ને તેમાંથી યુદ્ધ થતું હતું. મજબુત હોય તે નબળાને જીતી તેમની જમીન ખુંચી લેતા, અગર ઉજડ કરતા, ને જેમનો જીવ બચાવવો તેમને ઠીક લાગતો એવાને ગુલામ કરી લેતા. પછીના ઘણા જમાના જેવોજ એ જમાનો પણ હતો કે જે વખતે



માણસની મનોવૃત્તિઓ કોમળ નહોતી પણ "બળીયાના બે ભાગ" એજ કહેવતને અનુરીને લોકો વર્તતા હતા, એટલે જે જબરો હોય તે ફાવી જતો.

પણ લડાઇઓ કાંઈ હમેશાં સુધી ચાલતી નથી અને બધુએ જવા દેઇને મિત્રાચારી તથા સલાહ શાંતિમાં રહેવું વધારે દુરસ્ત છે એમ માણસને પછી માલમ પડતું ગયું, તેથી તેઓ ભેગો વેપાર કરવા લાગ્યા. પૃથ્વીમાં ખેડુતને જોઇએ તે કરતાં વધારે પાક થવા લાગ્યો તેથી ખેડુત ભરવાડ, ગોવાળ અને કારીગરો અરસ પરસ વ્હેવાર ચલાવવા માંડ્યા એટલે ખેડુતને ઢોર અગર હથીઆરની જરૂર પડતી, ત્યારે તે કીમતના બદલામાં અનાજ આપી તે લેતો, અને એ પ્રમાણે દરેક કોમ તેની સાથે ખુશીથી વ્હેવાર બાંધતી.

આ પ્રમાણે વ્હેવાર ચાલતાં હાલતાં કેડે ઘણી જરૂરની ન હોય એવી ચીજો એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઈ જવામાં તેમને અગવડ પડવા લાગી તેથી સ્થાઈ કીમતની સહેલાઇથી સાથે લઇ જવાય એવી અને સંઘરી રાખ્યાથી બગડી ન જાય એવી કોઇ ચીજનો આવાં સાટાં કરવાના કામમાં ઉપયોગ

કરવો ઠીક લાગ્યો, એટલે પ્રથમ તો તેઓએ કાંસાના શિક્કાના નાણાં ચલાવવા શરૂ કર્યાં, અને બીજી ધાતુઓ કરતાં સોનુ રૂપુ અછતવાળું હોવાથી વધારે કીમતી માટે તેનો પાછળથી ઉપયોગ કરવા માંડયો. થીબ્ઝ આગળના ચિત્ર કામ તથા પ્રાચીન ઇતિહાસ પરથી આપણને માલમ પડેછે કે અસલી જમાનામાં સોનુ રૂપુ દોલતમાં ગણાતું. તે અરસામાં બાઇબલમાં કહ્યું છે કે ઇબ્રાહીમ પાસે ઘણાં ઢોર તથા સોનુ રૂપુ હતું, માટે તે વધારે દ્રવ્યવાન ગણાતો હતો. "દ્રવ્ય સબંધી" એ અર્થનો "પીક્યુનરી" શબ્દ લેટીન "પીકસ" ધાતુ જેનો અર્થ ઢોર થાય છે તે ઉપરથી નિકળ્યો છે, અને તે પરથી એમ જણાય છે કે અગાઉ માણસની દોલત તેની પાસેનાં ઢોર ઢાંખરની સંખ્યા પરથી ગણાતી હતી, ને આ પરથી મને યાદ આવે છે કે આ બાબતના સંબંધમાં બોલવા લખવા તથા ગણત્રી કરવા વિષે મારે તમને કાંઈ કહેવાની જરૂર પડશે.

## (૧૦) ભાષા.

માણસ ભાષા વાપરતાં શી રીતે શિખ્યો તે જાણવામાં આવ્યું નથી, અને પ્રાચીન વખતના જ્ઞા-



નીઓએ તે શોધી કાઢવાને લીધેલો શ્રમ ફોકટ ગયો છે.

જે ઇશ્વરે માણસને આવા ભિન્ન ભિન્ન જાતના ઉચ્ચાર કાઢવાની સુંદર ઇંદ્રિઓ આપી છે, તેણેજ જે જે વસ્તુઓ તેમની નજરે પડી તેના નામ આપવાની તથા તેમના મનના વિચાર શબ્દમાં દર્શાવવાની શક્તિ આપી છે.

અવાજ ઉપરથી શબ્દનાં નામ પડેલાં છે, એવા કેટલાક શબ્દનો આપણે ખુલાસો આપી શકીએ, જેવા કે ઘડીઆળનુ ટીક ટીક થવું કહીએ છીએ અને એક જાતના પક્ષીને તેના અવાજ પરથી કાકા કૌવા કહીએ છીએ. પણ ભાષાના અસંખ્ય શબ્દમાંથી આ રીતે તો થોડાજ શબ્દનો ખુલાસો થાય છે, અને બાકીના શબ્દોના મૂળ એટલાતો ઉંડા છે કે તે સોધી કાઢવું ઘણું કઠણ છે.

માણસની ભાષામાં પહેલાં ઘણા થોડા શબ્દો હતા, તે વળી ટૂંકા હતા. અને બીજાને પોતાના વિચાર દર્શાવવામાં તેને ઘણી ઇશારતની ભાષા વાપરવી પડતી હતી. હાલ પણ આપણે એમજ કરીએ છીએ. કેમકે જ્યારે આપણે "ના" કહેવાની હોય છે

ત્યારે માથું ધુણાવીએ છીએ, અને "હા" પાડવાની હોય છે ત્યારે માથું નીચું નમાવીએ છીએ. દોસ્તી બતાવવાને હસ્ત મેળાપ કરીએ છીએ, અને પરદેશમાં મુસાફરી કરતી વખતે ભાષાના અજ્ઞાનને લીધે આપણને સંજ્ઞાથી ઘણો વ્હેવાર ચલાવવો પડે છે.

સંજ્ઞા અગર ચાળાથી બતાવાય નહીં એવી ઘણીજ થોડીજ વસ્તુઓ છે. અને અસલના વખતમાં આખાં નાટકનાં નાટક પણ નકલીઆઓ એકે શબ્દ બોલ્યા વિના ચાળા કરી ભજી બતાવતા હતા. નીરો જે વખતમાં બાદશાહ હતો તેવામાં રોમની અંદર એક રાજા હતો તેના વિષે એવું કહેવામાં આવે છે કે એક વખત તેણે નકલીઆની સંજ્ઞા કરવાની અદ્દભુત રીત જોઇને તેને માટે માગણી કરી, એટલા માટે કે જે પ્રજાની તે ભાષા જાણતો ન હોય તેની સાથે વ્હેવાર ચલાવવાને કામનો થઇ પડે. આપણી પાસે હવે તો એટલા બધા શબ્દ છે કે આપણે થોડીજ સંજ્ઞા વાપરવી પડે છે.

માણસ જાતની બધી કોમો એકજ કુટંબમાંથી નિકળી આવેલી ધારવામાં આવે છે, તેમ ભિન્ન ભિ-



SA MEHT

ન જાતની બોલાતી ભાષાઓ પણ એકજ મૂળમાંથી પેદા થયેલી હોય એમ લાગે છે.

ભાષાની મુખ્ય ત્રણ શાખાઓ છે. માટે તેમનું ધ્યાન આપવાને કેટલાક અઘરા શબ્દ વાપરવા પડશે. કેટલાક વરસ ઉપર એમ ધારવામાં આવતું હતું કે યાહુદી લોકોની હીબ્રુ ભાષા કે જેમાં તેમના પવિત્ર પુસ્તક જેવાં કે "ઓલ્ડ ટેસ્ટમેન્ટ" વગેરે લખાયેલાં છે તે બધી ભાષાની જનેતા તરીકે હતી પરંતુ શબ્દના મૂળ સ્વરૂપની વ્યુત્પત્તિ ઉપરથી વિચાર કરતાં હમણાં એમ માલમ પડયું છે કેઃ—

૧ સંસ્કૃત, જેમાં બ્રાહ્મણોનાં પવિત્ર પુસ્તકો લખાયેલાં છે, અને જે સોલોમન તથા મહાન સિકંદર રાજાના વખતમાં બોલાતી હતી, પણ જે હાલ બે હજાર કરતાં વધારે વરસથી લય પામેલી છે, તે તથા ઝંદ ભાષા જેમાં પારસીઓના પવિત્ર પુસ્તક લખાયેલાં છે તે તથા ગ્રીસની ગ્રીકભાષા, અસલના રોમન લોકોની લેટીન ભાષા તથા હિંદુસ્તાન અને યૂરોપની લગભગ તમામ બીજી ભાષાઓ આર્ય ભાષાની શાખાઓ છે.

આ આર્યન લોકો વિષે હું તમને પાછળ કહી

ચુક્યો છું, અને આટલુ વળી વધુ કહેવા માગું છું કે કૃષિકામ, રસ્તા બનાવવાની યુક્તિ, શીવવા, વણવાનું ને ઘર બાંધવાનું તથા સો સુધી ગણવાનું તેમને આવડતું હતું, એમ તેમની ભાષાપરથી આપણને માલમ પડે છે. માતા, પિતા અને ભાઈ બહેનનો કેવો પવિત્ર સબંધ છે તે તેઓ સારી રીતે સમજતા હતા. તેજને તેઓ પરમેશ્વર માની તેનું આવાહન કરતા, કે જે નામ ખ્રિસ્તિ દેવળોમાં તથા હિંદુસ્તાનનાં મંદિરોમાં હજુ સાંભળવામાં આવે છે. "દેવ" શબ્દ એક જુના શબ્દપરથી નિકળેલો છે. જે શબ્દ તેઓ પ્રથમ આકાશને માટે વાપરતા, અને પછીથી આકાશમાં રહેનારને લગાડવા લાગ્યા. કેમકે સૂર્ય, ચંદ્ર, ને તારાનીએ પેલીપાર તથા જે બધી વસ્તુનો ફેરફાર થાય છે ને થવાનો છે તેની પણ પેલીપાર સ્વચ્છ આશમાની રંગનાં અનંત આકાશ છે ત્યાં પ્રકાશરૂપી પરમેશ્વર કે જેમાં અંધકાર લેશ માત્ર છેજ નહીં તેનો વાસ છે એમ દરેક યુગમાં માણસો માનતા આવ્યા છે.

(૨) ભાષાઓની બીજી શાખામાં હીબ્રુ ભાષાનો તથા આરબી ભાષા જેમાં મુસલમાનોનું કુરાન લખાયેલું છે તેનો, અને ફીનિશિઆ, બાબિલન, આસીરિયા, તથા કાર્થેજના પ્રાચીન સ્થંભ પરની ભાષાનો સમાસ થાય છે.



(૩) ત્રીજી શાખામાં દુનીઆમાં ફેલાયેલી બાકીની ભાષાઓ આવી જાય છે, ને ચીન, ટિબેટ, અને હિંદુસ્તાનની પૂર્વ તરફના ભાગની એકાક્ષરી શબ્દોની બનેલી ભાષાઓ પ્રથમ લોક બોલવા લાગેલા, તે તેના (ભાષાના) અંશરૂપે સ્વતંત્ર રહેલી છે, એટલે કોઇપણ શાખામાં તેમનો સમાસ થતો નથી.

બ્રિટનની પ્રાચીન ભાષા હાલમાં વેલ્સ, આયર્લાંડ અને સ્કોટલાંડના કેટલાક ભાગમાં વપરાતી માલમ પડેછે. ને હાલની ઇંગ્રેજી ભાષા કે જેમાં એક લાખ કરતાં વધારે શબ્દ છે, તેની મૂળ ભાષાને જર્મનીના કિનારાપર બોલાતી ભાષા એકજ છે, તે ભાષા એંગ્લો સેકસન જાટ તથા યૂરોપખંડની બીજી કોમોએ આણી હતી, એંગ્લો સેકસન આધુનિક ઈંગ્રેજીની મૂળ ભાષા છે. તેમાં જુદા જુદા રૂપોમાં લેટીન શબ્દોની સાથે વળી બીજી પ્રજાની ભાષાના કેટલાક શબ્દોનો ઉમેરો કરવામાં આવ્યો છે.

ઇંગ્રેજી ભાષામાં શા શા ફેરફાર થયા, તેમજ

તેની અંદર આરેબીક, ટર્કીશ તથા ચાઇનીઝ વીગેરે અન્ય ભાષામાંથી કીયા કીયા શબ્દો આવ્યા છે, એ બધું તમારે સારી રીતે જાણવું હોય તો નીચેના પુસ્તક તમારે વાંચી લેવાં.

ડાક્ટર મોરીસના "હિસ્ટોરિકલ ઔટલાઇન્સ ઓફ ઇંગ્લીશ એક્સિડંસ" તથા આર્ચબીશપ ટ્રેન્ચની બનાવેલી "ઇંગ્લીશ પાસ્ટ એન્ડ પ્રેઝંટ."

મને એમ લાગે છે કે ભાષા વિષે મેં તમને જે વિવેચન કર્યું, તેની તમને બરોબર સમજણ પડી નહીં હોય, પણ (ખેર) જેવડે આપણે પૃથક પૃથક ભાષામાં લોકો સાથે વાતચીત કરી શકીએ છીએ, અને જેવડે ઇશ્વરનું જ્ઞાન મેળવવાને વાસ્તે જુદે જુદે વખતે માણસે કરેલા પ્રયત્નનું ધ્યાન પ્રાચીન ગ્રંથમાં વાંચી શકીએ છીએ તેવી કુદરતી શબ્દરૂપી સુંદર બક્ષિસને અભ્યાસ કરવાની મહત્તા જ્યારે તમે વધારે સારી રીતે જાણશો, ત્યારે તમને આ બધુ ફરીથી કહેવામાં આવશે. શબ્દનો અભ્યાસ કરવો, એ વખત ગાળવાનો એક રમુજી રસ્તો છે. અને શબ્દકોશ જે ઘણા લોક અરસિક પુસ્તક ગણે છે તે કવિતા, ઇતિહાસ, અને સુંદરતા જે તેના શબ્દની



અંદર સમાયેલાં છે, તેથી ભરપૂર છે, અને જેની પરીક્ષા ડાહ્યા માણસો કરી શકે છે. આ વાત તમારા જાણવામાં આવે ને તે ખરી છે એવું તમને લાગે એવે રસ્તે તમને લઇ જવાની હાલ મારી મરજી છે.

## (૧૨) લેખન.

માણસને લખતાં શીરીતે આવડ્યું તે કહેવું બહું સહેલું છે. લેખનનો ઉપયોગ એ છે કે કોઇપણ વસ્તુ આંખ આગળ એવી રીતે મૂકવી કે તેનો ભાવાર્થ જોતાં વેંતજ સમજી જવાય. આમ કરવાને છેક અસલી રસ્તો એ હતો કે તેઓ ચિત્રામણથી પોતાના મનોભાવ દર્શાવતા હતા. આ પ્રમાણે ચિત્રલેખન ઘણા વરસ સુધી ચાલ્યું, અને હજી પણ પૃથ્વીના ઘણા ભાગોમાં જંગલી લોકમાં તે જોવામાં આવે છે. ખડકો, પથ્થરની છાટ, ઝાડ અને કબરો ઉપર કાંઇ પણ બાબતની નોંધ કરવાને અગર કાંઇ સંદેશો કહેવાને ચિત્રામણ કઢાતાં હતાં.

જેમ જેમ વખત જતો ગયો તેમ તેમ આ કંટાળા ભરેલી પદ્ધતિને બદલે માણસો અમુક શબ્દો અગર ઉચ્ચારને માટે ચિહ્ન લખતાં શિખ્યા; પછી બીજું પગલું તેઓએ એ ભર્યું કે શબ્દના અક્ષર

જુદા પાડતાં શિખ્યા, તથા અમુક ચિહ્ન હમેશાં અમુક અક્ષર બતાવે એવું તેમણે નક્કી કર્યું. અને એમ કરતાં મૂળાક્ષર નિકળ્યા. મૂળાક્ષરના દસ્કતના આકાર પ્રથમની ચિત્રલેખનની પદ્ધતિમાંથી નિકળ્યા છે, એમ કેટલાકનું માનવું છે, તે બતાવવા માટે તેમને આટલું કહીશું કે હીબ્રુ ભાષાની બારાખડીનો પહેલો અક્ષર "અલેફ્" છે, તેનો અર્થ બળદ થાય છે અને એ અક્ષરના આકારનું ચિહ્ન બળદના માથાની આકૃતિ બતાવવા માટે પહેલાં વાપરવામાં આવતું.

સૂર્ય, ચંદ્ર ને તારાને માટે જે ચિહ્ન ખગોળવેત્તા વાપરતા તેપરથી તથા ૧-૨-૩ ને માટે વપરાતી I, II, III, આવી ઉભી કાઢેલી લીટીઓપરથી એમ સાબેત થાય છે કે સુધરેલા જમાનામાં માણસને ચિત્રામણની પદ્ધતિ જ્યારે આટલી બધી ઉપયોગી થઇ પડેલી લાગે છે તોપછી અસલી વખતમાં તે વધારે કીમતી અને ઉપયોગી થઈ પડેલી હોવીજ જોઇએ એમ અગાડી તપાસ કરવાથી માલમ પડશે.

જ્યારે લોકોને લખતાં આવડતું નહીં, ત્યારે જેવી



રીતે તેઓ ચિહ્ન અગર નિશાન કરતા, તેમ અગરજો આપણે કરતા નથી, તોપણ આપણે સહી કરતી વખતે નિશાન કરીએ છીએ એવું હજી પણ આપણું બોલવું થાય છે.

## (૧૨) ગણત્રી.

ગણત્રી કરવાની રીત જંગલી લોકોને ધીમે ધીમે આવડતી ગઈ. અને આજપણ કેટલીક એવી કોમો છે કે જેને ફક્ત ચાર સુધીજ ગણતાં આવડે છે. ચાર ઉપર ગણતાં આવડતું નથી, ને કદાપિ આવડે તો ભારે સંખ્યા બતાવવાના શબ્દની તેમને ખબર નથી.

આખી દુનિઆ ઉપર ગણત્રી કરવાને આંગળાં વપરાય છે. અને ઘણી કોમોમાં "હાથ" અને "પાંચ" ની સંખ્યા એકજ શબ્દ વડે દર્શાવવામાં આવે છે.

જંગલી લોકની નીચે પ્રમાણે ગણવાની સામાન્ય રીત કહી શકાય.

૧ હાથ કહેતો પાંચ સમજવા.

બે હાથ અગર અડધો માણસ કહેતો ૧૦ સમજવા.

બે હાથ અને એક પગ કહેતો ૧૫ સમજવા.

હાથ અને પગો અથવા એક માણસ કહેતો ૨૦ સમજવા.

આપણે પણ એવીજ રીતે ગણીએ છીએ. જેમકે ઈંગ્રેજી શબ્દ "ડીજીટ" (એકમ) એકથી નવ સુધી ગમે તે આંકડા માટે વપરાય છે. તે લેટીન શબ્દ "ડીજીટ્સથી" થએલો છે. અને તે લેટીન શબ્દનો અર્થ આંગળી થાય છે. આપણી બધી લેવડ દેવડમાં પંચકડા તથા દસકાથી ગણત્રી થાયછે, વળી પ્રાચીનકાળમાં કાંકરાવડે ગણવાનો એક રીવાજ હતો. ને હજુ પણ કેટલાક ગામડીઆમાં જોવામાં આવે છે. જેમકે અસલના વખતમાં દોરીએ ગાંઠાવાળી ગણત્રી કરવામાં આવતી અને એ પદ્ધતિનું કોઈક સ્વરૂપ આપણે હાલ કાંઈ પણ વાત ભુલી જઈએ નહીં માટે અંગરખાની કસે ગાંઠ વાળીએ છીએ તેપરથી જણાઈ આવે છે.

યૂરોપના વાયવ્ય ખૂણામાં જે લોક રહેતા તેમની જે કાંઈ જુની ચીજો મળી આવી છે તે પરથી જે જે અનુમાન કરવામાં આવ્યાં છે. તે અનુમાનના આધારે દુનિયાની બાલ્યાવસ્થાનો આ હેવાલ અત્રે આપવામાં આવેલો છે. પણ તે પરથી એમ નહીં સમ-



જવું કે માણસો પહેલવહેલાં યૂરોપના વાયવ્યખૂણામાં રહેતા. કારણ કે એમ માનવામાં આવે છે કે માણસની વસતી પહેલી તો બીજે ઠેકાણે હતી. અને ત્યાંથી પછી તેઓ એ ભાગમાં આવ્યા. કારણ કે જે જમાનાને પથ્થરનો પ્રાચીન જમાનો કહીએ છીએ તે જમાનામાં એટલે કે જ્યારે બ્રિટન અને આયર્લાંડ યૂરોપખંડ સાથે જોડાએલાં હતાં અને જે ખીણો હાલ જર્મન મહાસાગર અને ઇંગ્રેજી ખાડીથી ઢંકાઈ ગઈ છે, તે ખીણોમાંથી જ્યારે મોટી નદીઓ વહેતી, ને જે જમીનને હાલ ઇંગ્લાંડ ને ફ્રાન્સ કહેવામાં આવેછે તે જમીનના દેવદારના જંગલોમાં ઉનવાળા હાથી તથા ગેંડા ભટકતા હતા તે જમાનામાં યૂરોપખંડ હમણાં કરતાં ઘણોજ થંડો હતો, અને એમ માનવામાં આવે છે કે માણસો આ રાક્ષસી પ્રાણીઓ અગાઉ ત્યાં રહી શકતા નહોતા.

ખડકો અને નદીઓના અવલોકન પરથી જે સુંદર વાત હમેશાં જણાઈ આવે છે, તે જ્યારે એકવાર તમારા જાણવામાં આવશે ત્યારે તમને ખબર પડશે કે આ પૃથ્વીપર કેવા મોટા ફેરફાર થયેલા છે. આ વાતની વધારે ખાતરી કરવી હોય તો મેં તમને જે

વિવેચન આપ્યું છે તે બાબત તમારે ખૂબ વિચાર કરવો, અને વળી વધારામાં હું એટલું પણ કહુંછું કે જે જગોએ હાલ તમો વસોછો ત્યાં એકવાર જળ જળ બંબાકાર હતું, અને હવે પછી એક વાર એવો પણ વખત ફરીને આવશે કે જ્યાં જમીન છે ત્યાં જળ જોવામાં આવશે.

## (૨૩) પોતાનુ અસલ રહેઠાણ છોડીને માણસ જાતનું બીજી જગોએ ભ્રમણ.

એમ ધારવામાં આવે છે કે જે જમીન હાલમાં હિંદીમહાસાગર તળે છે, તે ઉપર માણસો પહેલ વહેલાં દૃષ્યમાન થયાં હતાં. અને ઘણા વર્ષ પછી જે જે ફેરફાર થયા તેમાં તેમના વંશજો આસ્તે આસ્તે પૃથ્વીપર ફેલાયા. તેમાંના કેટલાક આખરે નાઇલ નદીના ફળદ્રુપ પ્રદેશમાં વસ્યા, અને તેમના વંશજો ઇજીપશીયન રાજાઓ થયા, અને કેટલાક યૂરોપખંડના ઉતર તરફના ટાઢથી ઉજડ થયેલા પ્રદેશમાં જઈ ચઢયા, અને તેમના વંશજો દરીઆઈ મુલકના રાજા થયા.

માણસ જેવી હવામાં રહેછે તેવી હવાથી જેમ તેની ચામડીના રંગપર અસર થાય છે, તેમજ માણસ જે જગાએ રહે છે, તે જગાની અસર પણ



તેની ઉન્નતિ અને રહેવાની પદ્ધતિ પર થાય છે; અને તેથી કરીને કેટલીક જાતો બીજી કરતાં વધારે ચઢીયાતી કેમ છે તથા તેનાપર રાજ્યકર્તા શાથી થઈ પડી છે, તેનો ખુલાસો આથીઃ થશે. જ્યાં આગળ ઘણાં ઘાસવાળાં મેદાન હતાં ત્યાં લોકો ઘેટાં ને બકરાંનાં ટોળાં ભેગાં કરી ચારો શોધવાને એક જગાએથી બીજી જગાએ ભટકતા, તેથી તેમને સુધારામાં આગળ વધવાને ભાગ્યેજ તક મળતી. જ્યાં આગળ ફળદ્રુપ જમીન તથા સુગંધી હવા હતી ત્યાં આગળના લોક ખેડુત અને લાકડાં તથા ધાતુના કારીગર થઈ પડયા, ને તેમણે જ્ઞાન તેમજ દ્રવ્ય એકઠું કર્યું. અને જે લોકો બેટપર તથા દરિઆ કિનારે રહેતા તેઓ બહાદુર અને સાહસિક થઈ પડયા.

જ્યારથી ઘણું કરીને ઇતિહાસનો આરંભ થાયછે તે વખત પછીનો હેવાલ આપવાને આ પુસ્તકનો હેતુ નથી, અને તેથી તમે જે કાંઇ શિખ્યાછો તે અમુક જાત અથવા અમુક પ્રજાના સંબંધમાં નહીં, પણ આખી માણસ જાતની ઉન્નતિ શીરીતે થઈ તે બાબત શિખ્યાછો. પોતાનું સામાન્ય ઘર છોડીને માણ-

સની કેટલીક મુખ્ય શાખાઓ બહાર પડી તે વખતનો કાંઇક હેવાલ આપવાની મારી મરજી છે.

યૂરોપના ઉત્તર તરફના ભાગમાં જે જાતો ગઈ તેમણે ઘણા જમાના સુધી જંગલી ભટકતું જીવતર ભોગવ્યું, ને પછી તેઓ એટલે સુધી આગળ વધ્યા કે ધાતુ કામમાં લેવા તેમણે પોતાની મેળે શોધી કાઢયું અથવા બીજી કોમો પાસેથી શિખ્યા. તથા મહાન મહાસાગરો વશ કરવાને જોઇએ તેટલા મજબુત જંગી વહાણો બાંધવામાં ધાતુનો ઉપયોગ કરતાં શિખ્યા. એટલે તેઓએ શાંત લોકપર ત્રાસ વર્તાવવા માંડયો. આ ઇંગલાંડ બેટ પર તેઓ એક પછી એક તલપ મારીને કેવી રીતે તુટી પડયા, તથા લુંટફાટ કરી જે કોઈ હાથમાં આવ્યું તે લીધું, તે પ્રાચીન ઇંગ્રેજી ઇતિહાસ પરથી માલમ પડશે.

બીજી કેટલીક જાતો ઇરાનમાં કે પેલેસ્ટાઇનના દરિઆ કીનારે તથા કેટલીક ઇજીપ્તમાં વસી અને આમાંથી આગળ જતાં કેટલીક મોટી પ્રજાઓ ઉત્પન્ન થઇ કે જેમના રાજાઓ ઇબ્રાહિમના જન્મ પહેલાં ઘણાં વર્ષપર રાજ કરી ગયા. વળી કેટલીક અન્ય કોમો એશિઆ અને અમેરીકા વચ્ચેની સાંકડી સા-



મુદ્રધુની ઓળંગીને ઉતરી પડી, અથવા દરિઆમાં જવાની હીમત ધરતાં પાસિફિક મહાસાગરના જબરા વ્હેણથી પૂર્વ તરફ ઘસડાઈ ગઇ, અને નવી દુનિઆમાં એટલે અમેરિકામાં જઈ વસી. જે લોક દક્ષિણ તરફ મુસાફરીએ ગયા તેમણે મ્હોટાં શહેરો બાંધ્યાં કે જેમનાં ખંડેરો તેમની આગળની મહત્તા અદ્યાપિ કહી આપે છે.

ગ્રીસ અને રોમનાં મોટાં રાજ્યો થયાં, તેની પહેલાં ઘણાં વર્ષ ઉપર યાહુદી લોકો થયા. જેના ઇતિહાસથી બાઇબલનાં ઘણાં ખરાં પુસ્તકો ભરાઈ ગયાં છે, અને જે ઇબ્રાહિમનામે સરદારના વંશના હતા. આ ભલાં અને ઉદાર મનના શખ્સ વિષે આગળ જતાં હું તમને કેટલીક રમુજી વાર્તાઓ કહીશ.

ઇબ્રાહિમ પોતાની સ્વદેશ ભૂમિ તજીને તેના ગુલામ તથા ઢોર ઢાંખર લેઇને પેલેસ્ટાઇનમાં ગયો. પછીથી તેના વંશજો ઇજીપ્તમાં વસ્યા. તે ઇજીપ્ત તે વખતમાં ઘણોજ પાકવાળો મુલક હતો. જ્યાં તેમની ઘણી વસ્તી વધી પડી અને જોસફની હયાતીમાં તેમની સારી રીતે બરદાસ થઇ, તે જોસફની અસરકારક વાત જેનીસીસના પુસ્તકમાં કહેવામાં આવેલી

છે. જોસફના મુવા બાદ યાહુદી લોકને ગુલામ કરવામાં આવ્યા. ને તેમનાપર જુલમ ગુજારવામાં આવ્યો. એક ભલો વિદ્વાન અને શૂરવીર મોઝીઝ નામનો નર જેને રાજાની કુંવરીએ પોતાના પુત્ર સમાન વાત્સલ્ય પ્રેમથી ઉછેર્યો હતો તેને પોતાના સ્વદેશી બાંધવોનું દુઃખ દેખી ગુસ્સો ચઢી આવ્યો, તેથી પોતે આગેવાન થઈ તેમને દુઃખમાંથી મુક્ત કર્યા. સરદારો અથવા ન્યાયાધિશોના અમલ તળે રહીને તેઓએ પાલેસ્ટાઇનમાં કેવી રીતે પ્રયાણ કર્યું તથા તે જમાનાની ઘાતકી રીત પ્રમાણે માણસને બૈરાં છોકરાંને મારી નાંખ્યાં અને તેઓ શી રીતે વધ્યા ને તેમની ઉન્નતિ થઈ. પરંતુ પાછળથી દુર્ગુણને રસ્તે ચઢી, કેવી રીતે ગુલામ થયા તથા પાછા જીસસ ક્રાઇસ્ટજ નમ્યો ત્યાં સુધી રોમન બાદશાહને કેવી રીતે તાબે હતા આ બધી વાત ધીમે ધીમે ધર્મ શાસ્ત્ર સંબંધી ઇતિહાસપરથી તમારા જાણવામાં આવશે.

## (૧૪) દરેક બાબતમાં માણસની ઉન્નતિ.

પાષાણ યુગની વખતને હાલના વખત સાથે સરખાવીએ છીએ તો તેમાં કેટલો બધો આશ્ચર્યકારક સુધારો થયેલો છે, તે આપણને માણસના પ્રથમના ઇતિહાસ પરથી માલમ પડેછે, એકલાં ઘર બાંધવામાં, રાંધવામાં, વાસણ કુસણમાં, લૂગડાં લત્તાંમાં, ધાતુના ભિન્ન ભિન્ન જાતના ઉપયોગ કરવામાં સુધારો કરવામાં આવ્યો છે એટલુંજ નહિ, પરંતુ જમીન તળેના તથા આસપાસના તારા મંડળીના જ્ઞાનમાં માણસે ઘણો સુધારો કરી દીધો છે. વીજળી, પવન, ધસતા પ્રવાહ એ બધા માણસને માટે હમેશાં કામ કર્યા કરે છે, ને તેઓની શક્તિ તેમના હુકમને આધિન છે. તારા મંડળનો ગુપ્ત ભેદ ઘણા માણસે જાણી લીધો છે, ને હજી પણ વધારે જાણી લેશે, તથા તે આ સૃષ્ટિમાં કાંઈ પણ નવું નવું હમેશાં શોધી કાઢતો જાયછે. અસલના વખતથી તે હમણાં સુધીમાં જે કાંઇ કરવામાં આવ્યું છે, તેનો પાયો જે લોકોએ નાખ્યો છે તેમને ઓળખવાને તથા તેમનો ઉપકાર માનવાને દરેક માણસની ઇચ્છા થાય. કારણ કે જે માણસે ચકમકનો પથરો પહેલ વહેલો ઘડયો તે બધા શિલ્પ શાસ્ત્રીઓનો પિત હતો, તથા જેણે માણસનું અગર મેમથનું પહેલ વહેલુ ચિત્રામણ કાઢ્યું તે બધા ચિતારાઓને પતા હતો;

તથા જેણે પહેલ વહેલાં નાનાં ઘર બાંધવાને પથરા ગોઠવ્યા તે તમામ મઠ અને દેવળના બાંધનારનો પિતા હતો; તથા જેણે હરણનાં હાડકાંમાં સીસુડી કરવાને પહેલ વહેલું કાણું પાડ્યું, અથવા જેણે કામઠાને લાંબું આંતરડું બાંધીને પહેલ વહેલો અવાજ કાઢ્યો, તે બધા ગવાઇઆનો પિતા હતો; તથા જેણે પ્રથમ પોતાના સાદા વિચાર છંદમાં દર્શાવ્યા તે બધા કવિઓનો પિતા હતો; તથા જેણે સૂર્યને તારાઓનો ગુપ્ત ભેદ જાણવાનો પ્રયત્ન કર્યો, તે બધા ખગોળવેત્તાનો મૂળ પિતા હતો.

## (૧૫) પ્રજાઓનો ક્ષય.

અસલના વખતમાં માણસના આ સાધારણ હેવાલને "દુનિઆની બાલ્યાવસ્થા" એવું નામ મેં આપ્યું છે. કેમકે દુનીઅનું પ્રાચીનથી તે અર્વાચીન સ્થિતિ તરફનું આગમન આપણે બચપણમાંથી યુવાવસ્થામાં આવીએ તેના જેવું છે.

એકંદર કહીએ તો માણસ જાતના સુધારામાં કાંઈ પણ વિઘ્ન આવી પડ્યું નથી, તોપણ કોઈ કોઇ વખતે કેટલાક ભયંકર બનાવ સુધારાને અટકામણ થએલા તે વાત આપણે ભુલવી જોઇએ નહીં. ખં-



ડેરો અને પુસ્તકો રૂપી ઇતિહાસ ઉપરથી એમ જણાય છે કે કેટલીક કોમો તથા પ્રજાઓ એટલી બધી મોટી વૈભવવાળી થઈ ગઈ છે, કે જેને માટે કોઇ એમ ધારતું નહોતું કે તેમનો કદી પણ નાશ થશે, તે અમુક હદ સુધી પોહોચી, અસ્ત પામી, અને હતી નહોતી થઇ ગઈ. અને માણસો હજારો વર્ષથી પૃથ્વી પર વસે છે તો તે દરમીયાન કોમોની ચઢતી પડતી થએલી હોવી જોઇએ પણ તે કોમોનો કાંઇ પત્તો મળતો નથી.

આ દુનિઆની દરેક જગો થોડી અથવા વધારે પાપ યા ઘોર કૃત્યનું સ્થાન થઈ પડેલી છે, તેનું કારણ કોઈ કોઈ વખત પરમેશ્વર તથા પોતાના જાતિ ભાઇઓ પ્રત્યે માણસની શી શી ફરજ છે તેનું અજ્ઞાન છે, પણ ઘણી વખત તો એ કારણ છે કે માણસ દુષ્ટ કામ કરવાને વારંવાર સત્તાનો મરજી મુજબ ઉપયોગ કરે છે, અને પોતાની મૂર્ખાઈમાં તથા નઠારાં કામ કરતી વખતે તેને ભાન રહેતું નથી કે પરમેશ્વરના નિયમો બદલાતા નથી, ને પાપનો વ્યવહાર નિષ્પક્ષપાતી છે, અને પોતે પોતાની સેવા માટે મોત રૂપી બદલો આપ્યા વગર રહેતો નથી.

પ્રેમના કાયદાની માણસે અવજ્ઞા કરી તેથી પ્રાણઘાતક રણસંગ્રામ તથા કમકમાટી ઉપજે એવી કતલો થઈ છે; સ્વતંત્ર લોકોને કેદ કર્યા છે અને તેમને ગુલામ કરી તેમના બહાદુર જુસ્સાને નરમ ઘેંસ જેવા કરી નાખ્યા છે. તેઓએ તનદુરસ્તીનો કાયદો તોડ્યો છે, તેથી મરકી પ્રચારથી હજારો લોકો રામ શરણ થયા, અગર ઠાંસી ઠાંસીને ખાવાથી તથા દારૂ પીવાથી તેમનો ઘાણ નીકળી ગયો. આપણામાંથી કોઈ પણ એકલું અન્ન ખાઇને જીવી શકે નહીં, પણ આપણા જીવતરનું એજ સાર્થક હોય તો આપણે ઘણીજ અધમ સ્થિતિ ભોગવીએ છીએ એ વાત ભુલી જઈને તેઓએ પૈસો તથા પોતાનુંજ સુખ ચાહ્યું અને તેમના આત્મા ભુખ્યા તરસ્યા નાશ પામ્યા છે.

પણ જોકે સુધારા રૂપી ઘડીઆળનો કાંટો વખતે વખતે અટકી પડયો છે અથવા કદાચ પાછો પણ ગયો છે, તોપણ સારા, ભાગ્યે એ વાતતો ખરી છે કે દુનિઆની સ્થિતિ દિનપ્રતિદિન સુધરતી જાય છે પણ બગડતી જતી નથી. કેટલાક લોક જે વસ્તુ દુનિઆમાં જે બની શકે તેવી નથી તેને માટે હમેશાં નિસાસો મૂકે છે. જેઓ બચપણના દિવસોને સંભારીને તે પાછો આવે એવી ઇચ્છા રાખે છે તેઓ હમેશાં અસલી જમાનાની વાત કર્યાજ કરે છે. ને કહેછે કે તે વખતમાં લોક ખુબ ખુશાલીની સાથે હાસ્ય વિનોદમાં વખત કાઢતા, ને તેવામાં તેમને સારી રોજી મળતી, ને કોઈ ભુખે મરતું નહીં. તથા કોઇને કાંઈ ફીકર ચિંતા નહીં હોવાથી તેઓ સુખી જણાતા, ને તેથી તેમના ચ્હેરાપર વૃદ્ધાવસ્થાની કરચોલીઓ દેખાતી નહોતી. આવા લોકની વાત તમારે કદી સાંભળવી નહીં. પાછલા જમાના વિષે તેમણે જરા પણ વાંચ્યું નહી હોય, ને વાંચ્યું હશે તો તેઓ ઊંધું સમજેલા છે, કેટલીક વસ્તુની માફક "ડુંગરા દુરથી રળીઆમણા" એ કહેવત પાછલા જમાનાને પણ લાગુ પડે છે ને તેથી થોડોજ કાળ પૂર્વેના પાછલા જમાના પર દ્રષ્ટિ કરીએ તો એમજ માલમ પડે છે કે જેટલુ સુખ હાલમાં આપણા નોકર ચાકર રહેવા ખાવામાં અને ભણવામાં ભોગવે છે તેટલું તે વખતના રાજા રાણીઓ પણ ભાગ્યેજ ભોગવવા પામતા.



અસલનો વખત પાછો આવે એવી ઇચ્છા રા-

ખવી તેમ તેને વિષે તિરસ્કારથી બોલવું તે ખોટું તથા મૂર્ખાઇ ભરેલું છે. કેમકે તેણે તેની જગા પૂરી છે. ને તેણે નીમેલું કામ કર્યું છે. ભયંકર સંગ્રામમાંથી પણ કેટલીક વાર સુખ ઉત્પન્ન થયાં છે, ને માણસો જે વસ્તુને નઠારી ગણતા તે શુભ ફળ દાયક નિવડી છે. જેવી શરૂઆતની આપણને ખબર પડે છે તેમ પરિણામ શું નિપજશે તેની ખબર પડતી નથી. એની તો ફક્ત સર્વજ્ઞ ઇશ્વરનેજ માલમ પડે છે. આ પૃથ્વીમાં જે જે સુધારા થયા છે તે દરેકમાં ઇશ્વરનો હાથ છે. તથા જે દુનિઆ ઇશ્વરે પોતાના આનંદ માટે બનાવી છે તેને તે એકલી તજી દેશે નહીં. એવુ માનવામાં ખરેખરૂ ડહાપણ છે. કેમકે દુનિઆમાં કોઈ પણ ક્રિયા નિરર્થક થતી નથી. ઇશ્વરે દરેક માણસને કામ કરવાનું આપેલું છે. જો ઇશ્વર તે તેની પાસેથી લઈ લે તો આપણે એટલુંજ સમજવું કે સર્વના કલ્યાણને અર્થે બીજા પાસે વધારે સારૂં કરાવવાને તે લઇ લેતો હશે. જે કામ આપણી નજર આગળ હોય તે જોકે આપણને અલ્પ તથા જુજ લાગતું હોય તોપણ તે આપણે લક્ષપૂર્વક સારૂ કરવું જોઇએ. કેમકે આ-



કળના બિંદુનો તેમજ સૂર્યનો જે બનાવનાર છે તેને મન તે તેવું નથી. જે વસ્તુ આપણે કરવાની છે તે કેવી છે તે ઇશ્વર જોતો નથી. પણ તે કેવા ઉત્સાહથી તથા કેવી રીતે આપણે કરીએ છીએ તેપર તે નજર રાખે છે.

# ભાગ બીજો.

## (૧૬) ઉપોદ્ઘાત.

સર્વજ્ઞ તથા સર્વના કલ્યાણકારી ભગવાનને લોકો આસ્તે આસ્તે શીરીતે માનવા લાગ્યા તે બતાવતી વખતે તેના વિષે તમારા જુવાનીઆના અંતઃકરણમાં એક મોટી સત્યવાત ઠસાવવાની મારી મરજી છે. કેમકે તેના વિષે જેમ તમારો વિચાર ઉતમ તેમ તમારી જીંદગી ઉમદા થશે એમ સમજવું.

તમારા પિતા પાસે જે સારી સારી ચીજો હોય તે બધી તમને એકલાને તે આપી દે અને તમારાં ભાઇ બ્હેનો જે બિચારાં તેના પ્યારને માટે વલખાં મારતાં હોય તેમને કોઇ ઉજડ જગોએ નિરાધાર મૂકે કે જ્યાં તેમનું કોઈ છાતી સરસુ દાબનાર (દી-

ભોજન) મળે નહીં, અગર તે મરી જાય તો કોઇને
કાળજે તેમને માટે ધક્કો લાગે નહીં એવી ઘોર
જગામાં મોકલે તો તેવા પિતાને કઠણ અને નિર્દય
ધારશો.

અને તોપણ કેટલાક લોક પરમેશ્વરને વિષે આ-
વુંજ બોલે છે. દરેક માણસ, સ્ત્રી તથા બાળકને જે પ-
રમેશ્વર જીંદગી આપે છે, ને જે જીંદગી લેવી અગર
નહીં લેવી તે તેમની મરજીપર રહેતું નથી, એવા
મહાન પ્રભુને માટે તેઓ એવું કહેછે કે તે ફકત
થોડાજ પ્રાણીઓની સમીપ રહેછે, ને બાકીનાને તો
તેની પાછળ ટળવળતા રખડતા મૂકે છે, ને તેમને
કદી દર્શન આપતો નથી.

### ઇશ્વર જે આપણો પિતા કહેવાય છે.

તે ઉત્તમમાં ઉત્તમ પિતા કરતાં પણ વધારે સારો,
ન્યાયી તથાં મમતાળુ છે, અને તે કદી આપણા કો-
ઇથી દૂર નથી એમ તમારે માનવું

જે પાછલા ઝાંખા જણાતા જમાના વિષે મેં
વાત કરી તેમાં પણ જે પરમેશ્વરે આપણને સરજ્યા
છે, ને હજુ સરજતો જાય છે, તે જેમ હાલ આ-
પણી નજદીકછે તેમ તે જમાનાના લોકોની પણ તે



નજદીક હતો, અને તે તેમને દોરતો. આપણને ઈ-
શ્વર દોરે છે, તે જેમ ઘણીવાર ખબર પડતી નથી,
તેમ તે જમાનાના લોકોને પણ એ વાતની ખબર
પડતી નહોતી. જંગલીમાં જંગલી અને આપણને કેટ-
લીક બાબતમાં ઘણાજ ત્રાસદાયક લાગે એવા ધ-
ર્મના વિધિ પણ કાંઈ ભૂત પલીતે કાઢયા નહોતા.
માણસને ભમાવીને તેનો નાશ કરવાને ઇશ્વર ભૂત
પલીતને પરવાનગી આપતો નથી. પણ જેમ આ-
પણને હાલની જંગલી કોમો પરથી માલમ પડે છે
તેમ તે વિધિ અંધકારમાંથી ઝળઝળા અજવાળામાં
અને એવા અજવાળામાંથી ધોળા દહાડામાં આવવાને
માણસના પ્રયત્ન રૂપે હતા, કેમકે કોઇ માણસને
અંધકાર ગમતો નથી.

માણસની આસપાસ ચૈતન્યની સુંદરતા અને
ચંચળતા રમી રહી હતી; તેના આગળ ઘણીવાર
મૃત્યુનો ગુપ્ત ભેદ નજરે પડતો, કેમકે જુના જમા-
નામાં પણ નાના નાના બાળકો સ્વર્ગવાસી થતા, તે
વખતે તેમના મા બાપ રડતાં અને હાલની માફક તેવામાં
પણ મિત્રો પોતાના રામ શરણ થએલા મિત્રોની
કોરે ચુપકીથી ઉભા રહી અશ્રુપાત કરતા. અને શુ

તમે એમ ધારો છો કે માણસ આવી જે ગંભીર વસ્તુઓની તેના પર અસર થતી તે માટે જાણી જોઇને જૂઠું તર્કટ ઉભુ કરે ?

જો કે આ અસલના લોકો જે કાંઇ જોતા અગર તેમને જે કાંઇ લાગતું તે વિષેના તેમના વિચારો ગમે તો ખોટા હતા તોપણ તેમને મન તે ખરા હતા. પણ એ પછી જ્યારે ઘણો વખત ગયો ત્યારે કેટલાક ઉસ્તાદ (પહોંચેલા) માણસો પેદા થયા, તેમણે પોતાની ઉસ્તાદીનો ખોટો ઉપયોગ કરી, ઇશ્વરે માણસને અત્રે જેટલી જાણવાની સત્તા આપી છે તેના કરતાં પણ વધારે જાણવાનો ડોળ ઘાલી સત્યની સાથે તર્કટ અને જૂઠ ચલાવવાનો આરંભ કર્યો.

તમારો ઇશ્વિર ઉપર વિશ્વાસ એવી રીતે બેસે કે તે કદી પણ ચળે નહીં તેને માટે હું આ તમને કહું છું, અને આ સંસારના પાપ અને શોકની લાગણી ભોગવવાનો વખત આવશે ત્યારે આવા ભરોસાની તમારે કેટલી બધી જરૂર પડશે તે આગળ જતાં તમારા જાણવામાં આવશે.

## (૧૭) માણસના પ્રથમ પ્રશ્નો.

માણસ પોતાની અધમ સ્થિતિમાંથી સારી સ્થિ-



તિમાં આવ્યો અને જે ચીજોનો તેને ખપ પડતો તે તેને મળવા લાગી, ત્યાર બાદ થોડા વખતમાં તે મનમાં વિચાર કરી પોતાનું મનુષત્વ વધારે સફળ કરવા લાગ્યો, ત્યારે તેને પોતાના અંતરમાં એવી વાણી સંભળાવા લાગી કે ફક્ત ખાનપાનને માટેજ આ જીંદગી આપવામાં આવી નથી.

મોટી નિર્જન ટેકરીઓ, લીલી છમ જેવી ખીણો, ખાડા ખૈયાવાળી ખડકો, જાંબુડા રંગના પહાડોની હારો, સેંકડો માઇલ સુધીનાં સપાટ વેરાન, ઝાડ તથા સુગંધમય ફુલ, જાતજાતના ખુબસુરત માણસો, ઉંચે ઉડતાં પક્ષી, ચાલાક હરણ, મોટા પ્રતાપી સિંહ, તથા કદાવર બેડોળ મેમથ, જે ઘણા વખતથી હયાતીમાં જણાતા નથી, તે તથા સૂર્યના કિરણોના સ્પર્શથી રંગબેરંગી થઇ રહેલો અથવા આમ તેમ જતી વાદળાના છાયાથી ઢંકાઇ ગએલો વસ્તીર્ણ પ્રદેશ. આવી સૃષ્ટિ માણસ પોતાની આશપાશ જોતો. તે વળી સૂર્યનારાયણને ઉગતો તથા પશ્ચિમ દિશામાં આથમતો જોતો, તેમજ તે નિયમિત વખતે ઉગતા ચંદ્રમાને દાતરડા જેવા આકારથી વધતો વધતો પૂર્ણગોળ આકૃતિવાળો થતો જોતો, અ-

ને વળી સૂર્ય દેવતાના રથના પૈડામાંથી તણખા પ-ડ્યા હોય તેવા દીસતા, અગર દરિઆમાં ખેડતા બ્હાણોથી ઉડતા ફીણના ગોટા સમાન દીસત. થોડા અથવા ઘણા તારાઓને આકાશમાં એકદમ ચળકી ઉડતા દરેક રાત્રીએ જોતો.

સૃષ્ટિના જાત જાતના અવાજ તેને કાને પડતા. જેવા કે વ્હેતી નદીનો સુસવાટો, અહોનિશ ઘુઘુ ક-રતા સમૂદ્રની ગર્જના, અદ્રસ્ય પવનની લ્હેરથી હા-લતા પાંદડાનો ખડખડાટ, કાળાં મેંશ જેવાં વાદળાં-માંથી પડતા વરસાદનું ટપ ટપ થવું, તથા ગગડતા વાદળાંમાંથી નિકળતા વિજળીના ચમકારા થયા પછી થતી ગર્જનાઓ, આવા હજારો અવાજ ઘડીમાં ક-ઠેર તો ઘડીમાં મૃદુ નિકળતા. તેપરથી તેની આંખ ઉઘડી, એટલે તે પોતાના મન સાથે પૂછવા લાગ્યો કે આ બધાનો શો ભેદ હશે. હું ક્યાં છું ને હું શું છું ! તથા હું ક્યાંથી આવ્યો ? ને જે જે બધું મારી નજરે પડે છે તથા હું સાંભળું છું તે જેનો મને સ્પ-ર્શ થાય છે તે બધું ક્યાંથી આવ્યું ?

માણસની પહેલ વહેલી લાગણી તો ફક્ત આ-શ્ચર્યનીજ હતી. અને તેની બીજી લાગણી આ બધી



ચીજોનુ કારણ શું છે ? એટલે કે આ વસ્તુઓ જે-વી સ્થિતિમાં નજરે પડે છે તેવી સ્થિતિમાં શાથી આવી તે શોધી કાઢવાની હતી.

તેની આજુબાજુ ચોગરદમ મહાન વિશાળ ને ખુબસુરત સૃષ્ટિ ફેલાયેલી હતી, તેનામાં શું ચૈતન્ય અ-ગર જીવન નહોતું ?

માણસે જે જે જોયું તેનું કારણ તેણે શી રીતે ખોળી કાઢ્યું એ વિષે વિચાર કરતી વખતે આપણે એમ નહીં ધારવું જોઇએ કે તેણે આપણીજ પેઠે તર્ક ચલાવ્યા હતા. પણ જોકે સભ્ય વાણીમાં તે પોતાના વિચાર દર્શાવી શકતો નહીં તોપણ સાધા-રણ અક્કલની મદદથી તે પોતાના વિચાર દર્શાવી શકતો.

તે જાણતો હતો કે મારી મરજીમાં આવે તો હું ચાલું અગર સ્તબ્ધ થઈ ઊભો રહું તથા મારી મરજી કેટલાક કારણોથી દોરાય છે અને જ્યારે કાંઈ પણ કામ કરવાની મારી ઇચ્છા થાય ત્યારેજ તે કામ કરાય છે. જે જે હું કરૂં છું તેને કાંઈ પણ અંદ-રથી નિયમિત કરે છે. તેમજ સૃષ્ટિમાં પણ જડતા નથી, નદીઓ વ્હેતી, વાદળાં ચઢી આવતાં, પાંદડાં હાલતાં, ધરતી કંપતી, સૂર્ય, ચંદ્ર અને તારાઓ

ફર્યા કરતા, આ બધામાં તેમને ગતિ આપનાર કાંઈપણ હોવું જોઇએ.

અને આ પ્રમાણે સૂર્ય, ઝાડ, પાણીના ધોધ, ભડકા, પશુ પક્ષી, સર્પ ને એવી બધી ચીજોની અંદર દેવતાનું અસ્તિત્વ છે એવી લોકની શ્રધ્ધા એસવા (ચોટવા) માંડી.

### (૧૮) પુરાણ કથાઓ.

પોતાની આસપાસની તમામ વસ્તુની અંદર જે એક પ્રકારનું ચૈતન્ય છે એમ માણસને લાગતું (અને કંઇ ચૈતન્ય તો છેજ પણ તેના ધારવાથી જુદી જાતનું) તેનું કારણ શોધી કાઢવા જતાં તે લોકોએ વિચિત્ર વિચાર બાંધી પુરાણ કથાઓ બનાવી. એ કથાઓમાં કાંઈ વાસ્તવિક બનાવોને આધારે તરંગવાળી વાર્તાઓ કલ્પેલી હોય છે. એકાદ વહાણ અથવા આગબોટને માણસનું વીજળી અગર વિકટોરીઆ નામ પાડવામાં આવે તો તે આપણને તથા નાના બાળકોને માણસરૂપે ભાસે છે, તો પછી અસલના જંગલી લોકના મનમાં લાકડાનો ભક્ષ કરતો ભડકો બળતો જોઇને તે એક રાક્ષસ છે, ને તેનું માથું કાપી લેવાય એમ છે, એવી તેના મનમાં કલ્પના



આવે તે સ્વભાવિક છે. તેમજ વળી પેટની અંદર કકડીને ભુખ લાગે છે તે અંદર કોઇ ગરોળી કે પક્ષી રહેતું હશે, તે કરતું હશે, ને ટેકરીઓમાંથી જે પડઘા નિકળે છે તે તેમાં રહેનાર વેંતીઆ માણસ કરતાં હશે, તથા ઇંદ્રના રથના પૈડાથી આકાશની અંદર મેઘનાદ થાય છે. આવી આવી કલ્પના તેમના મનમાં થાય તે સ્વાભાવિક છે.

પુરાણ કથાઓનું સ્વરૂપ જુદા જુદા જમાનામાં બદલાએલું છે. ને હજુ સુધી આપણામાં પણ ચાલે છે, અને આપણી ભાષાના કેટલાક શબ્દમાં તેનું સ્વરૂપ જણાઈ આવે છે, જેનો પ્રથમનો અર્થ જતો રહેલો છે જેમકે મિજાજી માણસને આપણે પિત્તવાળી પ્રકૃતિનો ગણીએ છીએ; એ શબ્દ જે ત્રણ વાંનાં માણસના દેહમાં હોય છે, અને જેના વત્તાઓછા મિશ્રણ ઉપર માણસની પ્રકૃતિ બંધાય છે એમ પુરાતન અસત્ય કલ્પના ચાલતી હતી તેપરથી થએલો છે.

પુરાણ કથાઓની જે થોડી ઘણી હકીકત હું તમને આપું છું તેની અંદર પ્રાચીન વખતની સાદી કથાઓનું સ્વરૂપ આગળ જતાં બદલાઈ જઇને ગ્રીસ

અને રોમનો અસલી ઇતિહાસ જેથી ઘણો ખરો ભરાઈ ગયો છે, તેવી પ્રીતિ, ભય, તિરસ્કારને મોટા કાર્યોથી ભરપૂર વીર પુરૂષોની વાર્તા રૂપે કેવી રીતે થઈ પડી તે કહેવાનું મારાથી બની શકે તેમ નથી. કારણ કે તે તો આ કરતાં વધારે મોટાં પુસ્તક તમે વાંચશો એટલે તમને માલમ પડશે.

## (૧૯) સૂર્ય તથા ચંદ્ર વિષે પુરાણ કથાઓ.

ઘણી જંગલી કોમોના લોક એમ ધારે છે કે સૂર્ય તથા ચંદ્રમા ધણી ધણીઆણી છે, અગર ભાઈ બેહેન છે. છેક ઉત્તરે વસનારા "એસકીમો" લોક પાસેથી વળી એક ઘણી વિચિત્ર કથા સાંભળવામાં આવે છે. તે એવી છે કે એક વખત કોઇ એક કન્યા મીજલસમાં ગઈ હતી તેવામાં દેશના રિવાજ મુજબ એક જણે તે કન્યાના પાછળ આવી તેના ખભા હલાવી પોતાનો પ્યાર દર્શાવ્યો. તે વખતે ઝુંપડીમાં ઘણું અંધાર હોવાથી તે કોણ હતું, તે તેનાથી જોઈ શકાયું નહોતું, તેથી તેણે પોતાના હાથ મેંશવાળા કર્યા, ને તે પાછો આવ્યો ત્યારે તેના ગાલ ઉપર લુછ્યા. એવામાં દીવો લાવી જુએ છે તો માલમ પડ્યું કે તે તેનો ભાઈ હતો, તેથી તે નાશી



ગઈ. એટલે પેલો તેની પાછળ ધાયો. અને તે પૃથ્વીના છેડા સુધી આવી ત્યાં સુધી તે તેની પાછળ પડ્યો એટલે તે આકાશમાં કુદી પડી. ત્યાં પછી તે સૂર્ય થઈ અને પેલો માણસ ચંદ્રમા થયો અને આજ કારણથી આકાશમાં ચંદ્રમા હમેશાં સૂર્યની પાછળ પડે છે. તથા જે વખતે ચંદ્ર પોતાનો કાળો ગાલ પૃથ્વી તરફ ફેરવે છે તે વખતે કોઈ કોઈવાર અંધારી રાત થાય છે.

ટયુટાનીક નામથી ઓળખાતી તમામ ભાષાઓમાં ચંદ્રને નરજાતિમાં ને સૂર્યને નારીજાતિમાં ગણવામાં આવતા હતા.

બીજા લોકોમાં અને પાછલા વખતમાં સૂર્યને પ્રભાતનો આશક કહેતા. જે સૂર્ય તેની પાછળ પડીને પોતાના તીક્ષ્ણ ને ચળકતા કિરણોથી તેને મારી નાંખતો, ને રાત્રી જીવત પ્રાણી છે, તે દિવસને ગળી જાય છે, એવું તે લોક માનતા. આવી રીતે સૂર્ય તેજસ્વી વાળ વાળી મુખાકૃતિ છે એવું મનાતું, તો ચંદ્ર રૂપાની હોડી અગર સમુદ્ર કન્યા છે ને તે (કન્યા) પોતાનો અડધો વખત સમુદ્રમાં ગાળતી એમ મનાતું. જ્યારે સૂર્ય ખુશનુમા પ્રકાશતો ત્યારે

લોક તેને મિત્ર ગણતા, ને જ્યારે તેના તાપથી પૃથ્વી બળી બળી થતી ત્યારે તે એમ કહેતા કે તે પોતાનાં છોકરાંનો સંહાર કરવા બેઠો છે.

ચંદ્રના ચહેરા પર જે કાળા ડાઘ જણાય છે ને જે એક નાકને બે આંખો ને મળતાં આવેછે, તે પરથી એવી કલ્પના કરવામાં આવી કે ચંદ્રમાની અંદર માણસ રહે છે, તે તેને રવિવારને દિવસે ત્યાં લાકડાં નાંખવાને બેસાડેલો છે.

## (૨૦) ગ્રહણ વિષેની પુરાણ કથાઓ.

સૂર્ય ચંદ્રના ગ્રહણો થતાંજ કાંઈ વિચિત્ર અને ભયાનક જેવું લાગે છે, જેથી કરીને તે કોઈ પણ ભયાનક શક્તિનું કૃત્ય છે એમ આખી દુનિઆમાં કેમ મનાયું છે તે આપણે સહેલાઈથી સમજી શકીએ.

ચીના લોક એમ ધારેછે કે સૂર્ય તથા ચંદ્રને મોટા સિંહ જેવાં જનાવર ભક્ષ કરવાને આવે છે, તેથી ગ્રહણ થાય છે. અને એ રાક્ષસો પોતાનો ભક્ષ તજી નાસી જાય માટે તે વખતે તેઓ ઢોલ તથા પીતળની થાળીઓ વગાડે છે. અમેરિકાના ઇન્ડિયન લોકોની કેટલીક વર્ણોમાં વળી એમ કહેવાય છે કે ચંદ્રમાની પાછળ મોટા ગંજાવર કુતરા પડે



છે, ને તે તેને બચકાં ભરે છે, તેના જખમમાંથી વહેતું લોહી તેના મૃદુ તેજને લાલ કરે છે, ને આખરે તે તેજને બુઝાવી નાખે છે. હિંદુસ્થાનમાં આજ પણ દેશીઓ જે વખતે ચંદ્રમા, સૂર્યની આડે ઉતરે છે તે વખતે શંખનાદ કરે છે. યુરોપમાં પણ ગ્રહણ અને ધુમકેતુઓ નજદીક આવતા સંકટોના દર્શક છે એવું છેક હમણાં સુધી માનવામાં આવતું.

અજ્ઞાનમાંથી ધાસ્તી પેદા થાય છે અને વસ્તુઓનું કારણ જ્ઞાન રૂપી અજવાળામાંથી જોવામાં આવે છે ત્યારે તે ધાસ્તી નાશ પામે છે.

આપણે જાણીએ છીએ કે જ્યારે ચંદ્રમા પૃથ્વી અને સૂર્ય વચ્ચે આવે છે ત્યારે સૂર્યનુ અજવાળું થોડું ઘણું ઢંકાય છે, ને કોઇ વાર સમૂળગું દેખાતું નથી) તેથી ગ્રહણ થાય છે. અગર તેવીજ રીતે જ્યારે પૃથ્વી સૂર્યને ચંદ્રની વચ્ચે આવે છે ત્યારે તેનો પડછાયો ચંદ્ર પર પડે છે તેથી ચંદ્રનું તેજ થોડું અગર સમૂળગું જતું રહેછે. ત્યારે ગ્રહણ થાય છે. જ્યારે ખગોળવેત્તાની ગણત્રી પ્રમાણે અમુક વખતે ગ્રહણ થવુંજ જોઇએ તે પ્રમાણે તે વખત થાય નહીં ત્યારેજ આપણે ધાસ્તીનું કારણ રહે.

## (૨૧) તારા વિષે પુરાણ કથાઓ.

તારાઓ માટે વળી એશિઆમાં એવી વિચિત્ર પુરાણ કથા ચાલે છે કે સૂર્ય અને ચંદ્ર એ બન્ને સ્ત્રીઓ છે; તારાઓ ચંદ્રમાનાં છોકરાં છે. અને સૂર્યને પણ એકવાર એટલાં છોકરાં હતાં. આટલું બધું અજવાળું માણસ જાતથી ખમી શકાશે નહીં. એમ ધારી બન્નેએ પોતાનાં છોકરાંને ખાઈ જવાનું કબુલ કર્યું. ચંદ્રમાએ પોતાનાં છોકરાં સંતાડી દીધાં, પણ સૂર્યે પોતાનુ વચન પાળ્યું. એટલે તરતજ ચંદ્રમાએ પોતાનાં છોકરાંને સંતાડેલી જગોએથી બહાર કાઢ્યાં. તે સૂર્યના દેખવામાં આવ્યાં ત્યારે તેને ગુસ્સો ચઢ્યો. અને ચંદ્રને મારી નાંખવાને તેની પાછળ પડ્યો તે હજુપણ તેની પાછળ પડેલોજ છે. કેટલીક વાર ચંદ્રને બચકું ભરવાને સૂર્ય ઘણોજ નજદીક આવી જાય છે. અને તેથી ગ્રહણ થાય છે. હજુપણ માણસના દેખવામાં આવે છે તેમ સૂર્ય તારાને પ્રભાતે ખાઈ જાય છે. પણ ચંદ્રમા તો પોતાના બચ્ચાંને સૂર્ય નજદીક હોય છે ત્યાંલગણ સંતાડી રાખે છે. અને તે તેમને ફક્ત રાત્રેજ બહાર કાઢે છે કે જે વખતે સૂર્ય દૂર ગએલો હોય છે.



પ્રાચીનકાળમાં તારાઓ સજીવ પ્રાણી છે એવું ધારવામાં આવતું. તે વખતે કેટલાક છુટા તારાઓનાં અને નક્ષત્રોનાં નામ પાડવામાં આવેલાં તે હજુ પણ કાયમ છે. તેઓ માણસરૂપે એકવાર અહીં હતા; અથવા તેઓ મોટા શિકારી હતા; અગર નૃત્ય કરતા; તે જુવાન માણસો અને યુવતીઓના ટોળાં છે એમ કહેવાતું. ઘણાક તારાઓના નામ પરથી જણાય છે કે ખેડૂત તથા ખલાસીઓ આકાંક્ષાથી તેનુ નિરીક્ષણ કરતા, ને તેઓ એમ ધારતા કે તારાને લીધેજ હવામાં ફેરફાર થાય છે જે તારાના ઝુમખાને આપણે પ્લીઆઇડીઝ નામથી ઓળખીએ છીએ તે નામ "પ્લીન" શબ્દપરથી પાડવામાં આવ્યું છે. એ "પ્લીન" શબ્દનો અર્થ વ્હાણ હંકારવું થાયછે. કારણ કે અસલના ગ્રીક ખલાસીઓ વ્હાણ હંકારતા પહેલાં એ તારાના ઉદયની રાહ જોતા. વળી એજ તારાને દક્ષિણ આફ્રિકામાં વસનારા ઝુલુ લોક ખોદતા તારા કહેછે. કેમકે તે તારા દેખાય છે ત્યારે તેઓ ખેતરમાં હળ ફેરવવું શરૂ કરે છે. પુરાણ કથાનું સ્વરૂપ કેવી રીતે બદલાય છે તેનો એક સારો દાખલો આજ તારાથી મળી આવે છે. તે તારાને ગ્રીક

લોકની પુરાણ કથામાં પૃથ્વીને પોતાના ખભા ઉપર ધારણ કરનાર એટલાસ નામના રાક્ષસની સાત દીકરીઓ તરીકે માનવામાં આવતા. જેમાંની છ છોકરીઓનું લગ્ન દેવતાઓ સાથે કર્યું હતું, ને સાતમી મીરોપ નામની કન્યાનું લગ્ન એક રાજા વેરે થયું હતું તેથી બીજીઓ કરતાં તેનો પ્રકાશ ઝાંખો છે એમ કહેવાતું.

અસલ એમ માનવામાં આવતું કે માણસનું સારૂં નરસું નસીબ તારાઓ પર આધાર રાખેછે. જન્મ થતી વખતે જે નક્ષત્રનો ઉદય થએલો હોય છે તે પ્રમાણે તેનો (માણસનો) મિજાજ સારો યા નઠારો, ને તેનો સ્વભાવ ગંભીર યા આનંદી થાય છે, એમ કહેવાતું. આપણી તેમજ અંગ્રેજી ભાષાના કેટલાક શબ્દો આ મતને ટેકો આપે છે. ફલાણા માણસના ગ્રહ બળવાન છે, અથવા નબળા છે અથવા તે સારા ચોઘડીઆમાં જન્મ્યો છે, એમ આપણે કહીએ છીએ. જે લોકો શનિશ્ચરના ઉદય વખતે જન્મે છે તે ગંભીર અને ઉદાશી થાય છે, એમ મનાતું. તેથી તેવાને સેટરનાઇન કહેછે, ને જેઓ બૃહસ્પતિ ( જોવ ) નામના ગ્રહના ઉદય વખતે જન્મે છે તે આનંદી



અને સુશીળ સ્વભાવના (જોવીઅલ) થાય છે એમ કહેવાતું ને જે બુધ (મરક્યુરી) ના ઉદય વખતે જન્મે છે તે ચંચળ ને ચાલાક સ્વભાવના (મર્ક્યુરીઅલ) થાય છે એમ કહેવાતું. ગાંડા માણસને લ્યુનાટીક કહેછે. ચંદ્રમાને લેટીન ભાષામાં લ્યુના કહે છે, અને ચંદ્રના આકારમાં ફેરફાર થવાથી ગાંડાં માણસની વૃત્તિઓ પર ફેરફાર થાય છે એમ કહેવાતું, તેથી તેમને લ્યુનાટીક કહે છે.

(પ્રથમ એમ માનવામાં આવતું કે). સૂર્ય ચંદ્રને તારા મોટા આકાશમાં જડેલા છે. (સપાટ જમીનપર નકર ઘુમટની માફક) ઘણાના મનમાં એમ હતું કે તે આકાશ સુખનુ સ્થાન છે, ને ત્યાં આગળ ફિકર ચિંતા ઘડપણ અને તંગીએ શું છે તે કોઇ જાણતું નથી. આકાશની અંદર તે ચળકતી આકાશ ગંગા નામથી ઓળખાતી લીટી આવેલી છે, ત્યાં થઇને તેની અંદર લોકને જવાનો રસ્તો છે, એમ માનવામાં આવતું. આકાશ ગંગાપરથી કેટલીક સુંદર પુરાણ કથાઓ ચાલી છે. તેમાંની કેટલીક કહેવાનું મારૂં મન થાય છે. પરંતુ ખરી વસ્તુ મૂકીને આ પુરાણ કથામાં આપણે ફાંફાં મારવાં જોઇએ નહી.

## (૨૨) પૃથ્વી તથા માણસ વિષે પુરાણ કથા

જળસ્તંભને લોક દરિઆમાંથી ગગન સુધી ઉંચે જતો રાક્ષસ અથવા દરિઆઇ નાગ ધારતા. મેઘ ધનુષ્ય કે જે એક વર્તુલ છે, અને તેમાંનુ અડધુંજ આપણે જોઈ શકીએ છીએ એમ તમને પ્રકાશ વિષેના પુસ્તકોપરથી માલમ પડશે. તે કોઈ જીવતો રાક્ષસ છે, ને તે વરસાદ વખતે પાણી પીવા આવે છે એવી તેમની કલ્પના હતી. ને આથી પણ વધારે સુંદર કલ્પના મેઘ ધનુષ્ય વિષે હતી કે તે સ્વર્ગની નીસરણી અગર પૂલ છે, કે જેનાપર થઇને મનુષ્યના આત્માને દૂતો સ્વર્ગમાં લઈ જાય છે. અથવા તો હિંદુ, યાહુદી તથા ગ્રીનલેન્ડના લોકોના કહેવા મુજબ તે વાદળમાં દેવે ખેંચેલું ધનુષ્ય છે; વાદળાં તે ગાયો છે અને તેમને પરોઢીઆનાં છોકરાં આકાશના આસમાની ખેતરમાં ચારો ચરાવવાને લઈ જતાં એમ લોક માનતા. ભરતીને મહાસાગરના કાલજાનું ધડકવું, ધરતી કંપને પૃથ્વી તળેના શેષનાગનું હાલવુ, વીજળીને તોફાની રાક્ષસની ચીપીઆવાળી જીભ અને કાટકાને તેની ગર્જના માનતા; તથા જ્વાળામુખીને દેખીને તેઓ એમ ધારતા કે તે



ક્રોધાયમાન રાક્ષસના વાસસ્થાન છે, જેમાંથી તે ધગધગતા પથરા ફેંકે છે.

વિચિત્ર વાતો સાંભળવાને તથા માનવાને માણસનું વલણ એટલું બધું મજબુત હોય છે, કે રાક્ષસ, વેંતીઆ માણસ તથા પરીઓ વિષેની વાતો તેઓ સહેલાઇથી માને છે, અને તે ખોટી છે એમ ખાતરી કરાવવી બહુ અઘરી પડે છે. અસલનાં ગંજાવર પ્રાણીઓ: જે હાલ નજરે પડતાં નથી, તેમનાં હાડકાં તે રાક્ષસોનાં હાડકાં છે, અને પથરમાંની જે બખોલો પાણીના ઘસારાથી થએલી છે એમ આપણે જાણીએ છીએ, તેમાં એ રાક્ષસોના પગલાં છે એમ કહેવાતું. મોટા છુટા પથરા જોઇને લોક એમ કહેતા કે તે રાક્ષસોએ ખડકોમાંથી ઉખેડીને લડાઇમાં પોતાના દુસ્મનપર ફેંક્યા હતા. ઘણાં ઠીંગણાં માણસો જે એકવાર યૂરોપના પશ્ચિમ ભાગમાં વસતાં, ને જેમના વંશજો હાલ લેપલાંડમાં વસે છે. તેમના વિષેની વાર્તાઓપરથી વેંતીઆ માણસો વિષે કલ્પનાઓ પેદા થઈ. પાષાણયુગની વખતના ચકમકના ભાલોડાના માથાને ઘોર વનમાં વસનારી ભુતાવળીના બાણગણતા,ને સાફસુફ કરેલી પથરની કુહાડીઓને

ઇંદ્રના વજ્ર ધારતા. રીંછની હુંકી પુછડી, રોબીન પક્ષીની લાલ છાતી, ક્રોસબીલ પક્ષીની વાંકી વળેલી ચાંચ, આસપન ઝાડનુ હાલતુ પાંદડું આ બધાના કારણ વિષેની તેમજ બીજી બધી જાતની પુરાણ કથાઓ કેવી રીતે પ્રકટ થઈ, તથા આ પુરાણ કથામાંથી છોકરાંને સાંભળતાં કદી કંટાળો આવે નહીં એવી રમુજી અને અદ્ભુત વાર્તાઓ કેવી રીતે નિકળી આવી, તે વિષે હું હાલ કાંઇ વિવેચન કરી શકતો નથી; કેમકે હવે તો આપણે કલ્પના સૃષ્ટિમાંથી નિકળી જે તરફ શાસ્ત્ર આપણને હમેશાં દોરી જાય છે તેવી સત્ય સૃષ્ટિ તરફ જવું જોઇએ; આ સત્ય સૃષ્ટિ, કલ્પના સૃષ્ટિ કરતાં કાંઇ ઓછી આશ્ચર્યકારક નથી કેમકે કલ્પનાઓ વસ્તુસ્થિતિ પરથી નિકળેલી છે, પણ કાંઇ વસ્તુસ્થિતિ કલ્પનાઓ પરથી નિકળેલી નથી.

## (૨૩) આત્મા વિષે માણસના વિચાર.

સર્વે સૃષ્ટિ ચાલતી છે એવું માણસના જોવામાં આવ્યું, તે પરથી તે એમ માનવા લાગ્યો કે તમામ ચીજોમાં પ્રાણ છે, ને પ્રાણવડેજ પાંદડુ, વાદળી, અને પ્રાણીઓ હાલે ચાલે છે. પ્રાણ વિષેના માણસના વિ-



ચાર એક વખતે કેવા હતા તે જણાવવાને હાલ કેટલાક શબ્દો મળી આવે છે. નિર્જીવ ને સજીવ માણસ વિષેનો તફાવત ફક્ત એટલોજ છે કે જીવતો માણસ શ્વાસોશ્વાસ લે છે ને હાલે ચાલે છે ને મરી ગયેલાનો બંધ પડી જાય છે. હવે પ્રાણ શબ્દનો માયનો શ્વાસોશ્વાસ થાયછે, અને દુનિયાની મુખ્ય ભાષાઓમાં જે શબ્દ આત્મા અગર પ્રાણને માટે વપરાય છે તેનો માયનો શ્વાસ અગર પવન થાયછે. ઘણીવાર એવું માનવામાં આવ્યું છે કે માણસનો આત્મા એક જાતની વરાળ, બાફ, અગર પડછાયો છે, જે ચળીત થવાથી માણસ માંદો પડે છે. જંગલી લોક એમ ધારે છે કે ઉંઘતી વખતે આત્મા ખોળીઆમાંથી બહાર નિકળે છે, તેથી તે વખતે તેના સ્વપનામાં જે જે બનાવ બને છે તે જાગૃત અવસ્થા વખતના બનેલા બનાવ જેવા તેને ખરેખરા ભાસે છે. નિદ્રામાં જંગલી માણસ પોતાના મૃત્યુ પામેલા મિત્રને જુએ છે. તેના મનમાં એમ આવે છે કે (મરી ગયેલો) મિત્ર તેની પાસે આવ્યો છે, અથવા તો તેનો જીવ તેના મિત્રની મુલાકાત સારૂ તેની પાસે ગયેલો ધારે છે, ને તેથી કરીને કોઈ ઉ-

ઘતા માણસને જગાડતી વખતે તે બહુ સાવચેતી રાખે છે કેમકે તે એમ ધારે છે કે વખત છે ને આત્મા તેનુ ખોળીઉ તજીને દૂર ગયો હોય.

આ પ્રમાણે માણસનો આત્મા શરીરમાં પ્રવેશ કરે છે, તથા બહાર નિકળે છે એમ ધારીને તેમના મનમાં એવી પણ કલ્પના થતી કે શ્વાસોશ્વાસની સાથે શરીરની અંદર રાક્ષસોનો પ્રવેશ થઈ શકે છે, અને બગાસાં તથા છીંકો આવવાથી રાક્ષસ નજદીક આવ્યાની સાબીતી તેઓ ગણતા, માટે તેમને કાઢી મૂકવાને મંત્ર બોલવામાં આવતો, જેનો કાંઈપણ અં-શ હાલ કોઈને છીંક આવે છે તે વખતે આપણે તેને "ખમા ખમા" શબ્દ કહીએ છીએ તે રૂઢિમાં જ-ણાય છે.

યાહુદી લોકની જુની વાર્તા પ્રમાણે માણસ છીં-કતી વખતે (ઇશ્વિર તમારૂં ભલું કરો) એમ કહેવા-નો રિવાજ જેકબના વખતથી નિકળેલો છે. યાહુદી-ઓના ધર્મગુરૂઓ એમ કહેછે કે જેકબના પહેલાં માણસો આખી જીંદગીમાં એકજવાર છીંક ખાતા, ને તે છીંકના આંચકા સાથેજ તેનો દમ નિકળી જ-તો "ઇશ્વર તમારૂ રક્ષણ કરો" આવા શબ્દ બો-



લીને છીંક આવતી વખતે દરેક વ્રજદ તનારૂ (ઇશ્વ-રનું) પવિત્ર નામ દેશે એવી સરતથી જેકબે ઇશ્વરની પ્રાર્થના કરી આ કાયદો રદ કરાવ્યો.

વળી એવું માનવામાં આવતું કે શરીરથી આ-ત્મા લાંબી વાર લગણ દૂર રહેવાથી રોગ પેદા થાય છે. અને તેને જાદુગર અથવા ધર્મગુરૂઓજ શ-રીરમાં પાછો લાવી શકે છે.

આ બધા વિચાર ગમે તેવા કાચા છે, તોપણ માણસો જંગલી અવસ્થામાંથી સારી અવસ્થામાં આ-વ્યા પછી પણ ઘણા કાળ સુધી તેમનામાં તે રહ્યા હતા. અને ખરૂં પૂછાવોતો તેવા વિચાર હજી પણ આપણામાં છે, જેમકે આપણે કહીએ છીએ કે "એનું મન ઠેકાણે નથી" આવા વચનોનો અસલ અર્થ વી-સારે પડ્યો છે. શરીરના કોઈ પણ અવયવને નુકશાન થયું હોય, એટલે હાથ પગ કાંઈ લંગડો લૂલો થયો હોય તો તેઓ એમ ધારતા કે આત્મા પણ લંગડો થયો છે, અને જે વસ્તુ શરીરને જોઈએ છીએ તે આત્માને પણ જોઈશે, એમ ધારી મરનારની પાછ-ળ જવા સારૂં તેમની સ્ત્રીઓ તથા ગુલામને મારી નાંખવામાં આવતા. અને નિર્જીવ વસ્તુઓમાં જીવ છે

એવું કેટલીક હલકી સ્થિતિની પ્રજાઓનું ધારવું હતું. તેથી મરનારની પાછળ લૂગડાં, હથીઆર, તથા ઘરેણા તેને બીજી દુનીઆમાં કામમાં આવે માટે મડદાંની સાથે કબરમાં તે પણ મૂકવામાં આવતાં. થોડાં વરસ ઉપર યૂરોપમાંજ સીપાઈના મડદાને દાટવા લઈ જતી વખતે સાથે આવનાર ઘોડાને ગોળી મારીને ત્યાંજ દાટતા.

પોતાની આસપાસ દેવતા તથા ભૂતો છે, ને દરેકમાં તેમનો વાસ છે, તથા સારૂ યા નરસુ કરવાને તે સર્વ શક્તિમાન છે એવી માણસની શ્રધ્ધા હોવાથી પોતાનુ સારૂ યા નરસુ તેમનાથી થતું એને લાગતું, તે પ્રમાણે તે તેમના વિષે પોતાના વિચાર બાંધતો.

જો તેને મંદવાડ આવે તો તે રાક્ષસી ભૂતોનું કામ છે એવું ધારતો એટલુંજ નહીં, પણ બીકમાંને બીકમાં તે એમ ધારતો કે ગત થએલા માણસો ઘોરોમાંથી ભૂત રૂપે અંધારામાં આવીને પોતાના બારણામાં પેશી બૂમો પાડતાં, ઘરમાં બેસતાં પોતાનો ખભો થાપડતા તથા સીસુડીઓ વગાડતા.

## (૨૪) જાદુ તથા પિશાચ વિદ્યામાં લોકોની શ્રદ્ધા.

આ અણગમતા તેડા વગરના પરોણાને બરખ-



ડીઉ આપવાને માણસે ભિન્ન ભિન્ન જાતના છુમંત્ર જાદુ, તથા ટોણમ વાપર્યા છે. ને બીજા કરતા જેઓ હમેશાં વધારે પોહોચેલા હોય છે તેઓ બીકણ તથા નિર્બળ લોકોની બીકનો ખોટો લાભ લેછે. ને તેઓ લોકોને એમ કહેતા ફરે છે કે ભૂત પિસાચ ઉપર અમારૂં કાબુ છે, અથવા કેટલાક મંતર જંતર કરી તેને કાઢી મુકવામાં અમારા હાથમાં છે. વૈદો, ભુવા, વાદીગર તથા જાદુગરો ઠેર ઠેર થઇ ગયા છે, અને હાલ અપણામાં પણ એવા ભુવા જતીઓ બીજે નામે જોવામાં આવે છે, અને તેઓ એવો ડોળ ઘાલે છે કે અદ્રશ્યવિષે માણસને જાણવાની જેટલી સત્તા છે તેના કરતાં અમારામાં વિશેષ છે.

જાદુની શ્રદ્ધા જે હલકી કોમોમાં આટલી બધી ચોટેલી છે તે સુધરેલા લોકોમાંથી ફક્ત ૨૦૦ વરસથી જતી રહી છે. તોપણ તે હજુ મૂર્ખ અને અજ્ઞાન લોકોમાં ખુણાખોચરામાં ભરાઈ રહેલી છે. ને તેવા લોકો જે વસ્તુને સમજી શક્તા નથી તે તેમાં કાંઇ ચમત્કાર છે એમ માને છે. આમાંથી પિસાચ વિદ્યાપર લોકોની શ્રદ્ધા બેસવા માંડી, જેને લીધે યૂરોપમા નેવું લાખ માણસને જીવતા ને જીવતા બાળી-

મુકવામાં આવ્યા છે, એવી ગણત્રી થઇ છે. ભૂત પ્રેતની શ્રદ્ધાની સાથે ડાકચણની શ્રદ્ધા ફેલાઇ. ભૂત પરમેશ્વર તથા માણસનો દુશમન છે. ને દુનિયામાં બધું ભૂડું ઉત્પન્ન કરનાર તેજ છે, અને તે જાતે કરે છે, અથવા બીજાઓ પાસે કરાવે છે. એમ લોક માનતા. તેઓ એમ સમજતા કે માણસો ભૂતને વેચાઇને આધીન રહેતા. ને તેના બદલામા ભૂત તેમને કાંઇ પણ જાતની ન્યુનતા રાખતું નથી (એટલે માણસને જે જોઇએ તે વખતો વખત લાવીને રજુ કરતું ) તથા મરદ, બૈરાં, છોકરાં વીગેરેને હેરાન કરવાની સત્તા માણસને ભૂત આપતું. તેથી જો કોઇને કાંઇ વિચિત્ર દુઃખ થાય અથવા કોઇપર સંકટ આવી પડે તો તે અપવિત્રકામ ડાકચણઓએ કર્યું એમ ધારતા. ભારે તોફાન, પાકનો બગાડ, ઢોરનુ અકસ્માત મોત, ડાકચણોથીજ થતાં એવું લોકનું સમજવું હતું. જો કોઈ મંદવાડમાં ઝુરીઝુરીને મરતુ તો લોક એમ ધારતા કે કોઈ બુઢ્ઢી ડાકચણની તેની નજર લાગી છે, અગર ડાકચણે માણસના જેવું મીણનું પુતળું બનાવી દેવતા આગળ ધરેલું તે જેમ દેવતાના તાપથી ઓગળતુ જતું તેમ તે માંદુ માણસ



ગળતું જતું. ભુતની સાથે રહીને આવું કૃત્ય કરનારી બુઢ્ઢી ડોશીઓ છે, એમ ધારી તેમને વીણી વીણીને પકડતા. જેના મોં પર કરચોળીઓ વળી ગઇ હોય જેના ઉપલા હોઠપર મુછો જેવા વાળ ઉગેલા હોય, જે આંખે બાડી હોય, પગે લંગડી હોય, જેનો ઘાંટો ચીબડી જેવો હોય, ને જેની જીભ કડવી હોય અને જે એકલી પડી રહેતી હોય, એવી ડોશીઓને લોક ડાકચણો ગણી એટલું બધું રીબાવતાકે તેના કરતાં મોત ભલું લાગતું.

### (૨૫) અદ્રશ્ય વિષે માણસનો ડર.

જે બધાથી જંગલી લોકોને ગુચવણ લાગે છે તે સર્વેથી આપણને પણ તેમજ થાય છે. તેથી આત્મા એ પ્રાણ છે, સ્વપ્નાં ખરાં છે, અને ચોગરદમ સેતાનો (સારા યા નઠારા) છાનામાના ભમે છે, એમ જંગલી લોક કહે છે, તેમના તરફ આપણી લાગણી થાય છે. આત્મા વિષે હજીસુધી આપણને ખરી માહિતી મળી નથી, ને મળવાનો સંભવ પણ જણાતો નથી. આપણા મનમાં એવો ભ્રમ છે, કે આત્મા વરાળ અગર છાયારૂપે મોત વખતે શરીરમાંથી નિકળી જાય છે. ઇંગ્રેજો ચીનાઓ, અમેરિકાના ઇન્ડિ-

યનો મરતી વખતે આત્માને નિકળી જવા સારૂ બારીબારણાં ખુલ્લાં રહેવા દેછે, ને જર્મનોમાં એક કહેવત છે કે બારણું જોરથી બંધ કરવું નહીં. કેમકે રખેને કોઈ આત્મા તેમાં કચરાઇ જાય. ઘણા લોક એવું માને છે કે સ્વપ્નાપરથી સુખદુઃખની ખબર આગળથી માલમ પડે છે અને સ્વપ્નાં ચાલે ત્યાંસુધી તો તે ખરાંજ લાગે છે. કેટલાંક ઘરોમાં ભૂતોનો વાસ છે, ને ત્યાં ઘંટ વાગે છે, ને સ્મશાન ભૂમિમાં, ભૂત હાથ લાંબા કરીને બેસે છે. એવી એવી અનેક પ્રકારની મૂર્ખાઇ ભરેલી તથા પાયા વગરની વાતો ચાલે છે. આ પરથી યાદ રાખવાનું છે કે દરેક જમાનામાં ને જગોમાં જંગલી તેમજ સુધરેલા લોકને અદ્રષ્યનો ડર લાગતો આવ્યો છે.

એકજ બિંદુ અથવા આપણા લોહીના ટીપાની અંદર હજારો નાના જંતુઓ હોય છે, તેને વિષે ગમે તેટલું પદાર્થવિજ્ઞાનશાસ્ત્ર આપણને કહે છે, તોપણ આપણને આથી કોઈ ચૈતન્ય વિષેનો ભેદ મળતો નથી. જેમ જેમ વધારે શક્તિવાળાં સૂક્ષ્મદર્શકયંત્ર આપણે વાપરીશું, તેમ તેમ વધારે આશ્ચર્યકારક વસ્તુઓ આપણે જોઇશું. પણ એકે કાચ એવો નહીં



જડે કે તે વડે ચૈતન્ય પ્રત્યક્ષ દેખી શકીએ, અને માણસનો આત્મા આ રહ્યો એમ આંગળી અડકાડી બતાવી શકીએ.

પરમેશ્વરે માણસને મન, એટલે વિચાર તથા તર્કની અને સ્મરણશક્તિ આપેલી છે, ને તેની સાથે એ બક્ષિસનો ઉપયોગ કરવાને વખત, જગા, ને ઈચ્છા આપેલી છે. એક મહાન કવિ એમ કહે છે કે પરમેશ્વરે માણસને અંધારામાં લપેટેલો છે, ને તેનામાં પ્રકાશમાં આવવાની હમેશાંની ઉત્કંઠા મૂકેલી છે. જેમ કોઇ વસ્તુ થોડા શ્રમથી ને જુજ પ્રાપ્ત થાય છે, તે કાંઈ લેખામાં ગણાતી નથી, તેમ માણસમાં જો પ્રથમથી ઘણું જ્ઞાન મેલવામાં આવ્યું હોત, તો પછી તે વધારે મેળવવાને દરકાર રાખત નહીં પણ તેનામાં ઘણુંજ થોડું અલ્પજ્ઞાન છે, તોપણ વધારે જ્ઞાન મેળવવાની તેનામાં શક્તિ છે એમ તેને લાગે છે, તેથી જ્ઞાન તથા ડહાપણનો વધારો કરવાને એ શક્તિ તે વાપરતો આવ્યો છે. ને આખરે ડહાપણ રત્ન કરતાં પણ વધારે કિંમતી છે, અને જે કાંઇ વસ્તુની ઇચ્છા મનુષ્ય કરી શકે તે ડહાપણને તોલે આવે તેવી નથી એવું કહેવામાં આવ્યું છે તે વાત ખરી છે, એવી તેને ખાતરી થાય છે.

## (૨૬) નિર્જીવ પદાર્થની ઉપાસના

માણસ પોતાની આસ પાસ જે જે વસ્તુ જુએ છે તેનો ખુલાસો આપવાને તે કેવા કેવા યત્ન કરે છે તે આપણા જોવામાં આવ્યું. હવે આપણે બીજી વસ્તુ એ સોધી કહાડવાની છે કે તે તમામ કુદરત જોઈ તેના મનમાં પહેલ વહેલી શી લાગણી થાય છે, તે તેના આગળ પગે લાગવાની છે તથા પોતાના કરતાં જે શક્તિઓ વધારે બળવાન દેખાય છે તેની ઉપાસના કરવાની છે.

નિર્જીવ વસ્તુમાં ગુણ અથવા શક્તિનો વાસ છે એમ ધારી તેનું પૂજન કરવું એ સૌથી અધમ પ્રકારની ઉપાસના છે. તે શું પદાર્થ છે તે કોઈ જોતું નથી; ગમે તો તે વિચિત્ર આકારનો પથરો હોય કે કાંતો ઝાડનું થડીયું, લાલ ચીંથરાનો કડકો અગર જુની ટોપી હોય પણ તેમાં કાંઈ ગુણ છે, તથા તેના પુણ્યથી કાંઇ પણ દુઃખનું નિવારણ થશે એમ ધારવામાં આવે છે, ત્યાં સુધી તેની પૂજા થાય છે. પથરાની પૂજા જેના વિષે ખ્રિસ્તી ધર્મ પુસ્તક બાઈબલમાં આપણા વાંચવામાં આવ્યું છે તે આજ પણ જંગલી લોકોમાં ચાલે છે. તે જંગલી વર્ણોના મનમાં



એવો ભ્રમ છે, કે પથરામાં કોઇ કોઈવાર ઘણી ઘણી આણીનો સંબંધ હોય છે, અથવા તેમાં કોઈ કોઇવાર ભૂત રહે છે. જે ભ્રમિત વિચારોથી સ્વપ્નાંને જંગલી લોક ખરાં માને છે, તેજ વિચારોથી નિર્જીવ પદાર્થોમાં તેઓ જીવ સમજે છે, અને તેવાજ કારણોથી માથાના ઉતરાવેલા વાળ તથા ઉતરાવેલા નખનો તેઓ નાશ કરી નાંખે છે, અને તે એમ ધારીને કે રખેને તે દ્વારાએ કાંઇ નુકશાન ન થાય.

ન્યુઝીલાન્ડના જંગલી લોક પોતાનાં છોકરાંને કઠણ કાળજાનાં બનાવવાને નાના પથરાના કડકા ગળાવે છે, ને જેમ જેમ લાકડું ચવાતું જાય તેમ તેમ દુશ્મનનું હૃદય અથવા જે સ્ત્રીને માટે તે પ્રેમ લુબ્ધ થયો હોય, તેનું હૃદય તેના તરફ પીગળતું જાય છે, એમ ધારી ઝુલુ લાકડાં ચાવે છે, કોઇ બળવાન બહાદુર માણસનું માંસ ખાવાથી ખાનાર શખ્સ પણ તેવોજ બહાદુર ને બળવાન થાય છે. એવા વિચારથી માણસનું માંસ ખાવાની ભયંકર રૂઢી નિકળી હોય એમ લાગે છે. હરણનું માંસ ખાવાથી બીકણ થાય છે, એમ ધારીને બોર્નીઓના લોકો તે જનાવરનું માંસ ખાતા નથી, અને વાઘનું માંસ ખા-

વાથી બહાદુર થવાય છે એમ ધારી મેલેઓ તેની જે કિમત બેસે તે આપશે. અને તાતારના હકીમ પાસે જોઈતી દવા ન હોય તો તે એક કાગળના કડકાપર તે દવાનું નામ લખી તેની ગોળી વાળી દરદીને ખાવા આપે છે. વળી એમ સાંભળવામાં આવ્યું છે કે આફ્રિકામાં કોઇ એક માણસ ઘણોજ પવિત્ર ગણાતો હતો તે એક પાટીયા ઉપર દેવની પાર્થના લખી પાણી વતી ધોઈ નાખતો ને પછી તે પાણી પૈસા લેઈ લોકોને આપતો. આ જોઇને આપણને હસવું આવે ખરૂં પરંતુ અણધારે રસ્તે આપણું ભલું થશે એમ ધારી જ્યારે આપણે પણ ખ્રીસ્તી ધર્મ પુસ્તક બાઇબલમાં એકાદ શ્લોક વાંચીએ છીએ, અગર પ્રભુનું સ્તોત્ર ગાઈએ છીએ, ત્યારે આપણે પણ નિર્જીવ પદાર્થના ઉપાસક છીએ ને જંગલી લોક વિષે હું તમને વિવેચન કરૂંછું તે કરતાં પણ આપણે વધારે અધમ છીએ એમ કહીએ તો ચાલે. કેમ કે આપણે તો જાણીએ છીએ કે જ્યાં સુધી આપણા અંતઃકરણ પલળ્યાં નથી ત્યાં સુધી મોઢેથી બડબડ કરવાથી કલ્યાણ થવાનું નથી.



## (૨૭) મૂર્તિપૂજા.

નિર્જીવ પદાર્થની ઉપાસના કરવાની તથા મૂર્તિ બેસાડવાની રૂઢીઓ જોકે એકજ જણાય છે, તોપણ ખરેખર તે એક બીજાથી જુદી છે. કારણકે મૂર્તિ ઘડવામાં આવે છે તે પરથી હમેશ એમ નથી બનતું કે તેની પૂજા કરાય. મૂર્તિનો અર્થ આકૃતિ થાય છે, અને જે દેવની અંદર માણસની શ્રદ્ધા હોય છે તેની આકૃતિ તરીકેજ કેટલીક વાર મૂર્તિ કરીને બેસાડે છે. પણ તે દેવ સાક્ષાત છે, એમ મનાતું નથી. પરંતુ કમનસીબે ઘણી વાર તે મૂર્તિને દેવ તરીકે ગણે છે, ને એમ મનાય છે કે તે, પ્રાર્થના સાંભળે છે, ભેટ સ્વીકારે છે, ને શ્રાપ તથા આશીર્વાદ દેવાની તેનામાં સત્તા છે. જેવા જેવા પદાર્થની મૂર્તિઓ જૂદી જૂદી પ્રજાઓ બનાવે છે, તે પરથી તેમના વિચારને મત શા છે તે જણાઇ આવે છે.

એ પદાર્થ કાંતો ઘાસના પુળા, જેવા તેવા રંગેલા પથરા, અગર કોતરેલી મૂર્તિઓ હોય છે. જેવી કે પૂર્વના દેશોમાં લોકો ઘરમાં રાખે છે. જો કોઈ દેવ સર્વ શક્તિમાન ગણવામાં આવે તો તેની ૨૦ હાથ તથા પગ, સિંહનુ માથું, સાબરના પગ તથા પ-

ક્ષીની પાંખોવાળી વિક્રાળ મૂર્તિ બનાવવામાં આવે છે, પણ દરેક જમાનામાં જુદી જુદી પ્રજાઓ કેવી મૂર્તિઓ બનાવતી, તથા પૂજતી, ને તે કોના જેવી હતી, તે વિષે જો હું લખવા બેસું, તો આ કરતાં એક વધારે મોટું પુસ્તક લખાય.

મહાન ઈશ્વરને આકાર નથી, ભાગ નથી, તેમ તે કદી જોવામાં આવતો નથી, અને ગ્રીક લોકને એકવાર ભલા પોલ નામના સંતે કહ્યું હતુ કે "ઈશ્વર, આકાશ તથા પૃથ્વીનો પ્રભુ છે, ને તે હસ્તકૃત મંદિરમાં રહેતો નથી, તથા માણસે પોતાની અક્કલથી ઘડેલી તથા કોતરેલી સોના રૂપા, પાષાણુની મૂર્તિ જેવો નથી," એમ શિખવાને સુધરેલા દેશના લોકને પણ ઘણા વરસની હજુવાર છે.

## ( ૨૮ ) સૃષ્ટિપૂજા.

નિર્જીવ પદાર્થની મૂર્તિની જંગલી લોક પોતાના ઝુંપડામાં સ્થાપના કરતા અગર કોટમાં લટકાવતા. તે વાત હવે આપણે પડતી મૂકીએ, ને સજીવ તથા હાલતી ચાલતી વસ્તુઓની ઉપાસના કરવામાં આવતી તેના વિષે હાલ આપણે કાંઈ શિખીએ.

સૌથી પહેલ વહેલી મનુષ્ય જાતની આસ્થા સ-



ર્પ ને વૃક્ષોમાં હતી, એમ કેટલાક વિદ્વાનોનું માનવું છે, વળી કેટલાકનું ધારવું એવું છે કે પહેલાં સૂર્ય ચંદ્ર, તારા, અને અગ્નિની પૂજા કરવામાં આવતી હતી. પણ વધારે સંભવિત એ છે કે દુનિઆના જુદા જુદા ભાગોમાં માણસોના દેવ જુદા જુદા હતા અને જે વસ્તુઓ તેમની સમીપ હતી તેની તેઓ પહેલી પૂજા કરતા જ્યારે આવી વસ્તુમાંથી તેમની જ્ઞાન વડે બીક જતી રહેતી ત્યારે તેઓ મોટી શક્તિઓ જેના ભેદ કળવામાં આવ્યા નહોતા તેમની તેઓ ઉપાસના કરવા દોડતા.

૧ જળપૂજા. આ પૂજાનો ઘણો બહોળો ફેલાવો છે, ને તેનો ખુલાસો આપવો સહેલો છે. કારણ કે નદીઓ, ઝરા, અને ધોધના જેવી બીજી કાંઈ ચીજો આટલી બધી સજીવન, અને તેથી માણસના ધારવા પ્રમાણે આટલી બધી સત્વવાળી લાગતી. મનુષ્યના મનને તો એમ હતું કે ઘણાં વેગે વ્હેતી નદીમાં ઉતરવું જોખમ ભરેલું થઇ પડતું. તેથી તેના વમળમાં જીંદગીનો નાશ થતો, તે બધાં જળ દેવના વાંનાં હતાં. નદીનો એક દેવ છે, તેની દરેક ઝરાપર સત્તા છે, ને તેના હુકમ મુજબ તે આસ્તે આસ્તે

અગર પૂર વેગમાં વ્હે છે. આવું જ્યારે તેના માનવામાં આવ્યું, ત્યારે પાણીમાં ડુબતા માણસને ઉગારવો તે જળદેવનો ભોગ ઝુંટાવી લીધા બરોબર છે, એમ ગણી તે કામને ખોટું સમજતો.

જળઉપાસનામાં લોકોનો કેટલો બધો ઘાડો પ્રેમ હતો તે પવિત્ર કુંડને કુવાઓ ઠેર ઠેર માલમ પડવાથી જણાઇ આવે છે. પવિત્ર નદીઓ વિષે તો તમારા સાંભળમાં આવ્યું હશે. જેવી કે ગંગાનદી કે જેના વિષે હિંદુઓના ધર્મ પુસ્તકોમાં મનોહર વાર્તા વર્ણવેલી છે, તેમાંની એક વાતમાં એવું છે કે પૃથ્વીનું કલ્યાણ કરવાને તથા લોકનાં પાપ નિવારણ કરવાને તે સરિતાએ સ્વર્ગમાંથી નીચે અવતરણ કર્યું છે.

(૨) વૃક્ષ પૂજા—વૃક્ષની પૂજા કરવાનો ચાલ પણ ઘણોજ સામાન્ય છે. શિઆળામાં જે ચૈતન્ય વૃક્ષમાં ભરાઇ રહેલું હતું, તે વસંત રૂતુમાં પાંદડાં, ફુલ, તથા ફળ રૂપે દેખાઇ આવતું અને તે પવનની લ્હેરોથી ડાળી તથા પાંદડાં રૂપે હાલીને વિલાપ કરતું યાતો ગણગણતું લાગતું. આ પણ પ્રાણના અસ્તિત્વની નિશાની શું નહોતી? પુરાતન કાળના સૃષ્ટિ પૂજનારા લોક પછી ઘણા કાળે થએલા અસલના



ગ્રીક લોકો પણ આવુંજ ધારતા. તેઓ એમ માનતા કે સમુદ્રમાં, ઝરામાં, ઝાડમાં, તથા ટેકરાટેકરીઓમાં દેવીઓ વસતી, ને તેમાંની જળદેવીઓ જળ પીનારને આશીર્વાદ દેતી. તથા જે ઝાડમાં દેવીઓ રહેતી, તેની સાથેજ તેમનું જન્મ મરણ થતું. તમારા સાંભળવામાં કદાચ આવ્યું હશે, કે ઇંગ્લાંડ ટાપુના જુના ધર્મ ગુરૂઓ, ઓકના ઝાડને પવિત્ર ગણતા, ને તેથી તેની ઘટામાં રહેતા. તે ગુરૂઓને ડ્રુઇડ કહેતા, અને તેમના ધર્મની ગુપ્ત ક્રિયાઓ જે અંદરના મંડળમાં થતી તેમાં તેઓ પ્રવેશ કરી શકતા.

(૩) પ્રાણી પૂજા—વૃક્ષ, નદીઓ, અને એવાજ બીજા સજીવન કે ગતિવાળા લાગતા પદાર્થની સાથે પ્રાણીઓ પણ પૂજાવા લાગ્યાં. ઝાડ અથવા નદીના ચૈતન્ય કરતાં પ્રાણીઓમાંનું ચૈતન્ય કાંઈ જુદુંજ જણાયું. પાણીમાં ફીણ ચઢે છે, તથા વમળ થાય છે, ઝાડ હાલે છે, ને જવાળા મુખી હુ હુ હુ કરે છે, પણ તેમને કાંઇ હાથ પગ કે આંખો હોતાં નથી. પશુ ઘણી બાબતોમાં માણસને મળતાં આવે છે, અને વળી તે માણસ કરતાં વધારે જોરાવર છે, તેથી માણસના આત્મા કરતાં તેનો આત્મા તેના જોરના પ્ર-

માણુમાં વધારે મોટા હોવો જોઇએ, એમ ધારવામાં આવ્યું, જેમ જેમ પશુઓ વશ થતાં ગયાં, તેમ તેમ તેની પૂજા તથા બીક ઠેર ઠેર ઓછી થતી ગઈ. પણ પવિત્ર પ્રાણીઓ તો ઘણા ધર્મ પંથોમાં મુખ્ય ગણાય છે, કે જેની પૂજા કર્યા વગર ચાલતુંજ નથી. દેશ પ્રમાણે અમુક પશુઓ પૂજાતાં. ઘણા ઉત્તરના મૂલકમાં રીંછ તથા વરૂ પૂજાતાં, ને છેક દક્ષિણમાં સિંહ વાઘ તથા મગરની પૂજા થતી, અને દુનિઆના ઘણા ખરા ભાગોમાં સર્પ ઉપાસના થતી. તે લાંબું, મરડાતું, તેજસ્વી રંગનું પ્રાણી એવું કપટી અને પેચવાળું જણાતું, તેની દાઢમાં એવું હળાહળ ઝેર હતું, તેના દ્વેષ પાત્ર મુખમાંથી નિકળતી આંખોનો ચળકાટ એવો જાદુ ભર્યો જણાતો, કે તેની સેંકડો વર્ષ સુધી ભારે બીક મૂળથી રાખવામાં આવતી. જે સંકટો અને દુરાચાર માણસોમાં પ્રવર્તતા તે બધા ભુંડાંનુ મૂળતત્વ સર્પને તેઓ ગણતા.

આ વિષે હાલ ટીકા કરવાની અગત્ય નથી, પણ તમારે એટલું તો જાણવું જોઇએ કે માણસ પથરને પશુઓની પૂજા મૂકીને મોટા દેવોને માનવા લાગ્યો,



કે જેમાંના દરેકનો કુદરતના કોઈ જુદાજુદા ભાગપર અગર માણસની જીંદગાની ઉપર કાબુ હતો.

### (૨૯) અનેક દેવોમાં માણસની આસ્થા.

આ રીતે દરેક વહેળામાં જુદા જુદા દેવ વસે છે, એમ ધારવાને બદલે હવે તેને એવો વિચાર થયો કે તમામ વહેળા ઉપર એકજ સરિતા—દેવ અગર જળદેવનો કાબુ છે. અથવા દરેક સમુદ્ર ઉપર એકજ સમુદ્ર દેવનો કાબુ છે. આ ઇતિહાસ પરથી તમે એટલુંતો જાણી ગયા હશો કે માણસ જેમ વધારે વિચારવંત તથા જ્ઞાની થતો ગયો, તેમ તેમ તે પોતાના દેવોની સંખ્યા ઓછી કરતો ગયો. વરસાદ એક દેવને તાબે છે, ગર્જના બીજાને તાબે છે, પવન ત્રીજાને તાબે છે, તથા સૂર્ય ચોથાને તાબે છે, એ પ્રમાણે તે એમને એમ માનવા લાગ્યો.

આ સત્તાવાળા મહાન સત્વો ઉપર તેમની આસ્થા શી રીતે વધી પડી તેનું સ્પષ્ટીકરણ કરવાને સૂર્ય તથા ચંદ્રની ઉપાસના કેવી રીતે શરૂ થઈ તેનો ખુલાસો કરવાની જરૂર છે.

હમેશાં અજવાળું રહેતું નહોતું તથા આસપાસની ચીજો માણસ ફક્ત થોડીવાર સુધી જોઈ શકતો હ-

તો, ને પછી તેમનાપર અંધકાર પ્રસરાઈ જવાથી માણસને રસ્તા માટે ફાંફાં મારવાં પડતાં હતાં, અગર વિશ્રામ લેવાને સુઇજવું પડતું હતું. આથી માણસને જેટલો અચંબો થાય તેટલો બીજા કશાથી થવાનો નથી.

સૂર્ય-ઉદય અગાઊ હરેક સવારે સૂર્યનારાયણની સ્વારીની ખબર લાવતાં પ્રકાશના કિરણો ફુટ્યા પછી પૃથ્વીપર અજવાળાની રેલ છેલ થઈ જતી, ને રહેતે રહેતે સૂર્યના સામુ ભાગ્યેજ જોઈ શકાય એટલો બધો કીર્તિમંત પ્રકાશ થતો. પછી ધીમે ધીમે જેમ જેમ તે અસ્ત પામતો જતો, તેમ તેમ તેના ચળકતાં કિરણો જેમ તેઓ આવ્યાં તેમ તેઓ આસ્તે આસ્તે ચાલ્યાં જતાં હતાં.

સૂર્યથી પૃથ્વી અને બીજા નક્ષત્રોને મળતી બીજી બક્ષિસો બાબતતો તમારે ખગોળવિદ્યા વાંચવી તેપરથી ઘણીક ચમત્કારી બાબતો તમારા જાણવામાં આવશે. પણ અત્રે તો સૂર્યની ઉપાસના બાબત વર્ણન કરવામાં આવ્યું છે.

ચંદ્રમા તથા આથેના તારાનું અજવાળું ગમે તેટલું વહાલું લાગતું, તોપણ તેથી રાત ફીટીને કાંઈ



દિવસ થતો નહીં. તેથી આ પ્રકાશના દેવને પગે લાગવાની માણસની સ્વભાવિક વૃત્તિ થતી, અને પ્રથમ કાળની શરૂઆતમાં તેને જોઈ લોક, હાથનું ચુંબન કરતા, તથા તેને બળીદાન આપતા. યાહુદીઓના તાલમડ નામના પુસ્તકમાં એક જુની વાત મળી આવે છે. તેમાં અંધારા અજવાળા બાબત માણસની કેવી લાગણીઓ હતી તેનો આબેહુબ ચિતાર આપેલો છે. તેમાં એમ કહ્યું છે કે આદમ તથા હવાને એડનની વાડીમાંથી કાઢી મૂકવામાં આવ્યાં ત્યારે તેઓ પૃથ્વીપર બધે ભટકતાં હતાં, અને સૂર્ય અસ્ત થવા લાગ્યો તેથી પ્રકાશ ઓછો થયો તેથી તેઓ બીધાં, તથા તેમને મોતના ભણકારા વાગ્યા. આકાશનું તેજ ઝાંખુ પડ્યું એટલે તે બીચારાં નિરાશ થઇને એકબીજાને વળગી પડ્યાં. પછી બધે અંધારૂ ઘોર થઈ ગયું, ત્યારે તે કમનશીબ માણસો મુંગા મોઢે પૃથ્વીપર ઢળી પડ્યાં, અને એમ ધાર્યું કે ઇશ્વિરે આપણી પાસેથી હમેશને માટે અજવાળું ખેંચી લીધું છે. આવા વિચારમાંને વિચારમાં રોઇ રોઇને આખી રાત કાઢી, પરંતુ ઘણા કલાક સુધી અંધારૂ રહ્યા પછી પૂર્વની ટેકરીઓપર પ્રકાશનું એક

કિરણ દેખાયું, અને સોનાના સૂરજે આવી આદમ તથા હવાનાં આંસુ સુકાવી નાંખ્યાં, ને પછી તે બન્ને જણે હર્ષનાદ કર્યા અને કહ્યું કે રાત્રીએ તો દુઃખ પડે, પણ સવારમાં આનંદ થાય છે. ઈશ્વરે સૃષ્ટિપર આવો કાયદો ઘડ્યો છે.

આકાશના તારા અને નક્ષત્રોની પૂજા કરવાની રૂઢિ ઘણી ફેલાયેલી છે એટલુંજ નહિં, પણ પૂર્વની મોટી પ્રજાઓના દેવોનાં નામ તેમજ તેઓના દેવાલયોના ખંડેર ઉપરથી જણાયા પ્રમાણે તેમનામાં તે રૂઢિ, ઘણા કાળ સુધી ટકી રહી હતી.

આ ઈંગ્લાંડ બેટમાં એક વાર સૂર્યને માટે મોટા સ્તંભ ઉભા કરવામાં આવતા, ને ચંદ્રમા તથા જગતની દેવીઓને માટે ચાચર બંધાતા. ને તેમના નામ ઉપરથી અઠવાડીઆના કેટલાક દિવસો, જેવા કે રવિવાર સોમવારનાં નામ પાડવામાં આવ્યાં છે, તે પરથી અસલની આસ્થાની વાત જળવાઈ રહેલી છે.

પુરાતનકાળથી વખતના વિભાગ દહાડામાં પાડવામાં આવેલા છે. અને લોક જેમ જેમ ચંદ્રમાની કળાના ફેરફારનું અવલોકન કરતા ગયા, તેમ તેમ તેઓ અઠવાડીઆં પાડતા ગયા. ને દરેક અજવાળી



બીજ વચ્ચેના ચાર અઠવાડીઆંનો આશરેથી મહિનો ગણવા લાગ્યા, દિવસોને એક બીજાથી ઓળખી કાઢવાને નામ આપવામાં આવ્યાં, અને સાત ગ્રહોમાંનો દરેક ગ્રહ દિવસના અમુક ભાગ ઉપર કાબુ ધરાવે છે એમ તેઓ માનતા, તેથી સાત ગ્રહોના નામપરથી અઠવાડીઆના સાત દિવસનાં નામ પાડવામાં આવ્યાં.

વળી ઇંગ્રેજોના પૂર્વજોએ અઠવાડીઆના દિવસો તેમના સાત મુખ્ય દેવોને અર્પણ કર્યા. જેમકે રવિવાર સૂર્યનો, ને સોમવાર ચંદ્રમાનો દિવસ ગણ્યો. તેમજ મંગળવાર (ટયુસ્ડે) દેવો તથા મનુષ્યોના પિતા ટયુસ્કોનો દિવસ ગણ્યો, બુધવાર (વેડનેસ્ડે) સ્વર્ગનો એક આંખવાળો રાજા અને લડાઈનો દેવ વોડન અથવા ઓડીનનો ગણ્યો; ગુરૂવાર (થર્સડે) ગર્જનાના દેવ થોર્નો ગણ્યો. શુક્રવાર (ફ્રાઇડે) વોડનની સ્ત્રી ફ્રાઇગનો ગણ્યો; અને શનિવાર (સેટરડે) સીટર અથવા સેટર્નનો ગણ્યો; વર્ષના મહિનાનાં નામ રોમનોએ પાડયાં હતાં, તે પ્રમાણે હાલ ઇંગ્લાંડમાં વપરાય છે, પણ સેક્સનો જુદાં નામ વાપરતા હતા. જાનેવારીને તેઓ વરૂનો માસ કહેતા હતા. માર્ચને લંબાતો માસ કહેતા હતા, વગેરે.

અત્રે કહેવાની જરૂર છે કે જે દેશોમાં ઘણો સખત ને ઝાડોને સુકવી નાંખે એવો, અને વખતે મનુષ્યને પણ પ્રાણ ઘાતક એવો, તાપ પડે છે, ત્યાં સૂર્ય આશીર્વાદ રૂપ અજવાળું આપનાર દેવ તરીકે પૂજાતો નથી, પરંતુ એક નઠારા અદેખા દેવ તરીકે તેની બીક રાખવામાં આવે છે.

સૂર્ય, તારા, અને ચંદ્રની સાથેજ અગ્નિની ઉપાસના ઘણી વખતે જોડાએલી માલમ પડીછે. અગ્નિ પ્રકાશ તથા ગરમી આપે છે, ને તેનાપર જે મૂકવામાં આવે છે, તે ભૂખ્યા રાક્ષસની માફક અજાયબ શક્તિથી સ્વાહા કરી જાય છે, એમ જણાય છે, ને તે આકાશના મોટા દેવતાઈ તારા કરતાં પૃથ્વીપર માણસની સમીપ છે.

### (૩૦) દ્વૈતમત અથવા બે દેવો પર શ્રદ્ધા.

જ્યારે માણસ કેવળ બીકથી સજીવ તથા નિર્જીવ પદાર્થની સમજ્યા વગરની ઉપાસના નહીં કરતાં પદાર્થ વિષે વધારે ને વધારે વિચાર કરવા લગ્યો ત્યારે તેના મનમાં શાસક શક્તિઓની સંખ્યા ઘટવા લાગી. અને સૃષ્ટિ ઉપર તથા પોતાની જાતપર હુકમતને માટે બે મોટા દેવો લડતા હોય એમ તેને



લાગ્યું. આમાંનો એક દેવ શાંત વાદળ વગરના ઉજળા આકાશમાં રહેતો, તથા માણસોને દયાળુ અંતઃકરણથી સારી સારી બક્ષિસો આપતો જણાયો; અને બીજો દેવ કઠણ તથા ક્રૂર દેખાયો. કેમકે તે દરિઆને તોફાની કરતો, તથા આકાશ ને પૃથ્વી પર અંધકાર કરતો, માણસના ઘરબાર તથા પાકને તોફાનમાં તથા રેલ છેલમાં ધુળધાણી કરી નાખતો, માણસને બરફવાળા હસ્તથી ઠુંઠવાવી નાંખતો, અને તેના છોકરાંને શિકારી પશુઓ પાસે મારી નંખાવતો. ઉપર કહેલો પહેલો દેવ સૂર્યના અજવાળામાં હાસ્ય વિનોદ કરતો, ને બીજો અંધકારનો દેવ આકાશમાં ગર્જના કરી ડોળા કાઢતો. એક દેવ સારા અને નમ્ર દુતોથી ને બીજો ક્રૂર અને નઠારા દુતોથી રાજ્ય કરતો. આ પ્રમાણે નઠારો દેવ સારા દેવની સામે થયેલો છે, ને તેની સાથે યુદ્ધ કરે છે, એવી આસ્થા લોકોના મનમાં એટલી બધી ઠસી ગઈ કે કોઇ પણ ધર્મ એ આસ્થાથી કેવળ મુક્ત નથી. કારણકે દુનિઆની અંદર હરકત અને ભૂડું કરનાર જે શક્તિ જણાતી તેનો ખુલાસો આવી આસ્થાથીજ થઈ શકે છે, એમ મનુષ્યને લાગ્યું. પણ સર્વ શક્તિમાન પરમેશ્વર જેને

આપણે માનીએ છીએ, તેને બીજી કોઈપણ શક્તિ અટકાવે છે, અને સામી થાય છે, એમ ધારવું એ ખોટું છે. જો તે પ્રમાણે ઈશ્વરને દાબમાં રાખવામાં આવે તો, સર્વ શક્તિમાન કહેવાય નહી અને પછી આપણે નઠારી શક્તિની પ્રાર્થના કરવી, તથા તેની પાસે માગવું પડે કે હે શક્તિ તું અમને હેરાન કરીશ નહીં.

જે પાપ દુનિઆમાં છે, જેને વિષે તમારૂં અંતઃકરણ તમને ખબર આપે છે, તે પાપ મનુષ્યની પોતાની ઇચ્છામાંથી ઉત્પન્ન થાય છે. પરમેશ્વરે પોતાના સર્વોત્કૃષ્ટ ડહાપણથી માણસને એ સ્વતંત્ર ઇચ્છા શક્તિ આપી છે. કદી આડે રસ્તે જઈ ખોટું કામ નહીં કરે એવા સંચા જેવાજ આપણને પરમેશ્વરે નહીં બનાવતાં, તેણે આપણામાં સારૂં નઠારૂં કૃત્ય કરવાની મહાશકિત આપી છે, અને આથી કરીને જે કામ પરમેશ્વરની નજરમાં ખુપે છે, અથવા જે તેને પસંદ પડે છે, એવાં કામ કરી તેના તરફ પ્રેમ દર્શાવવાની પણ શકિત આપણને આપી છે.

આપણે કાંઇ ખોટું કામ કર્યું હોય તે મનુષ્ય જાતિની ટેવ પ્રમાણે બીજાને માથે ધકેલી પાડવાને



આપણે ગમે તેટલા આતુર હોઇએ તો પણ જે પાપ આપણે કરીએ છીએ તે આપણી સ્વતંત્ર ક્રૂર બુદ્ધિથી થાય છે એમાં કાંઇ શક નથી. આ વાત ખરી છે એમ આપણે જાણીએ છીએ. કેમકે આપણ દરેકની અંદર રહેતો કોઇ જાતનો અવાજ જે કદી અસત્ય બોલતો નથી, ને જે ઈશ્વરી પવિત્ર અવાજ છે, તે આપણને આ પ્રમાણે કહેછે.

પરમેશ્વરના હુકમ તોડવાની આપણામાં સત્તા હોય, ને તે પાળવાની સત્તા ન હોય, અગર આપણા કરતાં કોઈ વધારે બળવાન અદૃશ્ય શકિત આપણી પાસે દુષ્ટ કામ કરાવે છે, એમ હોય તો પાપ કર્યા પછી આપણને જે અપરાધની લાગણી થાય છે તે કદી થાય નહીં. કારણ કે આપણને એમ લાગે છે કે તેમાં કાંઈ આપણે દોષ નથી, અને જે બાબત આપણા હાથમાં નથી તેને માટે આપણને સજા કરે છે તે ખોટું છે. ત્યાર પછી ઈશ્વર ઉપર તથા આપણી અંદર જે ઈશ્વરી અવાજ રહેછે, તે ઉપર આપણો અણભરૂસો થાય છે એથી અત્યંત ખેદ પૂર્ણ અવસ્થાને આપણે પહોચીએ છીએ.

આ વાતતો હવે લાંજ પડતી મુકો. અને લોકો

જે થોડા યા ઘણા સારા યા નરસા દેવોને માનતા તેમના તરફ પોતાની લાગણીઓ તે કેવી રીતે દર્શાવતા, તે વિષે મેં અત્યાર સુધીમાં થોડુંજ કહ્યું છે. માટે હવે તે બાબત વધુ કહેવાની જરૂર છે. તે લાગણી બતાવવાને એક રસ્તો પ્રાર્થના કરવાનો, તથા બીજો રસ્તો ભોગ બળીદાન આપવાનો છે.

## (૩૧) પ્રાર્થના.

ભય વખતે મદદ માગવાનું આપણું પહેલું કામ છે. જે વસ્તુ આપણે જોઇએ, તે જેઓ આપવાને શક્તિવાન ને ખુશી છે, તેમની પાસે માગવી તે સ્વાભાવિક છે, તથા વ્યાજબી છે, આ પ્રમાણે માણસ પોતાના દેવની પ્રાર્થના કરતો ને હજુ પણ કરે છે. કેમકે સ્વર્ગ પ્રત્યે મનુષ્યજાતિની ગંભીર અને ભાવવાળી યાચના સદાકાળ જારી રહેવાનીજ, અને જે મૂર્તિ આગળ જંગલી માણસ પોતાની દીલગિરી અગર ગરજની વાત નિવેદન કરે છે તે ગમે તેવી કઢંગી અને બદસુરત હોય, તોપણ જેમ શરીરને ભૂખ લાગે છે તેમ આત્માને પણ પ્રાર્થનારૂપી ખોરાકની આકાંક્ષા થાય છે, અને જે ઇશ્વરને આપણે સ્વર્ગનો પિતા કહીએ છીએ, તે અદૃશ્ય પ્રભુ તરફ



તે આત્મા તળસે છે, અને એવા તે જંગલી માણસમાં રહેલા આત્માનો જ્યારે આપણે વિચાર કરીએ ત્યારે આપણા મનોભાવ ગંભીર લાગણીવાળા થવા જોઇએ. અલબત તે માણસ અજ્ઞાનને લીધે એવી અસંખ્ય નકામી અને મૂર્ખાઈ ભરેલી ચીજો માગે છે, કે જે ચીજો તેને આપવામાં આવે, તો ખરેખર તે નુકશાન કારક થઈ પડે. આ બાબતમાં તે બચ્ચાં જેવો છે. કેમકે તે પોતાના માબાપ પાસે એવી ચીજ માગે છે કે, તે તેમના જાણવા પ્રમાણે તેને હિતકારક નહીં હોવાથી આપવામાં આવતી નથી, તેથી તે તેમના ઉપર રીસાય છે.

માણસના વિચાર ને આસ્થા જેમ જેમ વધતાં જાય છે, તેમ તેમ તે દુનિઆની વિનાશી વસ્તુઓ કરતાં વધારે સારી બક્ષિસોને માટે પ્રાર્થના કરે છે. અને સર્વજ્ઞ પરમાત્મા પ્રત્યે પોતાની તંગીઓને હરકતોનું નિવેદન કરીને, જે વસ્તુ આપવાની તેની મરજી હોય તે તેની મેળેજ પસંદ કરીને મોકલે એવી ઇચ્છા રાખે છે. " અને ઇશ્વર જે આપશે તે ઉત્તમજ આપશે એવી ખાતરીથી ઇશ્વરના નિર્ણય ઉપર આધાર રાખીને રહે છે. "

## (૩૨) યજ્ઞ હોમ.

માણસ પોતાના જાતિ ભાઇઓ સાથે વ્હેવાર ચલવે છે તે પરથી યજ્ઞહોમાદિક કરવાનું કારણ સમજી શકાય છે.

આપણને જ્યારે એમ લાગે છે કે આપણે આપણા મિત્રો ને ચીડવ્યા છે, અથવા બીજા કોઇ કારણસર તે આપણા પર કોપાયમાન છે, ત્યારે તેમને કાંઇપિણ વસ્તુની ભેટ આપીને થંડા પાડવાની આપણને પ્રથમ મરજી થાય છે, અને જેમને આપણે ચાહીએ છીએ, અથવા જેમણે આપણા પર કૃપા કરી કાંઈ ઉપકાર કર્યો હોય છે, તેમને આપણે ભેટ દ્વારાએ આપણા હેત ભાવ તથા આભાર દર્શાવીએ છીએ.

આ પ્રમાણે મૂર્તિઓને તથા સારી યા નઠારી દ્રશ્ય અને અદ્રશ્ય શક્તિઓને ભોગ અગર બળીદાન આપવાનું શરૂ થયું; અને તમામ પ્રજાઓમાં જુદા જુદા રૂપમાં બળીદાન હજુ પણ અપાય છે. એક જાતનો ભોગ ઉપકાર બતાવવાની ખાતર તો બીજો લાંચ આપીને ગુસ્સે થયેલા લાગતા દેવોને શાંત પાડવાની ખાતર આપવામાં આવે છે, ને તેમને



આડાને ચીડીઆ માણસની માફક એ પ્રમાણે છાંટીને મનાવવા પડે છે એમ ધારવામાં આવે છે.

અલબત માણસ પોતાની પાસેથી સારામાં સારી "વસ્તુ" દેવને ધરાવે તથા દેવને સારૂ સર્વોત્તમ ફળ તથા ફુલ વીણે અગર સૌથી સરસ બકરૂં ચાયરના યજ્ઞ કુંડમાં હોમે, એ આ પ્રમાણે સંભવિત છે, ને નજદીકના વ્હાલામાં વ્હાલાં સગાંનો ભોગ આપવાથી દેવનો ગુસ્સો શાંત થશે, અગર તેની મદદ મળશે, અથવા તેનું વેર જતું રહેશે, એમ ધારવા આવતું, તેથી પ્યારામાં પ્યારા વાલેશ્રીઓનો ભોગ ધરાવતા, અને જે ત્રાસદાયક તથા ભયંકર ક્રિયાઓનો વિચાર કરવાથી આપણે સ્તબ્ધ બની જઇએ છીએ અને જેના દાખલા દરેક યુગમાં ને મુલકે મુલકમાં જોવામાં આવે છે તે ક્રિયાઓના મુખ્ય કારણોમાંનું આ એક છે.

આપણા બધાનો પિતા મરીગએલાનો દેવ નથી પણ તે જીવતાનો દેવ છે, અને તેથી તે પરમાત્માને લોહી તથા મારી નાંખેલા પ્રાણીનું બળીદાન ગમતું નથી.

જે અંતઃકરણ પાપ કરવાથી ખિન્ન થાય છે, તથા જગતપિતાની સમીપથી આડે રસ્તે જવાથી તેને ખેદ થાય છે એમ સમજી દીલગીર થાય છે, અને

નઠારાં કૃત્ય કરવાં તજી દે છે, તથા જે સ્વાર્થથી દુષ્ટ કામ કરવામાં આવે છે તે સ્વાર્થ મૂકી દે છે, ને પરમેશ્વરની મરજી મુજબ જેમ સ્વર્ગમાં કરવામાં આવે છે તેમ પૃથ્વીમાં પણ કરવાને (જે અંતઃકરણ) ખુશી હોય છે, એવાં અંતઃકરણમાં ઉત્પન્ન થતાં આકૃતિરૂપી બળિદાનજ ઈશ્વરને ઘણાં પ્રિય લાગે છે.

આ મોટા સત્યની વાતને શીખે ઘણાં સૈકાં થઈ ગયાં તોપણ તે વાત માણસોના ધ્યાનમાં હમણાંજ ધીમે ધીમે આવવા લાગી છે. કારણ કે દિન પ્રતિદિન પરમેશ્વરના હુકમ માનવાને ધીમે ધીમે યત્ન કરવો, તેના કરતાં કેટલીક વાતો માનવાનો ડોળ કરવો તથા પોતાને માટે બીજાને પૈસા આપીને ક્રિયાકાંડ કરાવવું તેમને બહુ સહેલું લાગતું હતું.

## (૩૩) એકેશ્વરવાદ અથવા ફક્ત એક ઈશ્વર પર માણસની શ્રદ્ધા.

માણસના ધર્મ સબંધી વિચારોનો ઈતિહાસ જે કાળમાં વધારે સ્પષ્ટ જણાય છે, તે કાળના ઘણા સમીપ આપણે આવીએ છીએ, ત્યારે આપણને માલમ પડે છે, કે તેના વિચારો શ્રેષ્ટ પંક્તિના ને ઉમદા થતા જાય છે.



પ્રથમતો એક વાર તેને એમ દેખાયું કે આકાશમાં પૃથ્વીપર બધે ગડબડ સડબડ સિવાય બીજું કાંઈ નથી, પણ પદાર્થોનું વધારે ને વધારે અવલોકન કરવાથી તેને એમ માલમ પડ્યું કે જગતનું બધું કામ નિયમિત છે, અનિયમિત નથી. અને દુનિઆ ઉપર અંધનસીબથી નહીં પણ યોજનાથી વ્યવસ્થા ચાલે છે.

જે તોફાન માણસના ઉદ્યોગના ફળનો નાશ કરતું હતુ, તે તોફાન, રોગ તથા નઠારી હવા ઘસડી જાય છે, ને જે અગ્નિ નિરંકુશ હોવાથી નાશ કરતો હતો; તેજ અગ્નિ તે અંકુશમાં રાખવામાં આવે ત્યારે માણસનો ઉપયોગી સેવક થઈ પડે છે, તથા જે રાત્રી હવાને નઠારા નિશાચરોથી ભરી કાઢતી હતી તેજ રાત્રી માણસને આરામ સારૂં લસલસાટ ઉંઘ લાવે છે. જે પદાર્થો પહેલાં શ્રાપ રૂપે ગણાતા હતા, તે આશીર્વાદ યુક્ત સુખ રુપ માલમ પડ્યા, અને કુદરતમાં જે અવ્યવસ્થિત લાગતું હતું, તે જે માણસ બરોબર ઉપયોગ કરે તેને સારી વ્યવસ્થાવાળું જણાયું.

પ્રથમના માણસ, જે ઘણુંજ બળવાન હતું તે-

-ની પૂજા કરતા, ને જે ઘણું નુકશાનકારી જણાતું, તેનાથી બીતા. પણ જેમ જેમ તેમનું જ્ઞાન તથા ડહાપણ વધતું ગયું, તેમ તેમ તેમને જે સર્વોત્કૃષ્ટ લાગ્યું તેની ઉપાસના કરવા લાગ્યા. ઉપર કહ્યું તેમ દાબી નાખે એવી શક્તિની નહીં પણ બીજા કશાની બધાપર સત્તા છે. એમ માનીને તે આવું કરવા લાગ્યા.

આપણા જોવામાં આવ્યું છે કે માણસનો જન્મ થયો ત્યારથીજ સર્વ પ્રકારની ઉપાધિઓ વચ્ચે નિરંતર યુદ્ધ રૂપે જીંદગી છે એવું તેને માલમ પડયું અને તેવામાં બળીઆના બે ભાગ એજ એકલો સત્તા ચલાવનાર કાયદો હતો, એમ તેને લાગ્યું. જે વસ્તુનુ ઉપાર્જન કરીને તેનું સંભાળથી રક્ષણ કરી શકે, તેજ માણસનો તેનાપર દરદાવો હતો. તદન જોર તથા લુચ્ચાઇથી પોતાનું રક્ષણ કરવાની માણસમાં શક્તિ હતી, તે ઉપરાંત તેનામાં કોઇને મરજી મુજબ હેરાન કરવાની અગર દુઃખ દેવાની અને વગર કારણે કનડવાની સત્તા હતી, અને આવી સત્તાનો તેણે ખોટો ઉપયોગ કર્યો છે, એવું તમામ ઇતિહાસ પરથી નિકળી આવે છે. આ વાતમાં પશુ કરતાં પણ તે અધમ હતો. કેમકે પશુ તો પોતાની



ભૂખ મટાડવા માટેજ બીજા પ્રાણીની હિંસા કરે છે, પણ માણસે તો પોતાના અનિયંત્રિત લોભને તુષ્ટ કરવા માટે પોતાના જાતિ ભાઇઓને મારી નાંખ્યા, અને તેજ અર્થને માટે જે જે વસ્તુઓ સેંકડોના સેંકડો વર્ષની મહેનતથી પાછી થઈ શકી નથી, એવી વસ્તુઓનો તેણે નાશ કીધો; પણ જેમ જેમ માણસનો પરિવાર વધતો ગયો, તેમ તેમ સ્પષ્ટ જણાતું ગયું કે જો માણસ ઇજા કરવાની, લૂટ કરવાની અને મારવાની સત્તાનો પુરેપુરો ઉપયોગ કરશે તો દરેક વસ્તુનો થોડા કાળમાં અંત આવશે. તેથી માણસો સલાહ શાંતિમાં રહે, ને આગળ વધે એટલા માટે બીજાના હક જાળવવા જોઇએ એમ સમજવું તેમને જરૂરનું થઇ પડયું. અને બીજા તરફથી જેવા વર્તનની આપણે આશા રાખીએ, તેવી રીતે બીજા તરફ વર્તવું આવશ્યક છે, એમ સમજાયું. જો આ પ્રમાણે વર્તવાને માણસ ના પાડે, અને અદેખાઇથી બીજા કોઇને કનડે, તો ધારા તોડવાને માટે તેને સજા કરવામાં આવતી હતી. કેમકે એમ કરવામાં ન આવે તો દુનિઆ ચાલે કેમ? પરંતુ બીજા પ્રત્યેની ફરજ ઉપરાંત બીજી એક વધારે

ઉંડી બુદ્ધિ માણસમાં હતી, કે જેથી તેને એમ લાગતું કે બીજાને હેરાન કરવું એ ખોટું છે.

દરેક માણસના અંદર એવું કાંઈ તત્વ છે, કે જેને લીધે સારૂં ને નઠારૂં એ બેમાંથી પસંદ કરવાનું તેને પૂછવામાં આવે છે, ત્યારે તે સ્પષ્ટ અને ખુલ્લી રીતે પસંદગી બનાવે છે, જો કોઇ પણ ખોટું કામ કરવાને આપણે લલચાઇએ છીએ, તે વખતે સારૂં કરવું શું છે તે આપણે જાણીએ છીએ તો આ જ્ઞાન ક્યાંથી આવ્યું?

કાંઈપણ દયા ભરેલું કામ કર્યા પછી તથા નિમકહલાલીથી ફરજ બજાવ્યા પછી જે આશીર્વાદમય શાંતિ થાય છે, તો તે ક્યાંથી આવી? એમ કહી શકાય નહિં કે, સૂર્ય તથા ચંદ્ર સારા નરસાનો ભેદ જાણે છે, અથવા તે ભેદનો પાર પામવામાં આપણને મદદનીશ થઇ પડે છે. આકાશમાંના તારા ને પૃથ્વીપરના પાષાણને ફરજ વિષે કાંઇપણ માહિતી નથી, અને પ્રેમના કાયદાથી નહીં, પણ બીજા કોઈ કાયદાથી તેઓ ગતિ કરે છે તથા સ્થિર રહે છે.

તે બધાનું મૂળ પરમેશ્વર છે, ને તેના શિવાય



બીજું કોઇ મૂળ નથી. “સાયંકાળના પવનની લ્હેર જેવો મૃદુ અવાજ આપણે સાંભળીએ છીએ તે ઈશ્વરનો છે. તે દરેક અપરાધને અટકાવે છે, દરેક ભયને શાન્ત કરે છે, અને સ્વર્ગનો બોધ કરે છે.”

ભયને રસ્તે તમે ચડેલા હો તે વખતે સલાહ આપતાં અંતઃકરણને કદી દબાવી દેશો નહીં. તમે સહી સલામત હો છો, તે વખતે તો તે કદી તમને કાંઈ કહેતું નથી, તોપણ તમારે વાસ્તે તે સાવધને જાગતું રહે છે.

જે અંતઃકરણરૂપી ન્યાયાધીશ પોતાનું ન્યાયાસન છોડીને કદી જતો નથી, પણ ક્ષણે ક્ષણે દરેક વિચાર તથા કૃત્ય તાજવામાં મૂકી તોળવા બેસે છે, એવાને ઉડાડી મૂકશો નહિં. કારણ કે જે આપણી અંદર રહેનારૂં મોટું નિયમ તત્વ છે, એવું આપણને લાગે છે, ને આપણે જાણીએ છીએ તે નિયમતત્વ જેની સત્તા આ પ્રમાણે પોતાની મેળેજ દેખાવ દેછે, તે પરમાત્મામાં પૂર્ણ રીતે હોવું જોઇએ, અને પરમેશ્વરના નિયમ તેના પ્રેમમાંથી ઉત્પન્ન થએલા છે, તે ઉપરથી એમ અનુમાન થાય છે કે તેના નિયમ પાળવા તે તેના પ્રેમમાં વાસ કરવા જેવું

છે અને તેના પ્રેમમાં વાસ કરવો તે તેની અંદરજ વાસ કર્યા બરોબર છે.

ફરી ફરીને ટાંટીઆ સુજી ગયા, અને મહેનતથી માણસ થાક્યો, ત્યારે આખરે તેના મનમાં એમ આવ્યું કે આપણા બધાનો પિતા તથા પરમેશ્વર એક છે, અને તેજ આકાશ, પૃથ્વી, તથા દૃશ્યને અદૃશ્ય પદાર્થોનો સૃજનાર છે, અને તે એમ માનવા લાગ્યો કે ખરા અંતઃકરણથી પરમેશ્વરને ચહાવો તે બધા અગ્નિમાં નાખેલ ભોગને બલિદાન કરતાં ચઢે છે. આવીજ કોઇ રીતથી માણસ આવા સર્વોત્કૃષ્ટ સિદ્ધાંતપર આવ્યો, પણ ઘણા માણસોમાંથી ફક્ત થોડાનેજ આ ભાગ્ય મળ્યું છે ઘણુ ખરા લોક તો હજુ પણ ઘણા દેવોને પૂજે છે, તે દેવ સારા નઠારા અથવા બેપરવા હોય છે. જ્યાં એક ઈશ્વરમાં માણસની આસ્થા બેઠી, ત્યાં પણ તે છતાં માણસના રૂપ પ્રમાણે ઈશ્વરના સ્વરૂપનો મનમાં પ્રથમ વિચાર થવા લાગ્યો. જે લોક ઉત્તરના થંડા મુલકમાં વસે છે તેઓએ તેને ગર્જના કરનાર શક્તિરૂપે માન્યો. અને શાંત જળને કિનારે આવેલા તડકાવાળા દક્ષિણના લોકોને તે કાંતિવાન સ્વરૂપે



જણાયો, ને આત્મિકશક્તિમાં બળવાનને વ્યવહારમાં કઢંગા એવા સપાટ મુલકમાં રહેનારને ઈશ્વર વાયુદેવની પાંખો ઉપર ચાલનાર અને માણસના મનોભાવ તથા વિકારવાળો દેખાયો.

ઇશ્વર વિષે સર્વોત્કૃષ્ટ વિચાર શિખવવા સારૂ સુંદર એથેન્સની કુંજમાં ફરનાર મહાન તત્વ વેત્તાઓની, તથા તેમના કરતાં પણ શ્રેષ્ઠ એક મહાત્મા ઇસુખ્રિસ્ત જે સમેરીઆના કુવા પાસે થાકીને બેઠો હતો તેની જરૂર હતી.

અને તોપણ ઇતિહાસપરથી એમ જણાય છે કે બીજી બાબતોની પેઠે આ બાબતમાં પણ પ્રજાઓ પાછળ પડી ગઈ છે. ઈસ્રાઇલના છોકરાને પરમેશ્વર પાસેથી એવો હુકમ મળ્યો હતો કે કોતરેલી મૂર્તિ પૂજવી નહીં, છતાં તેઓએ ઇજીપ્તના પવિત્ર વૃષભની જે મૂર્તિ છોડીને તેઓ આવ્યા હતા તેવીજ બીજી કોતરાવીને તેની પૂજા કરી, તેમની માફક માણસો ઈશ્વરને ભૂલી ગયા છે.

પ્રથમ બતાવ્યું છે કે ઉન્નતિના આરંભમાં પાપાણયુગ આવે છે, અને હજારો વર્ષ ઉપર યૂરોપની એ યુગની દશા હતી. હજી પણ કેટલીક જંગલી

પ્રજાઓ એ દશામાં છે, અને તેજ પ્રમાણે એવી પણ પ્રજાઓ માલમ પડે છે, કે નિર્જીવ પદાર્થમાં સત્વ છે એવા છેક અધમ વિચારોથી તે અગાડી વધી નથી.

આપણે કેવા હતા તે સ્થિતિનું આપણને તેઓ ભાન કરાવે છે, અને આપણી સ્થિતિ એવી છે કે તેઓ કેવા થશે, તે એ પરથી જણાય છે, આમ માનતાં આપણને એવો ભરોસો ઉપજે છે કે પરમેશ્વરે કાંઈ પણ નકામું બનાવ્યું નથી, તેથી જંગલી ગરીબ તથા અજ્ઞાન લોકોને વગર દોષે અહીં જે જણાયું નથી, તે ઇશ્વર હવે પછી જણાવશે.

## (૩૪) અબ્રામ વિષે ત્રણ વાર્તાઓ.

અમુક વખતમાં સૌથી વધારે બુદ્ધિવાળા માણસો જે મત ધરાવે છે, તેજ સર્વોત્કૃષ્ટ મત હોય છે, તે કારણને લીધે એટલું તો સ્પષ્ટ છે કે દરેક જમાનામાં પોતાના જાતિ ભાઇઓ કરતાં વધારે દીર્ઘ દ્રષ્ટિવાળા, ને વિચારવંત, એવા કેટલાક માણસો હોય છે, કે જેઓ ખાવું, પીવું, ને પૈસા કમાવા કરતાં આ મોટી પવિત્ર જીદંગી કોઈ વધારે ઉમદા કામને માટે આપી છે, એમ જાણીને, પોતાના મનમાં એવા સવાલ પુછે છે, કે આપણો જન્મ શા માટે થયો



છે? આપણે કઈ તરફ જઇએ છીએ? અને આપણી આસપાસ જે જે વસ્તુ નજરે પડે છે તે બધી ક્યાંથી આવી? આવા પવિત્ર માણસોનાં જે આચરણ પૃથ્વીને ભૂષણરૂપ થયાં છે, તેઓ વિષે અને સત્યનું શોધન અર્થાત ઇશ્વરના શોધન વિષે જે જે ડહાપણ ભરેલા ને સુંદર વિચાર તેઓ દર્શાવી ગયા છે, તે વિષે હવે પછી તમારા જાણવામાં આવશે. પણ મારે મારૂં આપેલું એક વચન પાર પાડવું છે, અને આ માણસોમાંના એક વિષે થોડુંક વિવેચન કરવાની મારી ઇચ્છા છે, કે જે માણસ ઇતિહાસિક વખતમાં પહેલ વ્હેલો થઇ ગયો, ને જેના વિષે એવું ધારવામાં આવ્યું છે, કે એકજ પરમેશ્વર પર આસ્થા રાખવાનો સિદ્ધાંત તેણે ગ્રહણ કરી લીધો, અને બીજાઓની મારફતે તેણે આપણને તે આસ્થા આપી છે.

જેના માટે મારે કહેવાનું છે તેનું નામ અબ્રામ હતું તે ચેલડીઆ નામના મુલકનો રહીશ હતો. પૂર્વ તરફના એ પ્રદેશના વાદળ રહિત આકાશે, તે દેશમાં વસનારાને સૂર્ય, ચંદ્ર, તથા તારાઓના અતિ આનંદ દાયક અભ્યાસ કરવાને પ્રેરણા કરી. અને તેઓ એમની ઉપાસના કરતા એટલુંજ નહીં, પણ

તેપરથી માણસના ભવિષ્યનું કથન કરવા માટે તેઓ પ્રયત્ન કરતા હતા.

એક પ્રાચીન ઇતિહાસ કર્તા લખે છે, કે દરેક ચૈલડીયન તેના જન્મ વખતે જે ગ્રહ અથવા તારા દેખાતા હોય, તેના નિશાન વાળી મુદ્રા તથા દંડ રાખતો હતો. કેટલાકનું એમ કહેવું હતું કે ઉર શહેર, જેમાં અબ્રામ જન્મ્યો હતો, તે સૂર્યોપાસનાનું મુખ્ય સ્થાન હતું અને તે ઉપર શબ્દનો અર્થ અગ્નિ, અથવા તેજ થાય છે. આપણે બીન હરકતે એમતો કહી શકીએ, કે અબ્રામે પોતાની બાલ્યાવસ્થા સૂર્યની ઉપાસના કરનારામાં ગાળી હતી. અને તેના નામને એકલા યાહુદીઓ માન આપે છે, એટલુંજ નહીં, પણ ઈરાનીઓ તથા મુસલમાનો પણ આપે છે, તે જાણીને તમને રસ પડશે. કેટલાક જુના ગ્રંથોમાં એને વિષે જે કેટલીક કથાઓ કાયમ રહી છે, તેમાંની કેટલીક નીચે મુજબ છે.

અબ્રામનો બાપ તેહેરા મૂર્તિઓ બનાવી વેચવાનો ધંધો કરતો હતો. એક દિવસ ઘર છોડીને તેને જવાનું થયું, તેથી તેણે પોતાનું કામ અબ્રામને સોંપ્યું. એક વૃદ્ધ માણસ ત્યાં આવ્યો, ને એક



મૂર્તિની કીમત પૂછી. અબ્રામે પૂછ્યું હે ડોસા! તારી ઉમ્મર કેટલી છે? તે ડોસાએ જવાબ દીધો કે ૩ કોડી વરસ. અબ્રામે કહ્યું કે હેં "ત્રણ કોડી વર્ષ"? અને મારા પિતાના ગુલામોએ થોડી ઘડીમાં બનાવેલી વસ્તુને શું તું પૂજવા ઇચ્છે છે? એતો ઘણું અજાયબ જેવું છે કે તારા જેવો ધોળા વાળવાળો સાઠ વર્ષનો માણસ આવા બનાવેલા પૂતળાને મસ્તક નમાવે. તે માણસના મોંપર શરમના શેયડા પડ્યા, ને ત્યાંથી ચાલ્યો ગયો. બાદ એક ગંભીર દેખાવવાળી સ્ત્રી દેવોને સારૂ ભોગ લઇને આવી. અબ્રામે તે સ્ત્રીને કહ્યું, કે તે ભોગ દેવોને તું તારે હાથેજ આપ, એટલે તે કેવા લપલપ ખાઇ જાય છે તે તારા જોવામાં આવશે. તેપરથી તેણે તે ભોગ પોતાને હાથેજ ધરાવ્યો. અબ્રામે પછી હથોડો લઇને મોટામાં મોટી મૂર્તિ સિવાય તમામ મૂર્તિઓ ભાગી નાંખી, ને તે મોટી મૂર્તિના હાથમાં તેણે હથોડો મૂક્યો, એટલામાં તેહેરા પાછો આવ્યો, ને ગુસ્સે થઈ પૂછવા લાગ્યો, કે કીયા નાસ્તિક ચંડાળે દેવોને આ પ્રમાણે અપમાનિત કરવાની હિમ્મત ધરી છે? એટલે અબ્રામ બોલ્યો, કેમ? તમારી ગેરહાજ-

રીમાં એક સ્ત્રીએ પેલી પ્રસાદી દેવોને ધરાવી, અને નાના દેવો તે ખાવા લાગ્યા, એટલે વૃદ્ધ દેવ તે નાના દેવની હિમ્મત જોઈ કોપાયમાન થઇને ઉઠયો, ને તેણે એક હથોડો લઈ બધા દેવોના ચુરેચુરા કરી નાંખ્યા.

તેહેરાએ કહ્યું; શું તું તારા વૃદ્ધ પિતાની મશ્કરી કરે છે? શું હું જાણતો નથી, કે તેઓ ખાઇ શકતા નથી, તેમ હાલી પણ શકતા નથી. અબ્રામે કહ્યું, ને તેમ છતાં તમે તેમની પૂજા કરો છો, અને મારી પાસે પણ પૂજા કરાવવાની તમારી મરજી છે. તે વાતમાં વળી એમ કહેવામાં આવ્યું છે કે તેહેરાએ ગુસ્સે થઇને અબ્રામને તેના આ ગુન્હાની તપાસ માટે રાજાને ત્યાં મોકલ્યો. નીમરૉડે અબ્રામને પૂછ્યું કે જો તારા બાપની મૂર્તિઓનું પૂજન કરવાની તારી મરજી ન હોય તો અગ્નિની પ્રાર્થના કર. અબ્રામે કહ્યું અગ્નિને હોલવી નાંખનાર જળની પ્રાર્થના કેમ ન કરૂં.?

**નીમરૉડે** કહ્યું ત્યારે એમ કર. જળની પ્રાર્થના કર.

**અબ્રામ**—પણ જળને ધારણ કરનાર વાદળાં છે, તો વાદળાંની પ્રાર્થના કેમ ન કરૂં?



**નીમરૉડ**--બહુ સારૂ ત્યારે વાદળાની પ્રાર્થના કર.

**અબ્રામ**--પવન વાદળાંને હાંકી કાઢે છે, ત્યારે તેની શા માટે ન કરૂં?

**નીમરૉડ**--ત્યારે ભાઈ પવનની પ્રાર્થના કર.

**અબ્રામ**--હે રાજા ગુસ્સે થશો માં. દેવતા, જળ, વાદળ, અગર પવનની હું પ્રાર્થના કરી શકતો નથી. પણ જે સૃષ્ટિએ તે બનાવ્યાં છે તે એકલાનીજ હું ઉપાસના કરીશ.

બીજે પ્રસંગે જે ગુફામાં અબ્રામ રહેતો હતો, તેમાંથી નિકળીને તે અરણ્યની સપાટી ઉપર ઉભો રહયો, અને જ્યારે તેણે સૂર્યને પૂર્ણ પ્રતાપથી પ્રકાશમાન જોયો, ત્યારે તેને અચંબો થયો, ને તેને વિચાર આવ્યો, કે ખરેખર સૂર્ય એજ સૃષ્ટિનો કર્તા પરમેશ્વર છે, અને તેણે નીચા પડીને સૂર્યનું પુજન કર્યું.

પણ સાંજ પડી ત્યારે સૂર્ય પશ્ચિમમાં અસ્ત પામ્યો, એટલે અબ્રામે કહ્યું, નહીં. સૃષ્ટિનો કર્તા અસ્ત પામી શકે નહીં. પછી પૂર્વમાં ચંદ્રમા ઉગ્યો, અને આકાશમાં તારાઓ દેખાયા. ત્યારે અબ્રામે કહ્યું એશક આ ચંદ્રમાજ ઇશ્વર હોવો જોઇએ, આ બધા

તારાઓ તેનું સૈન્ય હોવું જોઇએ. એમ ધારી ધુંટણીએ પડી તેણે ચંદ્રનું પૂજન કર્યું પણ ચંદ્રમાએ અસ્ત પામ્યો, અને પૂર્વમાં સૂર્યની તેજસ્વી આકૃતિ ફરીને પાછી દેખાઈ, ત્યારે અબ્રામે કહ્યું, ખરેખર આ આકાશના મંડળો કાંઇ દેવ નથી, કેમકે તે પણ કાયદાને વશ છે. તે જેના કાયદાને વશ છે તેનુંજ હું પૂજન કરીશ.

## (૩૫) ભવિષ્ય સ્થિતિ (પરકાળ) વિષે મનુષ્યની શ્રદ્ધા.

ભૂત અને સ્વપ્ના વિષેના જંગલી વિચારો પરથી, તથા સ્મશાન ક્રિયા વખત પળાતી રૂઢિઓ પરથી એમ જણાય છે કે બીજી જીંદગી વિષે માણસનો ગમે તેવો ઢંગ ધડા વગરનો વિચાર હોય, તોપણ સૌથી પ્રથમના કાળથી તે માનતો આવ્યો છે, કે મૃત્યુને લીધે જ્યારે શરીર થંડુ અને શિથિલ થઈ જાય છે, ત્યારે આત્મા, પ્રાણ, અથવા પ્રેત, બીજે કોઈ ઠેકાણે વાસ કરવાને સીધાવે છે ને જે ધન્ય અવસ્થામાં સારા માણસને સુખ આપવામાં આવે છે, ને જ્યાં ઘણા વખત ઉપર જે મિત્રો ઉપર પ્રથમ આપણો પ્રેમ હતો, ને જેઓ આપણાથી કેટલોક



વખત થયાં વખુટા પડી ગયા છે, તે આપણને હસ્તા મુખારવિંદથી વધાવી લેશે. તે સ્થિતિ કેવી છે, તે વિષે વિચાર બાંધવાને સર્વોત્તમ તેમજ ઘણીજ અધમ પંક્તિના માણસોએ પ્રયત્ન કીધો છે. અથવા જ્યાં દુઃખ અને નિરાશા વસતાં હશે એવું નરક કોના જેવું હશે, તે બાબત પણ વિચાર બાંધવાને તેઓએ પ્રયત્ન કર્યો છે. આત્માનું શું થાયછે, તે બાબત આશ્ચર્ય પામીને માણસના મનમાં એમ આવ્યું, કે જ્યાં આગળ તે એકવાર રહેતો હતો, ત્યાં તે ભમ્યા કરે છે, અથવા તે કોઈ બીજા દેહમાં પ્રવેશ કરે છે, અગર કોઈ પ્રાણીમાં પ્રવેશ કરે છે, ને ત્યાર બાદ ક્રમાનુસારે ઉત્તમ ઉત્તમ ખોળીઆમાં પેસીને છેવટે દેવોના નિવાસસ્થાન સુધી પહોચી જાય છે.

સુખીઆ માણસોના આશ્રમના ઘણા દુરના ટાપુમાં, અથવા તડકાવાળી, ઉંડા ઘાસવાળી, સુખી બાગવાળા મેદાનોથી અને સુખ કરતા તે જળનિધિ નીચે આવેલી ઘટાવાળી ગુફાઓથી સુંદર દેખાતી ભૂમિમાં અગર સૂર્ય અસ્ત પામવાની પશ્ચિમ દિશામાં, અગર સૂર્ય, ચંદ્ર, અને તારામાંજ સ્વર્ગ છે, એમ મનુષ્યે ધાર્યું છે. સ્વર્ગનુ રૂપ પૃથ્વીના નમુના પ્રમાણે ધારવામાં આવ્યું છે.

સારૂં યા નઠારૂં જે બધું અહીં તેને ગમે છે, તે તમામ ત્યાં તેને પુષ્કળ મળશે, એવી તે ઉમેદ રાખે છે. તેમજ અહીં જેની બીક લાગતી હોય તે બધું ત્યાં તેની નજરે પડે નહીં એવું તે ઇચ્છે છે.

સ્વર્ગ વિષેનો જંગલી માણસનો અભિપ્રાય કોરે મૂકીએ તો તે વિષે અત્યુત્તમ અને અતિ તેજોમય મત એ છે, કે પૃથ્વી પર દરેક જગોએ નમ્ર થઈ પ્રાર્થના કરવાને લાયક સ્થાન છે, એમ માનવું અને કર્ત્તવ્યની પવિત્રતાનો અનુભવ કરવો, અને તેમ કર્યા પછી આપણા માનવામાં આવશે કે જે અહીં આપણા જાણવામાં સૌથી વધારે ઉત્કૃષ્ટ ઉમદા, અને સારૂં છે તે બધું આપણને સ્વર્ગમાં મળશે, પછી તે સ્વર્ગ ગમે ત્યાં હોય. પરમેશ્વરે રચેલી દુનિઆઓ એક બીજા સાથે આ પ્રમાણે નિકટ સંબંધે જોડાએલી છે, એવા વિચારનું સુંદર બ્યાન ઇરાની લોકોના એક જુના ધર્મપુસ્તકમાં આપેલું છે. તેમાં એક સારા માણસના આત્માનું એવું બ્યાન કર્યું છે કે તેની સામે બીજી દુનિઆમાં એક મનમોહક અને અતિ સુંદર શરીરવાળી ઉમદા તથા તેજસ્વી આકૃતિની ૧૫ વર્ષની કુમારિકા આવે



છે. પછી તે પવિત્ર માણસનો આત્મા તે કુમારિકાને પૂછે છે, કે શરીર આકૃતિમાં ઘણીજ ખુબસુરત હું તને દેખુંછું, તે તું કોણ છે? તેણે જવાબ આપ્યો, કે હે! યુવક હું તારા સદ્‌વિચાર, તારા સદ્‌વચન, ને તારાં સદાચરણ છું, તથા તારા પોતાના શરીરમાં જે સતનિયમ હતો તે હું છું. તેં મારા સંબંધે આનંદદાયક વસ્તુને વધારે આનંદદાયક અને સુંદર વસ્તુને વધારે સુંદર કરીછે.*

આપણને બધાને સ્વર્ગ વિષેનાં સ્તોત્ર વાંચવાં ગમે છે. તેથી તમે કદી નહીં જોયું હોય એવું એક સ્તોત્ર તમારા મોં આગળ રજુ કરૂંછું. તે હજારો વર્ષ ઊપર કોઇ આર્ય મહાત્મા લખી ગયો છે. અને તે પદ્યબંધ અવિનાશી સૂરથી ભરપૂર છે.

જ્યાં શાશ્વત પ્રકાશ છે, જ્યાં સૂર્યનું સ્થાન છે, તે અમર અવિનાશી દુનિઆમાં હે સોમ તું મને મૂક.

જ્યાં વૈવસ્વત રાજા રાજ્ય કરે છે, જ્યાં સ્વર્ગ-

---

*આ સુંદર વાર્તા મી. ટાઇલરના "પ્રિમિટિવ કલચર" નામના પુસ્તકમાં આપી છે. એ પુસ્તક બહુજ અભ્યાસ કરવા યોગ્ય છે.

નું ગુપ્ત સ્થાન છે, જ્યાં આ મહાન જળ નિધિઓ છે, ત્યાં મને અમ્મર કર.

જ્યાં જીંદગી સ્વતંત્ર છે, સ્વર્ગમાંના ત્રીજા વર્ગમાં જ્યાં દુનિઆઓ તેજોમય છે, ત્યાં મને અમર કર.

જ્યાં ઇચ્છા ને તૃષ્ણાઓ છે, જ્યાં તેજસ્વી સૂર્યનું સ્થાન છે, જ્યાં સ્વતંત્રતા અને ખુશાલી છે, ત્યાં મને અમર કર.

જ્યાં સુખ ને આનંદ છે, જ્યાં આનંદ અને ગમત નિવાસ કરે છે, જ્યાં આપણી ઇચ્છાની ઇચ્છાઓ પાર પડે છે, ત્યાં મને અમર કર.

## ૩૬. ધર્મ પુસ્તકો.

જો આ ચોપડીમાંથી તમને બીજા કશાનું જ્ઞાન થયું નહિ હોય, તો મને આશા છે કે એટલું તો તમારા જાણવામાં આવ્યું હશે, કે પરમેશ્વર વિષેના માણસના જુદા જુદા મત વિચારમાં લેવા યોગ્ય છે.

આ દુનિઆમાં આપણામાંના થોડાજ ૬૦ કે ૭૦ વર્ષ કરતા વધારે જીવવાના છે. અને ખાવા પીવામાં તથા ઉંઘવામાં જે વખત જાય છે, તે બાદ કરીએ તો જે દુનિઆમાં વસવાને આપણને મોકલ્યા છે, તે વિષે થોડું જ્ઞાન પણ મેળવવાને માટે



જેટલો વખત જોઇએ તેટલો પણ રહેતો નથી. આસ પાસની ખુબ સુરતી, તથા ગુપ્ત ભેદ ઉપર બીજા લોકોએ કેવું અવલોકન કર્યું છે, અને તેથી તેમના અંતઃકરણ ઉપર શી શી અસર થઈ છે, તે વિષે વિચાર કરવામાં આપણે કેટલોક જુજ વખત ગાળીએ છીએ તે એક ડહાપણનું કામ છે.

થોડા વખત ઉપર સારા દીલવાળા માણસો, એમ ધારતા હતા કે દુનિઆના જુદા જુદા ધર્મ વિચાર પાત્ર નથી, અથવા તો તેઓ એ ધર્મનો અભ્યાસ કરતા, તો તે એટલાજ માટે કરતા, કે ખરી અને સાચી વાતો ઉપર માણસને કેવો તિરસ્કાર છે, તે એ ધર્મમાંથી જણાઈ આવે છે એમ તેઓ માનતા.

પણ વધારે ડાહ્યા અને વિચારવંત માણસોને એમ લાગ્યું કે આપણે તે ધર્મોને સમજવા પ્રયત્ન કરવો જોઇએ અને પરમેશ્વર વિષે, વિશાળ સૃષ્ટિ વિષે, જન્મ, તથા મરણ વિષે, જે જે સવાલ આપણા મનમાં ઉત્પન્ન થાય છે, તે તે સવાલનું નિરાકરણ બીજાઓએ કેવી રીતે કર્યું છે, તે જાણવું જોઇએ. આ નિરાકરણ ઝાંખુ અને મંદ હશે તોપણ એથી વધારે સારૂં મળ્યું નથી, માટે તે આપણા આદરને

પાત્ર છે. બીજા ધર્મ ખોટા કરી કાઢવાથી આપણા ધર્મને આપણે કાંઈ વધારે સાચો કરતા નથી, તેમજ અન્ય ધર્મમાં જે સારૂં છે, તેનો સ્વીકાર કરવાથી, આપણા ધર્મની કીમત ઓછી થતી નથી; અને બીજા કેટલાક ધર્મનાં પુસ્તકો આપણા કરતાં વધારે જુનાં છે, ને જેમાં હજુ પણ કરોડો માણસોની આસ્થા છે, તે વિષેના ઉપર ચોટીઆ જ્ઞાન ઉપરથી પણ આપણા જાણવામાં એમ આવે છે, કે તે મનુષ્યોમાં પણ ઇશ્વર કદાપિ સાક્ષી ભૂત થયો નથી એમ નથી. તે ધર્મ પુસ્તકો ઇશ્વરના અમૃત વચન છે, એમ તેઓ માને છે, ને ખ્રીસ્તીઓને જેટલું તેમનું બાઇબલ પ્રિય છે, તેટલાંજ પ્રિય તે તેમને છે. જે જે નિયમો પાળવાને તેમને આજ્ઞા કરવામાં આવી છે, તે તે નિયમ તેમાં છે, ને તેમનાં સ્તોત્ર પ્રાર્થનાઓનો ભાવાર્થ એટલો ઉંડો છે, કે તે કાળાનુંસારેજ સ્થાપિત થાય. અને કોઇ નવા શબ્દોમાં એવો ભાવાર્થ આવી શકે નહીં. એ વાત ખરી છે, કે તે પુસ્તકમાં ઇશ્વર વિષે કેટલીક ગાંડી વાર્તાઓ, પુરાણ કથાઓ, તથા જંગલી વિચારો છે, પણ એવું કોઈ જુનું પુસ્તક નથી, કે જેમાં આવી વાતો ન હોય, અને



સત્યનો જે ભંડાર તેમાં ભરેલો છે, તે ભંડારનું સત્ય કાંઈ તેમાંની ભૂલોથી ઓછું થતું નથી. ઉકરડામાંથી હીરો હાથ લાગે છે માટે તે હીરો મટી જતો નથી.

પૃથક પૃથક પવિત્ર લેખોનું હું તમને વર્ણન આપવા બેસું, તો મુખ્યત્વે કરીને ઘણા લાંબા નામોની એક ટીપ ભરાય, અને તેથી તેના કરતાં વધારે સારૂં તો એ છે કે તેમાંથી કેટલાંક સ્તોત્ર અને કીર્તનો ઉતારી તેમાં શું કહ્યું છે તેનું સત્ય શાબીત કરવું.

બ્રાહ્મણોના ઘણા પ્રાચીન પવિત્ર ગ્રંથમાંથી સ્વર્ગ વિષેનું ઉપરનું સ્તોત્ર મળી આવે છે, તેમાંથીજ એક બીજું સ્તોત્ર અહીં નીચે લખ્યું છે.

**પ્રથમ સોનેરી પ્રકાશનું મૂળ ઉત્પન્ન થયું.**

જે બધું છે તે તમામનો તેજ એકલો જન્મ પામેલો પ્રભુ હતો. તેણે પૃથ્વી અને આકાશને સ્થિર કર્યાં. જેને આપણા બળીદાનો આપવાનાં છે એવો ઇષ્ટદેવ કોણ છે?

તે કે જે જીવન આપે છે, તે કે જે બળ આપે છે, જેના આશિર્વાદની સર્વે તેજસ્વી દેવતાઓ આકાંક્ષા રાખે છે, જેનો પડછાયો અમૃતતત્વ છે, અને જેનો પડછાયો મૃત્યુ છે.

આપણે જેને આહુતી આપવાના છીએ, એવો દેવ કોણ છે?

તે કે જે પોતાની સત્તા વડે આ શ્વાસોશ્વાસો લેતી અને જાગતી દુનિઆનો એકલો રાજા છે. તે કે જેની સત્તાનો આ હિમાલય પર્વતો, મહાસાગરો અને દૂરની નદીઓ પોકાર કરી રહ્યાં છે.

તે કે જેની સત્તા વડે સ્વર્ગ તો શું પણ સર્વોત્કૃષ્ટ સ્વર્ગ સ્થપાયું, તે કે જેણે હવામાં તેજને માપી નાંખ્યું.

આ સ્તોત્રરૂપ પ્રાર્થના તેજ ગ્રંથમાંથી છે. જે વરૂણદેવની આ સ્તોત્રમાં પ્રાર્થના કરવામાં આવી છે, તે તેમનો એક મુખ્ય દેવ હતો. એ વરૂણ શબ્દનો અર્થ આસપાસ ફરીવળનાર એવો થાય છે.

અરે વરૂણ! હજુ મને મૃતિકાના ગૃહમાં પ્રવેશ કરાવીશ નહીં. હે સર્વ શક્તિમાન દયા કર!! દયા કર!!

નિર્બળતાથી મેં પાપ કર્યું છે, સર્વ શક્તિમાન દયા કર! દયા કર!

ઓ વરૂણદેવ! સ્વર્ગવાશી મંડળ સમક્ષ અમે માણસો જ્યારે જ્યારે અપરાધ કરીએ છીએ, જ્યારે જ્યારે અવિચારથી અમે આજ્ઞાનું ઉલ્લંઘન કરીએ છી-



એ, ત્યારે ત્યારે હે સ શક્તિમાન! દયા કર! દયા કર. !

બૌધ ધર્મના લોકોના એક પવિત્ર ગ્રંથમાંથી અત્રે કેટલીક શિખામણો ટાંકી છે. જે ખ્રીસ્તી ધર્મના "સુંદર કહેવતના પુસ્તકમાં" યોગ્ય જગાએ મૂકાય એવી છે.

"સત્યવડે અસત્યને, ભલાઇવડે બુરાઇને, અને નમ્રતાથી ક્રોધને જીતો.

બીજાના દોષ ખોળી કાઢવાની ઇચ્છા રાખશો માં પણ તમારા પોતાનાજ દોષ થાય નહીં તેને માટે સાવચેતી રાખજો.

જે રણસંગ્રામમાં હજારોને જીતે છે, તેના કરતાં જે પોતાની વૃત્તિઓ વશમાં રાખે છે, તે વધારે મોટો યોદ્ધો જાણવો.

સદ્ગુણીને સર્વ પવિત્ર છે તેથી નવસ્રા ફરવાથી, ઉપવાસ કરવાથી અથવા ભૂમિપર સુવાથી, અપવિત્ર પવિત્ર થાય છે, એમ કદી ધારશો નહિ. કેમકે મન તો હજુ તેનું તેજ રહે છે.

મારા માનવામાં એમ આવે છે કે ઇસુખ્રીસ્ત દરેક બ્રાહ્મણ અને બૌધ જે આ શિખામણો પાળવાને યત્ન કરતા તેમને "તું પરમેશ્વરના રાજ્ય-

થી દૂર નથી." એવા શબ્દો જે યાહુદી વકીલના કાનપર પડ્યા તેવા શબ્દો કહેશે.

## ૩૭ સમાપ્તિ.

રાજાઓના રાજ્યની શરૂઆતની, તેમના મરણની, તથા પ્રખ્યાત લડાઇઓની સાલોથી ઇતિહાસો વારંવાર એટલા ભરપૂર હોય છે કે હું ખાતરીથી કહું છું કે મનુષ્ય જાતિનો આ પ્રાચીન ઇતિહાસ એકે તારીખ વિનાનો હોવાથી જરા ગોટાળા ભરેલો ને અસ્પષ્ટ લાગશે.

પણ આપણે તો એટલા બધા મોટા યુગોનુ વર્ણન કરતા આવ્યા છીએ, કે આપણામાંનો કોઈ સમજી ન શકે એવા સાલવારના આંકડા મેં આપ્યા હોત, અને મીડાં ચઢાવીને આસરેથી વરસ ટપકાવ્યાં હોત તો તેથી વળી વધારે ગોટાળો થાત.

આ નાનકડા પુસ્તકની શરૂઆતના પાનામાં મેં કહ્યું છે, તે પ્રમાણે પ્રકાશના આરંભના સમય વિષે વિવેચન કરવાનો મારો પ્રયાસ છે, ચાલતા સુધી મેં થોડીજ અટકળ બાંધી છે, અને હાડકાં, ચકમકનાં ચપ્પાં, ધાતુનાં શસ્ત્ર ચિત્ર લેખન, શબ્દો, અને બીજી વસ્તુઓ જે વાર્તાનું સૂચન કરે છે તે વાર્તા



ને મેં સાધારણ અક્કલથી વર્ણવેલી છે, અને ધીમે ધીમે પણ નક્કી થતો જે સુધારો કાળના આરંભમાં શરૂ થયો, અને કાળના અંતસુધી થયા કરશે તે સુધારા સિવાય આ વાતોમાં બીજું કાંઈ નથી.

મને તે વાત જેટલી ખુબ સુરત અને મન મોહક લાગે છે, તેટલીજ તમને લાગે એવું મેં કર્યું હોત તો સારૂ થાત, પણ સમૂળગી ન કહેવી તેના કરતાં જેમ તેમ પણ કહી નાંખવી, તે વધારે સારૂ છે. કેટલાક ધારે છે તેમ પદાર્થ વિજ્ઞાન શાસ્ત્રની વાતો રસ વગરની નિર્જીવ નથી તેઓ સજીવ વસ્તુઓની છે, અને જે માણસ તે લક્ષ પૂર્વક સાંભળે છે, તેના કાનને મધુરમાં મધુર રસિક કાવ્યનું શ્રવણ થાય છે, અને જે લોક તેમને જુએ છે તેમની આંખોને કદી કરમાય નહીં એવા સુંદર અને મળતા રંગો દેખાય છે.

તેઓ આપણને નિરંતર ઉત્તમ સુખ આપે છે એટલુંજ નહીં, પણ હજારોને તે રોટલો, તનદુરસ્તી, તથા સુખ, આપે છે. જો તેમને તે વસ્તુઓનું જ્ઞાન ન હોત, તો તેઓએ દુઃખદાયક જીંદગી ભોગવી હોત. પદાર્થવિજ્ઞાનશાસ્ત્રની એક શાખાનો અભ્યાસ

કરવામાં અમુક વખત ગાળવાની હું તમને સારી સલાહ આપુછું. આશ્ચર્ય, ખુબસુરતી, અને સત્યને માટે ગમે તે શાખાનો અભ્યાસ કરો, તો તેમાં કાંઈ બાધ નથી, કેમકે ખગોળવિદ્યા, વનસ્પતિશાસ્ત્ર, રસાયણસાસ્ત્ર, ભુસ્તરશાસ્ત્ર, એ બધામાં ઉપલાં વાંનાં એટલાં બધાં સરખી રીતે સમાયેલાં છે, કે તેમનો અભ્યાસ કરવાને જીંદગી બહુ ટુંકી પડશે.

આ પ્રમાણે જેના મનમાં જ્ઞાનનો ભંડાર છે, તેનો ઘણો વખત આળસમાં નહિ, પણ રસમય ગમતમાં જશે. તારાના તેજથી પ્રકાશિત ઘણી રાત્રીઓ, જેના ઉપર બીજો કોઈપણ ધ્યાન નહિ આપે, તે રાત્રીઓમાં તે પરિચિત પ્રકાશ જોશે. ધ્યાન ન આપનાર માણસને જે કુદરતી દેખાવ બેડોળ અને ઢંગધડા વગરનો લાગશે, તેજ દેખાવ તેને કર્તાના હાથથી કરેલી સુંદરતાની રેખાઓથી ભરપૂર લાગશે. અને મારા ધારવા પ્રમાણે આ પુસ્તકમાં બતાવ્યું છે, તેમ જો ઇશ્વરે એમજ નિર્માણ કર્યું હોય, કે માણસનો સુધારો ઘણું કરીને તેજ પોતાનાજ યત્ન ઉપર આધાર રાખે છે, તો જે જે કાર્યથી તે સુધારાને વિઘ્ન આવે તેવાં કાર્ય ન કરવાને માટે આ-



પણે ઘણા સાવધ રહેવું જોઇએ. જ્યારે આપણે આપણા જ્ઞાનનો સારી રીતે અને ડહાપણથી ઉપયોગ કરીએ, અને વળી એમ પણ જાણીએ કે એકલા જ્ઞાનથી કાંઇ જીંદગીનુ સાર્થક થતું નથી, ત્યારેજ તે જ્ઞાન આપણું શ્રેય કરશે. જે વસ્તુઓ આપણે જોઇએ છીએ તેમને વાપરતી વખતે દૃશ્ય વસ્તુના જ્ઞાનની સાથેજ અદૃશ્યમાં આસ્થા હોય તો દૃશ્ય વસ્તુનું જ્ઞાન ને અદૃશ્ય વસ્તુમાં આસ્થા એ બંને જીંદગીને સુખી અને ધન્ય કરે.

"ઇશ્વર તને યૌવન એકજવાર આપે છે. જે બાળક સમ નિર્દોષ હૃદયથી ઇશ્વરનું રાજ બનેલું છે, તે હૃદય જાળવી રાખજે, અને આત્માની દૃષ્ટિ શુદ્ધ રાખજે, કે ડહાપણને રસ્તે જતાં તને હમણા પણ ઇશ્વિરનું કૃપામય મુખ દેખાય."

Smt. HANSA MEHTA LIBRA
BARODA

This book may be kept 15 days

NOT TO BE ISSUED

SMT. HANSA MEHTA LIBRARY, BARODA
RARE BOOK COLLECTION
UNIVERSITY LIBRARY

NOT TO BE ISSUED

NOT TO BE ISSUED

7 CB
63
.C5D8

G. 12239